ગુમાયલી ગુલનાર

યાને

માશુકે રહજ઼ન

ગુમાયલી ગુલનાર

યાને

માશુકે રાહજ઼ન

ઇરાની સંસારની એક રસીલી વાર્તા.

લખનાર:–ડી. જે. માહન B. A.

૧૯૧૩

બે બોલ.

આ નાનકડું વાર્તાનું પુસ્તક "ફિરદોસ"ની આઠમાં સાલની ભેટ તરીકે તેના વહાલાં ગ્રહાકોને નજર કરતાં ખુશહાલી ઉપજે છે. કેટલાંક વર્ષોથી નિયમીત હર સાલ ગ્રહાકોની સેવામાં એકાદ ભેટ ધરવાનું હમોએ ચાલુ રાખ્યું છે, અને જાણીને અમને સંતોષ છે કે તેની પુરતી કદર ગુજરાતી સાહિત્યના ગુણી વાંચક વર્ગ તરફથી થતી આવી છે. આ વાર્તાના લખનાર મી૦ માદન એક ગ્રેજયુએટ ગ્રહસ્થ છે, અને કાંઈક વર્ષો ઉપર એ વાર્તા એઓએ લખી હતી, જે આજે પુસ્તક આકારમાં હસ્તીમાં આવી છે. એઓની બિન હાસલ મેહનત માટે અમો ખરેજ એમના ઉપકારી છીએ.

"ફિરદોસ"

આ પુસ્તક ડાયમંડ પ્રિન્ટિંગ વર્કસ, ૮૪, હોર્નબી રોડ, કોટ, મુંબઇ
મધ્યે મી૦ નાદીર જે. ઇ. મોદીએ પોતાને માટે છાપી
એજ ઠેકાણેથી પ્રગટ કર્યું છે.

ગુમાયલી ગુલનાર

યાને

માશુકે રાહુજન

પ્રકરણ ૧ લું

શરૂઆત.

સવારે સાતેક વાગતાનો અમલ થવા આવ્યો હતો; આફતાબ પોતાના તેજસ્વી કીરણો રફતે રફતે વધુ અને વધુ જોરમાં ફેંકતો પોતાની નીયમીત મુસાફરી શરૂ કરી ચુક્યો હતો; ખુશનુમા નવેમ્બર મહીનાની આખેરીએ વધુ આવકારદાયક થઇ પડતાં સુર્યના આ કીરણો એક પછી એક નાની નાની ટેકડીઓ ઉપર જાણે કુદાકુદ કરી રહયા હતા.

આ પ્રમાણે જ્યારે એક બાજુએ નાની મોટી ટેકડીઓની હાર લાગી રહી હતી, ત્યારે બીજી બાજુએ એક ખુલ્લુ વીશાળ મેદાન નજરે પડતું હતું. આ મેદાનમાં સુર્યના આવા નજીવા તડકાંની કાંઇ પરવા ન કરતા, આશરે પંદર વીશ ઘોડાઓનું એક ટોળું અહીંથી તહીં છુટું ફરી પોતાનું મન રીઝવતું હતું. આ ઘોડાઓ ઉંચા અરબી તોખમના અને દેખાવમાં એક મેકને વીસરાવે તેવા હતા.

પણ આ કીંમતી ઉમદા પ્રાણીઓ આ જગાએ કાંઇ એકલા ન હતા. તેઓથી થોડે દુર આ ટેકડીઓની વચ્ચે જાણે ઘેરાઇ જઇ વીશેક માણસો કાંઇ મસલેહતમાં રોકાયલા હોય તેમ એક નાની જેવી દરબાર ભરીને બેઠા હતા. આ સઘલા આસામીઓના દેખાવનું વર્ણન કરવાની હાલ કાંઇ ઝાઝી અગત્યતા દીસ્તી નથી; પણ એટલુંજ કહેવું બસ થશે કે તેઓ સર્વ કદાવર દેખાવના અને મજબુત બાંધાના હતા. આ પીલતન મર્દોનું સઘળું ધ્યાન આ વખતે તેઓ વચ્ચે ચાલતી નીચલી ગુફ્તેગોમાં રોકાયલું હતું.

"અય જંગી પહેલવાનો, મારૂં અસલ નામ બેજન–બીન–નરીમાન છે." તેઓમાંના એક જવાન શખસે પોતાનો હેવાલ કહેવા માંડયો. "આસરે બે મહીનાની વાત ઉપર હું આએજ જગ્યાએથી જયારે નીકળ્યો ત્યારે તો સદંતર એકલો હતો, અને હવે, મારા બહાદુર વફાદાર રફીકો, મારા જેવા એક તદન બેગાના જવાનની સાથે શામિલ થવાની તમોએ હીંમત કીધી તેથી મને જો કે ઘણી અચરતી લાગે છે, તો પણ જયારે તમો મારા હયરતનાક ગુફામાં દાખલ થશો, ત્યારે ખચીતજ તમારા આ પગલાંથી દલગીર થવાને બદલે તમો દરેક જણ બેઓર વધુ ખુશી થશો. હવે આપણે મારા તે ગુફામાં દાખલ થઇ તેની બધી ખુબીઓથી માહીતગાર થઇએ તે અગાઉ એકમેકના હેવાલથી વાકેફ થઇશું તો સારૂં.

"મારા પ્યારા રફીકો, હું આબરૂદાર મા બાપનું ફરઝંદ છું. જે જીંદગી મને અખત્યાર કરવી ન ઘટે તે અંતે મને કબુલ રાખવાની ફરજ પડી છે. જો એક અજબ સંજોગ બન્યો ન હતે, જો મારી જીંદગીમાં એક ચોક્કસ નાર વચ્ચે આવી ન હતે, તો મને આય દેશવટો લેવો પડયો ન હતે, અને આજે અહીં હું એક લુટારાની ટોળીનો સરદાર

થઇને બેસ્તે પણ નહી. મગર નહી. મારાં કીસમતની કીસ્તીનું પાસું કંઇ ઓરજ ફરી બેઠું છે, કે જેથી કરીને આજ તમારા જેવા શેર મર્દોની સરદારી સહીત એક જાણીતો જોરેમંદ લુટારો થઇ પડ્યો છું.

અય મારા ખયરખવાહો, મારા દીલસોઝ દોસ્તો, મારી આ રગોમાં ઇરાની લોહી દોડે છે; મારી હુજ્જતને લીધે મને આ દેશવટો ભોગવવો પડે છે, પણ કાંઇ નહી, મારી મીઠી મતલબ છોડી દેવા કરતાં આવા સદ હઝાર દેશવટાઓ હું પસંદ કરીશ. મારી આ છાતીમાં ઉછળતી, મારી જીંદગીની એકજ મધુરી અને મમતાભરી, અસલ નેમ પાળ્યા વગર, મારૂં પ્યારૂં વેર લીધા વગર, હું બેજન–બીન–નરીમાન, ઝંપીને બેસનાર નથી. મને સતાવનારા–જલાવનારા અને મારી મીઠી પણોતી ઉમેદોને કચડી ભચડી નાખનારા નાતરસ મુજીઓને મારી આય લોખંડી તલવારનો તીખ્ખો સવાદ ચખાડ્યા સીવાય હું કદી રહેનાર નથી.

"મારો વફાદાર રફીકો, મારા પિદરે—હા મારા પોતીકા પિદરે–મને આય ફાની ખલકમાં રોશનીના દેખાડનાર ઘાટકી સંગદીલ પિદરે, મને, ખુદનાં લોહી માંસનાં બનેલાં ફરઝંદને, પોતાની દોલતના દોરથી દબાવ્યો છે, ઝરનાં જોરથી મને હેરાંન કીધો છે; પણ કાંઇ નહી. અગરચે મારા બગરગસ્તે સેતારાની ચાલથી હાલ તરત તેઓ ફાવી ગયા છે, તો પણ હું તેઓને હંમેશાં ફાવવા દેનાર નથીજ. હું મારી હીકમતના હલ્લા અને તલવારના તાબથી તે મુજીઓપર અંતે ફાવીશ; અને ખુદા કરશે તો તમો જેવા બહાદર વફાદારોની મદદથી આય ધરતીને આસમાન એક કરી હું મારાં ગળાંમાંનો અતિ માનીતો કીમતી હાર પાછો મેળવીશ; અને જ્યાં સુધી હું મારાં જીગરનાં જોશ અને દિલના હોશને મલીશ નહીં, મારી વ્હાલી વફાદાર દિલબર ગુલનારને જાલીમોના

જુલમથી છોડવશ નહીં, ત્યાં તલક, હા ત્યાં તલક, હું ઝંપીને બેસનાર નથી. આય બેજન–બીન–નરીમાન આખું ઇરાન વતીક પોતાના રગતની લોહાંડી નાલોથી ખુંગી બોદી કાલડવાને ડરનાર નથી; પાછો હઠનાર નથી!! અને મારા બહાદરો, હું આજે એવીજ આશાથી કમ્મર બાંધીને અહીં બેઠો છું; અને ઉમ્મીદ છે આય દિલાવરો, કે તમો પણ દરેક જણ મરદાનગીથી કમ્મર કશી પોતાપોતાના દુશમનોને હંકાલવાને તઇયાર થશો." બેજને પોતાનાં દિલની ગમીને જુસ્સાઓ સહીત બાહેર પાડી કાંઇક દમ ખાતાં વધાયું.

"હવે, તમે ખુદ મારો હેવાલ સાંભળો. આશરે ૨૭ વરસની વાત ઉપર મારો જન્મ ઇરાન સર જમીનનાં આ પાયતખ્ત શેહેર ખાતે થયો હતો. પણ અફસોસ, સદ હઝાર અફસોસ! એ કમનસીબ દીવસ, ને તે કમનસીબ ઘડીને આજ સુધી હું કહુવા દઉ છું. કોણને માટે? મારે માટે? નહી. મારી પ્યારી માદરને માટે? નહીં, તેને માટે બી નહી, પણ એક કમનસીબ નીરદોશ છગર જે વગર કારણે દુઃખમાં ટવલે છે, તેને માટે તે દીવસને હું હઝારો હઝાર કહુવા દઉં છું. એ દીવસે મેં મારી પ્યારી માદરને ખોહી. મારો પેદર પોતાની જવાન એહ્લેનગુન નારને ખોહવાથી ઘણોજ દલગીર થયો, મને શરાપ દેવા લાગ્યો, મને ધીકારવા લાગ્યો, અને પુર ધીકકાર સહીત મને–પોતીકાં નીદોશ ફરઝંદને—પોતીકી નજરથી દુર કીધો.

"મારા તવંગર પેદરને તો તમો ઓલખતા હશો. ઇરાની દરબારમાં મોટો લાગવગ ધરાવનાર દોલતના દરંગમાં રેલતા માલેતોઝાર વેપારી નરીમાન–બીન–કેરસાસ્પને કોણ નથી ઓલખતું?"

"શું? ઇરાની સલતનતમાં સર્વથી વધુ તવંગર ગણાતા વેપારી નરીમાનનો તું બેટો?" ત્યાં બીરાજેલો એક બુઝર્ગ મર્દ બેજનને ધ્યાનથી ટીકતાં બોલી ઉઠયો.

"હા, નરીમાન–બીન–કેરસાસ્પનો બેટો બેજન તે હુંજ. પણ તમે મને કયાંથી આલખો? મારા પેદરનાં મારી તરફના ધીકકારના અવેઝમાં મને બીલકુલ નાનપણમાંજ એક ઉસ્તાદની તાલીમ તળે શીરાઝ ખાતે મોકલવામાં આવ્યો હતો. વરસમાં ફકટ એકજ અઠવાડયું મારા બાપીકા મેહેલમાં જઇ રહેવાની મને છુટ હતી. મારા કરતાં ચાર વરસ વડી પરવીન નામની મારી એક બેહન હતી, પણ પરવીનને હું ઝાઝો મળી શકયો નહી. તે નવ વરસની થઇ તેજ વખતે મારા પેદરે કાસપીયન સમુદરના કીનારા ઉપર રહેતા એક તવંગર વેપારીના બેટા સાથે તેની શાદી કરી આપી તેને ત્યાં મોકલી દીધી. ત્યારથી આજ સુધી મારી બેહન વીશે હું કશું જાણી શકયો નથી.

મારો ઉસ્તાદ દયાલુ દીલનો હતો. તેણે મારાં માદર પિદરની બંનેની ગેરહાજરીમાં સાચી પુર મેહેરબાનીથી અને અતી કાબેલ્યતથી દરેક તરબીયત આપી મને બધી બાબદમાં સારી તાલીમ દઇ પુરતો કાબેલ અને માહીતગાર કીધો. આ પ્રમાણે મારી ઉમર ૨૩ વરસની થવા આવી ત્યારે મારો મહેરબાન ઉસ્તાદ ગુજર પામ્યો. મારા વ્હાલાં દીલસોઝ ઉસતાદનાં આ ફાની જહાનથી કુચ કરી જવાના સબબે કુદરતીજ હું તેજ દીવસે મારા પેદરને ત્યાં આવવા ઉપડયો. મેં શીરાઝ છોડયું, અને આપણા પાયતખ્ત શેહેર ખાતે આવી પુગ્યો, અને મારા પેદરના તરેહવાર ગુલોની ખુશબોથી તર થયલા અને ફલોથી લચી પડતાં ઝાહડોવાલા સુંદર બાગમાં દાખલ થયો.

અરે! પણ મેં ત્યાં શું જોયું? અચાણક એક એવો દેખાવ મારી નજરે પડયો કે જેથી મારી ખરી હાલતનું મને ભાણ રહયું નહી. મારો પિદર બાગમાં એક ઝાડના છાયા તળે બેસી એક અતી ખુબસુરત નવજવાન ઓરત સાથે વાત કરવામાં જાણે મશગુલ હોય તેમ પેહલીજ નજરે

મેં જોઇ લીધું. થોડો વખત તો ધ્યાનમાં અને ધ્યાનમાં હું ત્યાં ટીકતો ઉભોજ રહયો. એક દગલું પણ આગળ યા પાછળ હટી શકયો નહી. પણ અંતે પેલી નાજનીનની નજર મારી તરફ પડતાં, ભારે અચરતીમાં મારી તરફ તેણે જોયા કીધું. તેજ પળે તેના ખુબસુરત મોહડાં ઉપર ઉંડી દલગીરીનો ઘેરો છાપ મને પ્રગત દીસ્યો. અંતે મારી તરફ આ પ્રમાણે ધ્યાનમાં અને ધ્યાનમાં ટીકવાથી તે લગાર શરમાઇ હોય તેમ પોતાની નજર તેણે પાછી ફેરવી નાખી. તેની સામે બેઠેલો મર્દ—મારો બાપ—તેની આ હીલચાલ ઉપરથી અજબ થઇ કાંઇ બોલ્યો, અને તેનો અવાજ સાંભળ-તાંને વાર તે નાર ચોંકીને જરા કમકમટી હોય તેમ દીસ્યું. મારા પિદરને આ ઉપરથી કાંઇ શક ગયો કે શું તે તેણે અજાયબીમાં પોતાની નજર આસપાસ ફેંકતાં મને ત્યાં ઉભેલો દીઠો."

પ્રકરણ ૨ જું.

બેજન–બીન–નરીમાન.

થોડીક પળ સુધી વીચારમાં અને વીચારમાં મુંગો બેસી રહયા પછી બેજને પાછું શરૂ કર્યું.

"આહ! કેવો તે વખતે મારા પેદરનો દેખાવ? મને ઓલખતાને વાર એક વાઘની મીસાલ બરાડ મારી તે ઉઠયો, અને બે ત્રણ પગલાં આગળ વધી પોતાનો ગુસ્સો તામોશ કરી ન શકવાથી તેણે એકદમ પોકાર માર્યો—

"અય કમબખ્ત બદકાર પિસર, અએ નીમકહરામ બેજન, ઓ મારી જીંદગીની ખરાબી કરનાર છોકરા! અરે આ મારા મકાનમાં વગર રજાએ એ રીતે ઓચીંતો દાખલ થવાની તને સતા શું?"

"અય મારા બહાદર દોસ્તો, શું હું મારા પિદરનો હકદાર બેટા ન હતો? શું મને મારી બાપીકી મીલ્કતપર પગ મેલવા માટે કોઇની મંજુરયાતની કંઇબી જરૂરત હતી? નહીં—જરાબી નહીં!! તો પછી બોલો, કે હું આ ખોટું તોહમત કેમ તામોશ કરી શકું? અને તેબી વળી એક જવાન નારની હજુરમાં? પણ ખુદા ખબર કેવી રીતે તે વખતે હું મુંગો રહી શકયો, અને જેમ તેમ મારો ગુસ્સો તામોશ કરી મેં જવાબ આપ્યો, 'અય મને નાહક ગેરઇન્સાફ કરનાર ઘાતકી પેદર, જો એકાએક અહીં આવવામાં મારી કસુર થઇ હોય તો મને માફ કર." આટલું કહી એક ઉડતી નજર તે નવજવાન નાર ઉપર ફેંકી હું જવા માટે તઇયાર થયો. અમો બાપ બેટા વચ્ચેની ટપાટપી સમજી તે સુંદરીએ પોતાના હાથ પોતાની આંખો ઉપર એકદમ ધાંકી દીધા, અને હું ત્યાંથી તુરત ચાલી ગયો.

મારા પેદર સાથ પાછી મારી મુલાકાત થતાં મારા આવવા વિષેનો બધો ખુલાસો મેં તેની આગળ કરી દીધો. થોડાક દીવસમાં તો મને એક વેપારી વણજાર સાથે લાંબી સફરે ઉપડી જવાનું નકી થયું; પણ નહી, તે થોડાક દીવસો એમના એમ પસાર થઇ શકયા નહી.

હવે હું તમને એટલુંજ જણાવીશ કે પેલી જવાન નાર ઇરાની દરબારમાં બીરાજતા પેલા લોભી ઉમરાવ અમીર તેહમતનની બેટી ગુલનાર હતી. આ અમીર તેહમતન અને મારો પેદર નરીમાન બેઉ જણુ એક મેકના ઘણાજ અંગત મીત્ર થાય છે. પોતાના ઘાતકી પેદરની ધમકી તળે વીસ વરસની આ અતિ જવાન ખુબસુરત નાર લગભગ

પચાસેકની ભરતીના મારા બાપ સાથ શાદી કરવા તઇયાર થઇ હતી. અમીર તેહમતનની આ જવાન ખુબસુરત બેટી પણ અવાર નવાર મારા પેદરને ત્યાં આવજાવ કરતી હતી: જ્યારે અમીર તેહમતનતો કોઇ વખત આખો આખો દહાડો મારા પિદરને મકાને પડી રહેતો હતો અને બન્ને દોસ્તો છુપી ગુફતેગોમાં રોકાઇ રહેતા.

"એક દીવસ મારો પેદર દરબારના કામ સર બહાર રોકાઇ જવાથી, હું ઘરમાં એકલોજ હતો. તેવામાં અમીર તેહમતનની આ કમનસીબ બેટી ત્યાં આવી પુગી. અમે બન્ને જણ એકલાં કદી મળ્યાં હતાં નહી, યા ઝાઝી વાત પણ કરી હતી નહી, એટલે આ વખતે તો ઘણીજ કઢંગી સ્થીતીમાં આવી પડયાં. મગર આખર થોડીક વાતચીત પછી અમારી શર્મ દુર થઇ ગઇ અને જે થોડાક વખત —અમારી જીંદગીનો સઉથી સુખી વખત—અમોને મળ્યો, તે વખતે અમો બંનેએ એકેકને પસંદ કરી લીધા. અરે, તે થોડા વખતમાં અમારી અંદરખાનેની લાગણી એકમેક પ્રત્યેક કેવી થઇ ગઇ તેનું હું કેમ વર્ણન કરી શકું? ઝાઝોવાર અમારી અંદરની હાલત એકમેકથી છુપી રહી નહીં—અમારો ચોખ્ખો પ્યાર આપ મળે જાહેર થઇ થઇ ગયો; પણ તે શા ખપનું હતું? અમે બેઉ જણ અમારા તકદીર માટે દલગીર થઇ ગયાં! હવે અમે રોજ છુપા મળવા લાગ્યા. અને અફસોસ! કે જેમ અમારો છુટા પડવાનો દીવસ નજદીક આવતો ગયો તેમ તેમ અમારા મનનું દુઃખ વધતું ગયું. અંતે તે દીવસ આવી પુગ્યો. પણ મારી માશુકને છોડી જવાનું મારૂં જીગર ચાલ્યું નહી. મારા સખ્ત હઇડાંના પદિરની ધમકીથી બીહીને હું ઘર છોડી શેહેરમાં ભરાઇ રહયો, અને પેલી વણજાર કે જેની સાથે મને પરદેશ ધકેલી દેવા મારો પિદર આતુર હતો તે મારી શોધ ખોલને માટે નહી ઠોભતાં એકદમ ઉપડી ગઇ.

"મારા પેદર નરીમાને મારે વીષે શેહેરમાં ઘણીબી જુસ્તેજો કરી, પણ તે મારો પતો મેળવી શકયો નહી. ગુલનાર અને હું એકેકને ચોરી છુપીથી મળતાં રહયાં. હવે અમો એક મેકને સુખી ગણવા લાગ્યા; પણ સદ અફસોસ, તે કેટલો વખત? એક રાત્રે હા, તે કાળી રાતે, મારી દીલદારના પેદરને હાથ અમે સપડાઇ ગયાં. અમીર તેહમતને મને તરતજ ઓળખ્યો અને ઓળખતાંને વારજ એક તડાપ મારી મને પકડી મારા પિદરને હવાલે મને કરી દીધો.

મારા આ ઝનુની પિદરને હાથ દયાની હવે હું કેવી આશા રાખી શકું? હવેજ મને મારી માશુક વીષે ફીકર લાગવા માડી. રખે તે કમનસીબ નીરાધાર કુમારીકા મારે ખાતર હેરાન થાય! અફસોસ! એક દીવસે સહવારના પોહરમાંજ મારી અતયંત અજાયબી અને દલગીરી વચ્ચે, અપરા નામદાર શાહની દરબારમાંથી એક જાહેરનામું નીકળ્યું કે કોઇ ન જણાવી શકાય તેવા સંજોગો વચ્ચે મેં નામદાર શાહની ખફગી મારા ઉપર ખેંચી લીધેલી હોવાથી એકદમ ઇરાની હદ ઓલંગી મારે દેશનીકાલ જવું. અરે, મારા બહાદુર રફીકો, આ હું કેમ ખમું? જેનાથી હું છુટો પડવા ન માગું તેના દેશથી તે હું કેમ છુટો પડી શકું? પણ હું તદન નાચાર હતો. અમીર તેહમતન અને મારા પેદર જેવા બલવાન અને સત્તાધીકારીઓ સામે થવાની મારી મકદુર યા તાકટ હતી નહીં.

અફસોસ! અફસોસ! મારી વફાદાર માશુક સાથનો તે છેલ્લો મેલાપ! અરે તે દુઃખ દાયક દેખાવ હું કેમ ભુલું? દોસ્તો, તે દુઃખભરી યાદ મારાં મહોત તલક હું વીસરનાર યા ભુલનાર નથીજ. પ્યારી ગુલનાર—હા ગુલનારજ તેનું નામ, જેનાં પાસામાં પડી હું અફસોસ કરવા લાગ્યો—તે હીંમતવાન નારે મને ઘણી ધીરજ અને હીંમત આપવા માંડી; પણ જ્યારે હું નહીંજ સમજ્યો ત્યારે મારૂં દુઃખ ઓછું

કરવાની મતલબથી એ વફાદાર છોકરી મારી સાથે આવવા તઇયાર થઇ હું જરા ઠંડો પડ્યો, તે વફાદાર છોકરીને હું શું કામ મારી સાથે દુઃખમાં નાખું? નામદાર શાહના સીપાઇઓની દેખરેખને લીધે તે મારી સાથે છટકીજ કેમ શકે? જ્યાં સુધી કાંઇ પાસો ફેરવાએ નહી, જ્યાં સુધી નામદાર શાહના સીપાઇઓને હંફાવવાની હાલતમાં અમે આવીએ નહી, ત્યાં સુધી થોભી જઇ એકમેકને વફાદાર રહેવાનો અમોએ કસ્દ કીધો છે. અરે, મારી ધીરજવંત હીમતવાન પ્યારી ગુલનાર! તેં તે વખતે મને કબુલાતતો આપી પણ એ તારો ઠરાવ હવે તને કેવો ભારી પડતો હોશે? બે દયાહીણ પેદરોની વચ્ચે આપણી વફાદારી ટકાવી રાખવા તને કેટલું વેઠવું પરતું હશે? ઓ! તે બે શયતાનયત ખસલતના મુજી બદકારોની વચ્ચે તું મારૂં વ્હાલું નીરદોસ પંખેરૂં કેવું એ કેવું તવલતું તફરતું હશે!! અય આપ મતલબી બેજન, તારી ગુલનાર પાસે આવી રીતનું વચન લેતાં તે વખતે તને શરમ ન આવી? અરેખર, હવે હું શું કરૂં? ગુલનાર, ગુલનાર, મને માફ કર!"

બેજનને આ પ્રમાણે અફસોસ કરતો જોઇ એક જણ બોલી ઉઠ્યો, "ધીરજ ધર, હીંમત રાખ અને બે ફીકર રહીં તું અમારી સરદારી લે."

"કાંઇ નહીં, એને બોલવા દેવો અને એની લાગણી બહાર પાડવા દેવો, કે મરદાનગી માટે એની છાતી હવે ભારી થાય. બીજા શખ્સે તરત તાહુકો પુર્યો.

"હા, મારા રફીકો, હું હવે હીંમતથી તમારી સરદારી અને વફાદારી કબુલ કરૂં છું." બેજને પોતાનું દાસ્તાન આગળ ચલાવ્યું. "પણ હું શું કરૂં? આ બનાવ જાણે ગઇ કાલેજ બન્યો હોય તેમ હજુર મારા મનમાં તાજો છે. અમે એકમેકને ધીરજ આપી એકદમ છુટાં

પડયાં. કયાં જવું, શું કરવું તેના કશા પણ વીચાર વગર મેં જ્યાં જવાયું ત્યાં ચાલવા માંડી મારી રખડ શરૂ કરી. પણ થોડાજ દીવસ માં મારી એવી રખડનો છેડો આવ્યો. એક બુઢ્ઢા લુટારાના હાથમાં સપડાઇ જતાં મેં તરતજ તેને મારો દુઃખ ભર્યો હેવાલ કહયો અને અતિ નાસીપાસીએ તેની મેં મદદ માંગી.

“અરે મારા બહાદુર લડવઇયાઓ, હાલ જે ગુફાની હું વાત કરૂં-છું તે ગુફો આ બુઢ્ઢા લુટારાનોજ છે. આહા! શું તેની દોલત? શું તેનો જમાવ કીધેલો ખજાનો! પણ સબુર—હવે મને ધીરજથી સાંભળો. આ લુટારો કોણુ? આ ગુફો કોણુનો? અરે તે જાણીને ખરેખર તમે દરેક જણુ અજબ થશો. આ નામીચા ગુફાનો માલેક કોઇજ નહી પણ આખી ઇરાની દરબારને હંફાવનાર પેલો જાણીતો લુટારો ગબ——”

હજુરતો એજન પુરેપુરૂં નામ બોલી રહે તેટલામાંતો સર્વના મોહડાંમાંથી અજાયબીના પોકાર નીકળી પડયા. “કોણુ! ગબરૂ? શું આ ગુફો ગબરૂનો? શું આપરે બહાદુર ગબરૂના ગુફામાં? શું આપણો જવાન સરદાર તે પેલા નામીચા ગબરૂનો ચેલો?”

“હા, મારા હીંમતવાન દોસ્તો, જરા ધીરજ ધરો. આપણે હવે એ નામીચા ગુફામાં દાખલ થઇશું, કે જેણે આખી ઇરાની દરબારને ગુંચવાડામાં નાખી છે. હાલ પણુ આપણી ઇરાની દરબારે એ ગબરૂ લુટારાને પકડવા માટે કેટલું મોટું ઇનામ જાહેર કર્યું છે તેની તો તમને ખબર હશે. પણ એ નામીચા ગબરૂને તો હવે તમો પણ પકડી શકશો નહી. એ સરદારોના સરદારે તો આજે બે મહીના થયા આ પોતાના ગુફામાંજ પોતાનો જાણુ કીરતારને હવાલે સોંપ્યો છે. પણ આ ગુફાની સઘળી ખુબી અને કરામતોથી તેણે મને વાકેફ કીધો છે.”

“ત્યારે તો બેશક તુંજ અમારો સરદાર” એક જવાન વચ્ચે બો-

લી ઉઠયો. "તુંજ હમારો ગબરૂ ને તુંજ હમારો બેજન!! ગબરૂની ફતેહ—બેજનની ફતેહ!"

"હા, એક મજબુત જગ્યાના આપણે માલેક થયા છઇએ ખરા," બેજન બોલ્યો "અરે એ ગુફાની નજદીક નામદાર શાહ યા જંગી કોટવાલ નામવર ફરામરજ પોતાનો આખો રસાલો લાવી હાજર કરશે તોપણ તેઓમાંથી કોઇનેબી આ ગુફાની હસ્તી વીષે કશી પણ ઇધાણી મલનાર નથી."

"બેશક! બેશક! આ જગા આપણે હાથ આવી એટલે, મારા જવાન દોસ્તો, આપણી મરદાનગીમાં ઘણો વધારો થયો છે. કંઇ નહી, બેજન, હમો બેશીકર રહી તારી રસદારી તળે ઓસ્તવારીથી લડશું. તારૂં ફરમાન ખુશીથી બજા લાવશું." એક બુઝરગ મર્દે બેજનને સધ્યારો આપ્યો.

"ગબરૂના મરણ પછી હું આ જગાએથી પાછો નીકળ્યો. કેવી રીતે મદદ મેળવવી તેના ખ્યાલમાં અને ખ્યાલમાં હું રખડવા લાગ્યો. અને અંતે ખુદાની મહેરબાનીથી આપણે બધા સાથે મળવા પામ્યા. આએ મારો ટુંક હેવાલ છે. શું હવે તમો મને મદદ કરશો? મારી ગુલનારને નહી બચાવશો?"

બેજને જેવો પોતાનો હેવાલ પુરો કર્યો કે સર્વ સામટા બોલી ઉઠયા "તારી સાથે રહી જીવ સટોસટ લડવા, તારી ગુલનારને જુલ્મીઓના જુલ્મથી છોડવવા અને તેઓને અમારી પોલાદી શમશીરનું ઝહેરી પાણી પાવા હમો તઇયાર છીયે—એ સરદાર બેજન!!"

પ્રકરણ ૩ જું.

ઝનુની લોહરાસ્પ અને તેનું દાસ્તાન.

બેજને પોતાનું દાસ્તાન પુરૂ કર્યું કે થોડો વખત ત્યાં ચુપકીદી ફેલાઇ. પછી એક ઉમરે પુગેલો શખ્સ બેજન તરફ ફરીને બોલ્યો.

"જવાન સરદાર બેજન, હવે તું મારો હેવાલ સાંભળ. જે ગયઇનસાફ તને થયો છે તેવો મને પણ ખમવો પડયો છે. મારી ઉમર લગભગ ૬૦ વરસની થવા આવી છે, પણ જયાં સુધી આએ મારા હાથમાં જોર રહેશે અને જ્યાં સુધી મારી શમશીર મારી કમ્મરે લટકતી રહેશે, ત્યાં સુધી હું મારૂં વેર લેવા માટે તરેહવાર ફાંફાં મારીશ, જીવતોડ ઝેહમત કરીશ અને અંતે બદકારોપર બદલો લીધા સીવાય હું રહેનાર નથીજ!!

"જવાન સરદાર, તું તો કદાચ મને નહીં ઓલખશે. આજથી ત્રણ વરસની વાત ઉપર થઇ ગયલો હમદમ શેહેરનો હાકેમ, લોહરાસ્પ-બીન-નવશીરવાન તે હુંજ છું. મને લશકરી તાલીમનો પુપકળ શોખ હોવાથી મારા સીપાઇઓને કવાયદ કરાવી તેઓની હું હમેશ તપાશ લેતો હતો; પણ અફસોસ કે જે માણસોને મેં રસ્તો દેખાડી બહાર પાડયા તેજ માણસેઓ મારો ધાટ ધડયો. જામાસ્પ અને અરદશીર નામના બે પીત્રાઇઓ મારી નોકરીમાં હતા, અને મેં તેઓની હીંમત અને બહાદુરી જોઇ તેઓને લશકરમાં સારા ઓધા આપી નવાજ્યા હતા, પણ આ ચંડાલો ઘણાજ—ઘણાજ લોભી હતા, અને અંતે પોતાની નેમમાં ફાવવા તેઓએ તરકટ કરવા માંડયાં.

"આ બે નીમકહરામ દગાબાઝોએ આપણા નામદાર શાહને સમજાવવાની કોશેશ કરી, કે હું હંમેશ મારા સીપાઇઓને તાલી આપી જરૂર પડવે નામદાર શાહની સામે લડવા માટે તઇયાર કરતો હતો. એક કાચા કાનના શાહ માટે આ ખબર પુરતી હતી. તરતજ મને હમદમ શેહેરમાંથી હાંકી કહાડવામાં આવ્યો, અને ઇરાની હકુમત તળેના કોઇપણ ભાગમાં મારે દેખાવ દેવો નહી એવો સખ્ત હુકમ તુર્ત બાહેર પાડવામાં આવ્યો. હું હવે જાવું કયાં? મને શાંત જીંદગી પસંદ પડી નહી અને અંતે એક ટોળી ઉભી કરી મારો લાગ શોધતો આજે ત્રણ ત્રણ વરસ થયા હું ઇરાની સીપાઇઓને બુમ પડાવું છું.

"હવે આજથી, અય બેજન, આ મારા વિશ્વાસુ માણસોને—આ મારા લડાયક શેર બચ્ચાઓને, હું તારા હાથમાં સોંપુ છું. આજથી તુ અમારી સરદારી લે. આવાં હીંમતવાન વિશ્વાસું માણસો તને જવલેજ મળશે. એ માણસોએ મારી સાથે લડતી વખતે પોતાના જાનની દરકાર કરી નથી; માલ વેંહેચી લેવા મારામારીબી કરી નથી. અમારૂં કાંઇ એક ઠેકાણું નથી; આજે અહીં તો કાલે કયાં? પણ ગરીબ અને નિરદોષ લોકોને હમો હેરાન કરતા નથી. પેલા બે દગાબાઝ મર્દોના હાથ ઉપર મને તેમજ મારાં કુટુંબને ઘણું ખમવું પડયું છે, પણ હજુર એ બે હીચકારા મર્દો મારે હાથે સપડાયા નથી. હું ઇરાની બચ્ચો, જો કે મારા બાલ પાકી ગયા છે તોપણ, જેમ નામદાર તેહમતન રૂસ્તમે પોતાના દગાબાઝ દુશમનોને મરતા મરતા પણ પોતાને હાથે વીંધી નાખ્યા તેમ હું મારા આ નેજા વટી એ બે નીમકહરામ શખસોને મારૂં નહીં—તેઓનાં સરપર આય ફરતાં આસમાનને તંગ કરી તેઓની આંખમાં આય જમાનાને બતંગ કરૂં નહીં, અને જયા તલક તે બંને સગજી બચ્ચાઓને ખાકમાં લોટતા કરૂં નહીં; ત્યાં તલક મને નીરાંતે ઉંઘ આવવાની નથી!"

"ખરેખર લોહરાસ્પ, તને પણ નાહેકનો ગેરઇન્સાફ થયો છે. આ આપણી વહાલી અને જુની સર જમીન માટે સારી આગાહી નથી. ઇરાન, તારાં નામીચાં નીરદોશ અને વફાદાર બચ્ચાંઓ એ રીતે તારાં ધાટકીપણા માટે કડવાસ ભર્યો શોર ઉઠાવે એ ખચ્ચીતજ તારે માટે ફાયદામંદ નથીજ!! ઇરાન, કમબખ્ત ઇરાન! તું હવે રફતે રફતે તારી બાજુમાંથી શુરા લડવઇયાઓ ખોહી દે છે એ ખચ્ચીતજ અફસોસકારક છે." અને બેજને નીસાસો નાખ્યો.

"ઇરાની બીરાદરો, હવે જયારે આપણે સઘળા સાથ રંજે આફતમાં એક એકની બાજુમાં ઓસતવારીથી ચુંગાલ ખોલી ઉભા રહેનાર છીયે તો ત્યારે પહેલાં અય પ્યારા રફીકો તમે અમારો બી ટુંક હેવાલ સાંભળો." લોહરાસ્પની પાસે બેઠેલા એક કદાવર ગબરૂ જવાને પોતાના સાથીની ખાંધ ઉપર હાથ મુકી પોતાનું દાસ્તાન શરૂ કર્યું "અમે બેઉ જણ આરબ લુટારા છઇએ. અમારી ટોળકી ઘણી મોટી હતી, પણ તેમાં ફાટફુટ પડી. અને અંતે અમે અરબસ્તાનથી નાસતા નાસતા અહીં આવી પુગી અમારો ધંધો ટુંક પાયા ઉપર ચલાવીએ છીએ. જો ખુદાની મેહેરથી તમો લોકો અમારી પોસતપનાહીમાં તલવાર ખેંચી આવી પુગ્યા ન હતે, તો અત્યાર અગાઉનાં જલ્લાદને હાથ હમારાં તન સરથી છુટાં પડી ગયાં હતે. અચીંતા નામદાર શાહના સીપાઇઓએ નીકળી આવી, અમારી આસપાસ ફરી વળી, અમુને ઘેરી લીધા. અમો તદન લાઇલાજ થઇ મોતની વાત જોતા પડયા, તેવામાં સામેથી કોઇ હથિયારબંધ માણસો ઘોડા ઉપર દોડતા આવતા જણાયા. અમે ધાર્યું કે આબી કોઇ કોટવાલના આસામીઓ હશે. પેલા પોહરેગીરોબી પોતાના સાથીઓને આવતા જોઇ ખુશી થયલા દેખાયા, પણ તે કેટલો વાર? જેમ જેમ પેલા ઘોડા નજદીક આવતા ગયા તેમ પેલા પોહરેગીરોનાં મોહઢાં ઉપરના રંગ બદલાવા લાગ્યા. જ્યારે મારા આ હીક-

મતી સાથીએ તેઓને આ રવેશે ધ્રભરાયલા દીઠા, ત્યારે એક જીવસટો-સટ યુકતી વાપરી જાણે ખુશીમાં આવી ગયો હોય, તેમ એવી તો ચપલતાથી બુમ પાડી ઉઠયો, ‘મીરાન, મીરાન, ફીકર ના કર! હીંમત પકર! આપરો સરદાર ગબરૂ સાંમેથી ખુબ જોશમાં દોડતો ધશી આવે છે. એ આપરૂં વેર લીધા વગર રહેશે નહી.

મારા સાથી અબુને મોંહડે આ સાંભળી પેલા પોહરેગીરો તો ધાસ્તીથી જાણે દિગમુધ જેવા થઇ ગયા, અને ગબરૂ બોલ તેઓને કાંને પડતાંજ અમુને જ્યાંના ત્યાં પડતાં નાખી, એકદમ જીવ લઇને તેઓ નાસી ગયા. પછીની વાત તમને ખબર છે. ખરેખર તમોએ વખતસર આવી અમારા જાન બચાવ્યા છે, અને હમારા જાનના બચા-વનાર બહાદુર ઇરાની બચ્ચાંઓને પડખે ધાસતીની વખતે ઉભા રહી લડવામાં હમો આરબ બચ્ચાઓ કદીબી પછાટ પડનાર નથી, પાછળ હઠનાર નથી.”

પ્રકરણ ૪ થું.

ગબરૂનો નામીચો ગુફો.

આપણે શરૂઆતમાં જોઇ ગયા તેમ સહવારની વખતે ખુલ્લા મેદાનમાં દરબાર ભરીને બેઠેલા માણસો તે આ લુટારાઓ હતા. આ લુટારાઓ કોણ હતા અને કેવા સંજોગે ત્યાં ભેગા મળ્યા હતા .તે આપણે ઉપર જોઇ ગયા છીએ. તેઓ સઘળા ચઢ ઉતર ઉમ્મરના કદાવર માણસો હતા અને પોતાના તેજી રખશો અને હથિયારો કેવી રીતે વાપડવાં તેથી તેઓ પુરતા માહીતગાર હેતા. નાનપણથીજ તલવાર

સાથે રમત કરતા આવેલા આ ગબરૂ જવાનો ભલાં લશકરથી પણ હારી ખાય એવા હતા નહીં.

ગબરૂ એક અઠંગ લુટારો હતો, અને તે બધેબધ બુમ પડાવતો છેક ઇરાનવેર આવી પુગ્યો હતો. તે જાતે તુરકી હતો અને તેનો રસાલો પણ તુરક લોકનોજ બનેલો હતો. થોડા વખતની વાત ઉપર તેનો એકપુરો બેટો મરણ પામવાથી, બુઢો ગબરૂ નાસીપાસ થઇ ગયો હતો અને પોતાની ટોળી વીખેરી નાખી બાકીના દીવસો પોતાન-ગુફામાંજ ગુજારવા લાગ્યો હતો, અને તેના સાથીઓ પોતાનો ભાગ ભાગ વેંહચી લઇ પોતપોતાને રસ્તે ચાલતા થયા હતા. ત્યાર પછી અજબ સંજોગે આ ગુફાની નજદીક બેજનનો તેની સાથે એકાએક મેળાપ થઇ ગયો તે આપણે બેજનના વરણનમાં જોઇ આવ્યા છીએ.

હવે આટલા ટુંક ખુલાસા પછી આપણે આપણી વારતા સાથે આગળ ચાલીએ. જયારે મીરાને પોતાનું દાસ્તાન પુરૂં કર્યું ત્યારે બુઢો લોહરાસ્પ પોતાંના સાથીઓ તરફ ફરીને બોલ્યો—

"આજથી આ જવાન બેજનને આપણે આપણી સરદારી સોંપીએ અને ઓસ્તવારીથી અને વફાદારીથી તેના હાથતળે આપણી મરદાનગી ટકાવી રાખવા આપણે એક બોલ થઇએ."

"બેશક, બેશક." લુટારાઓ સામટા બોલ્યા.

સર્વ જણ પાછા શાંત થવા પછી બેજન બોલ્યો "મારા બહાદૂર દોસ્તો, હું ખુશીથી તમારી વફાદારી કબુલ કરૂં છું. બુઝરગ લોહરાસ્પે તમારે માટે મને જેટલું કહયું તે પુરતું છે. આજથી આપણી વચ્ચે કશું પણ છુપું રહેશે નહી. હવે હું તમોને મારો "નામીચો ગુફો દેખાડું તે આગાઉ તમો બધા એક દીલથી સોગંદ લેવોકે એ ગુફા વીષે ગમે તેવી

બી લાલચ યા ગમે તેવાબી મજબુત સબબ છતાંબી બલકે જલ્લાદની તેઝ શમશીરબી ગરદનપર ધરાવા છતાંબી તમોએ એક હરફ વતીક બહાર જાહેર કરવો નહી. જો કે મારી તો પુર ખાતરી છે કે એ ગુફામાં દાખલ થયા પછી તમો કદી પણ તે છોડી જવાં ઇચ્છશો નહી.”

એટલું બોલી તેઓ તરફથી કશા પણ વળતા ઉત્તરની રાહ જોયા વગર, બેજન પોતાની બેઠક ઉપરથી હવે એકદમ ઉઠી ઉભો થયો. સાવચેતી ખાતર પોતાની આસપાસ નજર ફેંકી સર્વ લુટારાઓ પોતપોતાના ઘોડા ઉપર સવાર થઇ બેજનની સાથે ત્યાંથી નીકળી ગયા.

લગભગ એક કલાકવેર અહીંથી તહીં રખડી છેક બપોરે આ ટોળી એક ચોકકસ જગ્યાએ આવી અટકી. હવે તેઓ પોતાની ચાલ ધીમી કરી ટેકડીઓની અંદર ઘેરાવા લાગ્યા અને ધ્યાનમાં અને ધ્યાનમાં ચાલતા થોડા વારમાંતો તેઓએ પોતાની ભારે અજાયબી વચ્ચે પોતાને બેજનની રાહબરી તળે ગુફામાં દાખલ થતા જોયા. હવે તેઓની ખુશાલી તેમજ અચરતીનો પાર રહયો નહીં.

બેજને તરતજ ગુફામાં દાખલ થવાનો રસ્તો પાછો બેમાલુમ કરી દીધો. સર્વ લુટારાઓ પોતાના ઘોડા છોડી હવે અહીંથી તહીં ફરવા લાગ્યા. બુઝરગ લોહરાસ્પના બોલવા ઉપર વિશ્વાસ મુકી તેઓને આવજાના તરેહવાર રસ્તાઓ દેખાડયા, અને ભારી ભારી દરવાજાઓની ઉઘાડ ઢાંક કરવાની બેમાલુમ ચાંપોની કરામત તેઓને શાખવી. તરેહવાર કીસમના લડાઇનાં હથિયારો અને તરેહવાર બેમુલો ખજાનો ત્યાં એકઠો થયલો જોઇ આ લુટારાઓની અચરતીનો પાર રહયો નહી.

આ ગુફો જોઇ સર્વના દીલમાં પાછું નવેસરથી શુર છુટી આવ્યું. આવી સર્વ રીતે ભરપુર અને સલામતી ભરી જગા તેઓને બીજી કયાં મલવાની હતી?

ટુંક અરસામાં તો આ લુટારાઓ ઘણીજ હીંમત અને શાક્તથી પોતાના પ્રાકરમો દેખાડવા લાગ્યા. તરેહવાર વેશ લઇ આશાનીથી તેઓ બધે બધ ઘુસી જતા હતા. બુધો લોહરાસ્પ એક બહાદુર લડવઇયો હોવા ઉપરાંત એવી તો અચ્છી સીફત અને કળાથી વેપારી રીલસુફ, યા કોઇ દરબારી યા મદારીનો ભાગ બજાવતો હતો કે તે પારખી કહાઢવું અશકય થઇ પડતું હતું. તે પોતાની બાહોશી અને વાકયચાતુરીથી ભલાભલા અમલદારોની આંખોમાં એક લહેજામાં ધુળ છાંતી આવતો હતો.

બેજન અને લોહરાસ્પ ઉપરાંત ફરહાદ નામનો એક જવાન પણ અવારનવાર તેઓની ગેરહાજરીમાં સરદારી લેતો હતો. હમદમ શેહરનો અસલ વતની આ વફાદાર ફરહાદ પણ પોતાની રાજી ખુશીથી પોતાના ધણી બુઝરગ લોહરાસ્પની સાથે તેની રખડમાં સામેલ થયો હતો, અને તેથી તે લોહરાસ્પના માણસોમાં ઘણો માનીતો હતો.

ટુંકમાં જણાવીએ તો આ સઘળા લુટારાઓ લોહરાસ્પની મરજી પ્રમાણે જવાન બેજનની સરદારી તળે શહેરો અને ગામડાંઓ ફુદાવવા લાગ્યા, અને પોતાના ભયભીત નામનો મજબુત સીકકો રઇયત ઉપર બેસાડવાને શકતીવાન થયા. પણ પોતાની આટલી બધી ફતેહ છતાં જવાન બેજન હંમેશ શોકાતુર રહેતો હતો. પોતાની ગુલનાર વીષે કશી પણ બાતમી મેળવવા આ વફાદાર જવાન ટલપતો હતો. પોતાનાં જીગરની જોટ—જવાન ખુબસુરત ગુલનાર–માટે કંઇબી બાતમીક—શીબી ખબર મેલવવા તે બીલકુલ ઈંતેજાર બની રહયો હતો.

ગબરૂનો આ નામીચો ગુફો ઇરાનના ખુદ પાયતખ્ત શેહેરથી આશરે વીશ ગાઉ દુર હતો; પણ આ લુટારાઓ એવેતો ટુંકે અને આડે રસ્તે નીકળી જતા હતા કે તેઓ જેવા ખડતલ સવારોને તો આટલો છેટો કાંઇ બીશાદમાં ન હતો. આ લુટારાઓની મુખ્ય નેમ તો ઇરાની સી-

પાઇઓને ભમાવી ભમાવીને ગુંચવાડામાં નાખવાની હતી. નામદાર શાહના ખુદ પાયતખ્ત શેહેરમાં લુટારાઓને એકઠા મળવા માટે એક છુપું મકાન હતું, જયાં સાવચેતીને ખાતર પોતાને જોઇતો ફેરફાર તેઓએ કરાવ્યો હતો. ગોયા સલતનતનાં પાયતખ્તમાંજ ખુદ શહેનશાહ નામદારની નજરની સામે અને ચગોર અમલદારોના દોર વચ્ચે તેઓએ એક બીજો ગુફા વસાવી મેલ્યો હતો. ખુદ રાજધાનીમાંજ તેઓ ખુશખુશહાલ આ ગુફામાં છુપા રહી શકતા હતા, અને જયાં–તે શહેરી ગુફામાં–શેહરમાં દાખલ થતાંને વાર તેઓ પોતાના ઘોડા છોડતા હતા. આ મકાનનો માલેક ખોદાદાદ નામે શહેરમાં જાણીતો આસામી હતો, જેની પાસે હંમેશ ઘોડાઓની મોટી સંખ્યા રહેતી હતી. ઘોડાઓ ભાડે ફેરવવાનો તે પોતાનો ધંધો ધમધોકાર ચલાવ્યો જતો હતો. અને કોઇ ને કોઇ ઘોડાઓ ભાડે લેવા માટે યા કાંઇને કાંઇ કામસર માણસોની આવજાવ આ મકાનમાં ચાલુજ હતી. અને આ મોટાં મકાનમાં આવજાવને માટે એટલા તો રસ્તા અને એટલાં તો સાધનો હતાં કે કોણ અને કયા રસ્તા વાટે આખા દીવસમાં ત્યાં કેટલા માણસો આવતાં જતાં હતાં તે ગણવું ઘણુંજ મુસ્કેલ હતું.

પ્રકરણ ૫ મું.

ઘાતકી અમીર અને તેની કમનસીબ બેટી.

હવે આ વારતાની વળણ ફેરવી, લુટફાટની દુનીઆ થોડોવાર પડતી મુકી, શાંત જીંદગીમાં ઝીપલાવી, કમનસીબ બેજનનો ખુદા

લોહરાસ્પ અને બીજા લુટારાઓ સાથે પેહલ વહેલો મેલાપ થયો તેની છએક મહીના અગાઉ બનેલા બનાવો તરફ આપણે જરા ધ્યાન દોડાવ્યે.

ઇરાનના તે વખતનાં પાયતખ્ત શેહેર શીરાઝના એક અમીરી લતા ઉપર એક દમામદાર મેહેલ ઉભો હતો. આ મેહેલની બાહેરની કારીગરી અને દેખાવ ખરેજ વખાણવા લાયક હતા. કશી પણ પાંતીની ખુટ ત્યાં જણાતી હતી નહી, અને આ મેહેલનો માલેક કોઇ ઘણો મોજીલો શખ્સ હોવો જોઇએ એવું અનુમાન કરતાં ઝાહઝી આંચકી લાગતી હતી નહી.

આ દમામદાર મેહલનો ધણી અમીર તેહમતન નામે એક ઉમરાવ હતો. તે ઘણો તવંગર ગણાતો હતો, અને ગમે તેવીબી ચીજ ઉપર જો તેની ઇચ્છા થઇ તો તે પઇસા ખરચવાને જરા પણ આંચકી ખાતો ન હતો. તેણે જવાનીમાં એક શેર બચ્ચા, એક બહાદુર લડવઇયા તરીકે નામ કહાઢયું હતું, પણ હવે, ખુદની જીંદગીની સાંજે, હકતાલાની યાદમાં મશગુલ થઇ ભલાં કામો કરવ ને બદલે અફસોસ કે આ અમીર એશ આરામમાં પડયો હતો. બાદશાહી દરબારમાં તેનો મોટો લાગવગ હતો, અને નામદાર શાહનો એક માનીતો ઉમરાવ થઇ પડવાથી દરબારમાં તે સારૂ માન ધરાવતો હતો.

આ મેહેલના એક કુશાદે ભપકાદાર દીવાનખાનામાં એકા સોફા ઉપર એક જવાન નાર લગાર ગંભીર ચેહેરે અલેતાયલી હતી. સરોવર જેવાં સીધાં બદનની તંદુરસ્ત અને કદાવર બાંધાની આ નારનો દમામદાર દેખાવ ખુદરતીજ આ મેહેલની એક શેઠાણી દાખલ તેને ઓલખાવવાને પુરતો હતો. પેહેલીજ નજરે આ છોકરીનો જોબનના બાહરમાં ઝલકી રહેલો શરમાલ ચેહેરો કોઇનું પણ માન પોતા તરફ ખેંચવા માટે સામર્થવાન હતો.

ઉપલું દીવાનખાનું જો કે રંગ બેરંગી ઇરાની ગાલીચઓ અને યુનાની અને હિંદી બનાવટની તરેહવાર કીંમતી ચીજોથી આરા ા થઇ, આવી એક નારની હાજરીથી વધારે શોભાયમાન બન્યું હતું, ા પણ અંદર દાખલ થતાંને વાર કોઇને પણ અજાયબી લાગ્યા વગર રહે નહી, કે આટલી બધી સુખ સગવડ છતાં એવું તો તેને શું દુઃખ હશે, કે તદન રડમશ ચેહેરે અને જાણે બેચેનીમાં હોય તેમ આ છોકરી તાસ-વીસ કરતી પોતાની બેઠક ઉપર પડેલી હતી. આ પ્રમાણે તે પોતાના ધકમાં અને ધકમાં અલેતાયલી હતી, તેવામાં ત્યાંનું એક બારણું એક-દમ ઉઘડી ગયું અને કોઇ શખ્સને અંદર દાખલ થતાં જોઇને તે જાણે પોતાના ખાબમાંથી બીદાર થઇ હોય તેમ એકદમ ચોંકીને ઉઠી અને પોતાનો પોષાક સરખો કરવા મંડી ગઇ.

"કંઇ નહી. કંઇ નહી. બેટી બીહ ના. એ તો હું છું. તારો પેદર." અમીર તહેમતને અંદર આવતાં પોતાની આ એક પુરી બેટી, આ એકપુરાં ફરઝંદને સધયારો આપ્યો.

પણ આ શબ્દ સાંભળી ખુશી થવાને બદલે, પોતાના બાપને જોઇ તે છોકરી વધારે બીહધેલી દેખાઇ અને પોતાનાં મોતની શીક્ષા સાંભળતી હોય તેમ દબાઇને જરા પણ હીલ્યા કે બોલ્યા વગર ધ્યાનમાંને ધ્યાનમાં બેસી રહી.

આ નામીચા મહેલનો માલેક અમીર તહેમતન તદન પાજી અને કરદા સ્વભાવનો લગાર ઠીંગણો અને લગભગ સાઠેકની ભરતીએ પુગે-લો હતો. તે તરતજ પેલી નારની સાંમેજ એક બેઠકપર બેઠો. પણ આથીતો તે દુઃખી છોકરીની છાતી વધારે અને વધારે ધડકવા લાગી અને તે કાંઇ બોલી શકી નહી. તેને આ રવેશે બીહધેલી જોઇને અમીર તેહમતન પોતાની બેટીની છેક લગોલગ જઇ તેને દીલાસો આપતો બોલ્યો.

"મારી પ્યારી બેટી, કાંએ, તું એમ કાંએ કરેછ? અરે જરા મારી ગમ તો જો. તું વગર ફોકટની બોહશ કાંએ કરેછ? હું કંઇ ખોટું નહી કરશ. એમ કરવાથી તુંને કશો ગેરફાયદો થવાનો નથી. તેમ મનેબી ઘણોજ લાભ થશે. શું તું તારા પેદર ઉપર વીશવાશ નહી મુકશે? શું તુંને તારા પેદરની દયા નથી આવતી? અરે દીકરી, નહીં- તો મારૂં શું થશે! મેહેલ કયાં જશે? હું પોતે કયાં રખરશ? આવી મોજ તું કયાં કરશે?"

"અરે પેદર, નહી નહી. એમ ના કરો. એક ગરીબ નાની ઝું- પડીમાં રહેવા હું ખુશીથી કબુલ કરશ."

"અરે પણ મારો વીચાર કર, બેટી. શું તું તારા પેદરની દયા નહી ખાશે?" તેહમતને આજેઝ દેખાવે પોતાની દુખ્તર તરફ ને- ગાહ કીધી.

"તેથી શું તમે મને મારી મરજી વીરૂધ દુઃખી કરશો? એક અંધારા ભયંકર ગારમાં વગર અચકવે મને હોમાવી દેશો, પ્યારા પે- દર?" તે દુઃખી નાર એક નીસાસો નાખી પોતાની ગુંગલાતી ઉંચક કાતી છાતીને જેમ તેમ દબાવતાં બોલી.

"નહી, બેટી, નહી. તારી એવી બોહશ નહી ચાલશે." અમીર તેહમતનનો મીજાજ હવે ચસકવા માંડયો હતો, અને હવે તે પોતાનો મિજાજ કાબુમાં રાખી ન શકવાથી લગાર ચીરડાઇને બોલ્યો.

પોતાના બાપની આવી વર્તણુક જોઇ પેલી દુઃખી છોકરી પો- તાની બેઠક ઉપરથી ઉઠી તેના પગ ઉપર માથું નાખી રડી પડી.

"મને માફ કરો, મને માફ કરો, દયાલુ પેદર" અને દયામણું મોંહ કરી તેની તરફ ઉંચે જોઇ કરગરીને તે બોલી—

"અરે પેદર, જરા નજર કરો. મારી આશા ઉમેદોનો ભંગ ના કરો. તમારા સ્વાર્થને ખાતર મને હંમેશની ઝુરી મરવા જેવી ના બનાવો."

"બસ, બસ! તારી એવી બકબક નહી ચાલશે! મારૂં મન નહી પીગળશે. મારો ઠરાવ નહી ફરશે" તેહમતન ગુસ્સે થઇ પોકારી ઉઠયો.

એટલું બોલી આ ઘાતકી બાપે પોતાની એક પુરી બેટીને પોતાના પગ આગળથી હડસેલો માર્યો અને તે દુઃખી છોકરી ટુતેલાં દીલ સાથે સાંમેની એક ખુરશી સાથે જઇને અઠડી. બરાબર આજ વખતે કોઇએ બહારથી બારણું ઠોકયું. અમીરે તરતજ તે ઉંઘાડયું અને બહાર ડોકયું કરી કોઇએ એક ચીઠી આપી તે ઝડપથી વાંચી લઇ બારણું પાછું બંધ કરી પોતાની બેટી તરફ ફરી બોલ્યો,

"અય છોકરી, મને શું જવાબ? મને મારી મરજી પ્રમાણેજ જવાબ જોઇશે; નહીં તો યાદ રાખ કે હું મારા ઠરાવનેજ વળગી રહી તેજ પ્રમાણે તુંને જબરીથી ચલાવવાનો!"

"અરે નહી નહી. મને એવી ધમકી ના આપો! મને થોડા વખતની મહોલત આપો, દયાલુ પેદર!"

"નહી બનશે! નહી બનશે! હું પા કલાકમાં આએ ચીઠીનો જવાબ રવાના કરી જલદી પાછો ફરૂં તેટલાં મને જે તે જવાબ આપવા તઇયાર થા, અય હઠીલી ગુલનાર!"

આટલું કહી ગુસ્સામાં અને ગુસ્સામાં બારણું અફાળી તે ત્યાંથી ચાલી ગયો.

આહા! ઓ તમે પોતાના સ્વાર્થથી અંધ બનેલા ઘાટકી બાપો! પોતાના તકલીદી સ્વાર્થને ખાતર પોતાનાં બચ્ચાંઓનાં સુખ છીણવી લેવા જેવા એ તમારા ગુનાહ માટે તે ખલકના ખાવીંદને શું મોહડું બતાવશો?

પ્રકરણ ૬ ઠું.

ખરેજ, એક દુઃખી છોકરી!

ખરેખર, ગુલનાર તે આએજ જવાન ખુબસુરત ઓરત—એજ કમનસીબ દુઃખી ઇરાની છોકરી–જેને ખાતર બેજનને પાછળથી દેશવ-.ટો લેવો પડયો. અત્યાર સુધી તો ગુલનાર બેજનની હસ્તીથી તદન બીનમાહીતગાર હતી. પ્યાર શું ચીજ તે આ છોકરી તે વખતે જાણ-તી હતી નહી. એકમેકની તસવીર વતીક પણ તેઓનાં જોવામાં આવી હતી નહી. આ નાર આ પ્રમાણે પોતાનાં બાપીકાં મકાનમાં તાસવીસ કરતી પડી હતી, ત્યારે જવાન બેજન તો શીરાઝ શેહેરમાં પોતાના મેહ-રબાંન, દીલસોઝ ઉસ્તાદની તાલીમ તળે રહી અમન ચમનમાં પોતાનો વખત કહાડતો હતો; જે ઉસ્તાદનાં મરણ પછીજ તે શીરાઝથી નીકળી પાયતખ્ત શેહેર ખાતે આવી પુગી પોતાના પેદરને એક અજાણી ખુ-બસુરત નાર સાથે ગોફ્તેગો કરતો જોઇ બેહદ અચરતીમાં ગરક થઇ ગયો હતો.

ગુલનાર વીસ વરસ સુધી તો પોતાના બાપના માયાળું આશરા તળે સંપુંર્ણ સુખમાં ઉછરી હતી, જે પછી આ બીન અનુભવી ની-રદોષ નારને દુઃખનો કડવો અનુભવ લેવો પડયો. અમીર તેહમતનની પડવી ઉમરાવોમાં ઘણી ચઢયાતી હતી અને તે એક તવંગર આસામી લેખાતો હતો. પણ જેમ જેમ તેના વરસો ભરાતા ગયાં તેમ તેમ તેણે વધારે અને વધારે મોજીલો અને ઉડાઉ બની, પોતાની આવકનો કાંઇ-બી ખ્યાલ કર્યાં વગર પોતાનો યા પોતાનાં ફરઝંદનો આગલો પાછલો કશો પણ વીચાર કર્યાં વીના બેહદ ખરચ કરી થોડાવારમાં તો પોતાનો

સર્વે ખજાનો ખલાસ કરી નાખ્યો. બધો ગંજ ગુમાવી સર્વસ્વ ખોહી દીધું. તેની ઉપર દેવું હવે વધુને વધુ ચહડવા લાગ્યું; તેની બીનઅનુભવી દુખતરને શી ખબર કે તેનો બાપ શું કરતો હતો? કોઇ દીવસે આવી બાબદમાં તે પડેલી નહી, પઇસા ટકાની જેણીને લેસભાર પણ માહેતી નહી કે એ બાબદનો બીલકુલ જેણે સેહેજ પણ ઇસારો મળેલો નહી, તો તે—નાવાકેફ બાળા—તે નીરદોશ નાજનીન શું જાણે કે તેનો બાપ પારકું નાણું કહડાવી પારકે પઇસે દીવાલી અને પારકાના માલપર ઉજાંણી કરી કરીને આવો મોટો ખરચ કરતો હતો!!

અંતે કમનસીબ બેજનનો પેદર નરીમાન, ઇરાનમાં સર્વથી તવંગર ગણાતો વેપારી નરીમાન પોતાના આ જાની મીત્રની મદદે આવ્યો. તે વગર બોલે અમીર તેહમતનને નાણું ધીરતો ગયો, અને આપ મતલબી તેહમતન વગર અચકવે તે ઉડાવતો ગયો. પણ થોડાવારમાં તેની બી હદ આવી લાગી. આ મુર્ખ અમીરની આંખ ઉઘડી અને તેનો વીચાર કરતાં તેના હોશકોશ ઉડી ગયા. તેનો નામીચો મેહેલ તો શું પણ તેની આસપાસની બધી ખોહલી મીલકતબી એક તડાકામાં વેચાઇ જતાં આ મગરૂબ અમીર લોકોનું માંગતું પુરેપુરૂં આપી રહયો નહી.

માલેતુજાર વેપારી નરીમાન—બીન—કેરસાસ્પ, જે પોતાના મીત્રના મકાનમાં હમેશ આવતો જતો હતો, અને જેણે અમીર તેહમતનની અચ્છી અચ્છી પરોણાગત ચાખી હતી, તે હવે નીમકહલાલ નીવડી પોતાના દોસ્તની મદદે આવ્યો. તેણે પોતાના જાણી મીત્રની પડતીના વખતમાં એક વફાદાર અને દીલસોઝ દોસ્ત તરીકે તેની પડખે ઉભા રહી તેને દરેક મદદ આપવાનુનું દરૂસ્ત વીચાર્યું. મગર આ તેની મદદ અને આ તેની વફાદારી કેવી? નરીમાન—બીન—કેરસાસ્પની પોતાના અઝીઝ દોસ્ત અમીર તેહમતનની તરફની પોતાની આ

નીમકહલાલી કેવી? પોતાનું સઘળું માંગતું લેહેણું માફ કરી સામી વધારે મદદ કરવાની તેણે મરજી દેખાડી એક મીત્રનો મીત્ર તરફનો મીત્રભાવ કેવો હોય તે તેણે બતાવવા જણાવવા ચાહયું. પણ તેના બદલામાં આ ઉદાર દીલના મર્દે શું માગ્યું? ખુબસુરત ગુલનારના હાથની તેણે માંગણી કરી. કોણને માટે? પોતાના એક પુરા જવાન બેટાને માટે? યા પોતાના કોઇ અતલગના મીત્ર માટે? નહી. આ બુઝર્ગ તવંગર વેપારીએ ખુદ પોતાને માટે તે કમનસીબ છોકરીની, પોતાની દુખતર સમાનની ઉમરની ગુલનારની માંગણી કરી. તે હવસી હયવાને પોતાની ઉમર સાથે ગુલનારની ઉમર સરખાવાની જરા પણ કાલજી ન કરતાં પોતાની આ બેહયા અને નીર્લજ માંગણી રજુ કરી. મજાહમાં ચકચુર, ઠાઠમાઠે ભરપુર, એકલપેટા અમીર તેહમતને આ બેહુંદી માંગણી પોતાની બેટીનું હીત હઇડે ધરી ધીક્કાર સાથ તરછોડી કાહડવાને બદલે તેથીજ ઉલટું પોતાના દોસ્ત નરીમાન તરફની આ માંગણીને સ્વાર્થથી આંધલા બનેલા તે સંગદીલ અમીરે એક મેહરબાની સમાન ગણી તે સ્વીકારી.

થોડાક અરસાની ગેરહાજરી પછી અમીર તેહમતન દીવાનખાનામાં પાછો દાખલ થયો.

"કેમ બેટી, શું જવાબ?" તેણે પુછ્યું. આ સાંભળી ગુલનાર તરતજ પોતાના વીચારોમાંથી ઝબકી ઉઠી અને એક ઉંડો નીસાસો નાખી બોલી, "ઓ! ખુદા ખાતર તમે મને ના સતાવો!"

"કંઇ ઘેલી થઇછ, ઘેલી? હું તારો પિદર તને કદી સતાઉંબા?"

"ખચીત હું ઘેલી બનીછ. તમારી સતાવણીઓ મને ઘેલી કરેછ." ગુલનારે એક ઉંડો નીસાસો નાખી જવાબ આપ્યો.

"ઠીક પણ હવે તું શું કેહવા માંગેછ?"

"પીદર, મારા માયાળુ પીદર, દયા, દયા! બસ એટલુંજ હું તારી પાસે માંગુંછ!" તેણી તેની તરફ ધસી જઇ ગુંઠણ ઉપર પડી બોલી.

"ગુલનાર ચુપ! તારા એવા ઢોંગ છોરી દે."

"યા ખુદા!" ગુલનાર તેહમતન તરફ ટીકી ટીકીને જોતાં બોલી. "ઓ ઘાતકી પેદર, તારી એવીજ મરજી છે તો જા, ઓ જુલ્મી, તારા હુકમને હું અંતે નાસીપાસીથી તાબે થાવુંછ."

એટલું બોલી આ કમનસીબ છોકરી, પોતાના બાપથી હવે કમ-કમતી હોય તેમ તેની નજદીકથી ચાલી ગઇ અને એક બેઠક ઉપર તુટી પડી રડવા લાગી. તે દયાહીણ બાપ, પોતાની બેટીને કાંઇ પણ દીલાસાના સખુન કહયા વગર ત્યાંજ એકલી પડતી નાખી ચાલી ગયો.

પ્રકરણ ૭ મું.

ગુલનાર અને રોદાબે.

ગુલનાર એકલી પડી પોતાની ઉપર આવી પડેલા દુ:ખથી દબાઇ બે ધ્યાન પડી હતી, એવામાં તેના ઓરડાનું બારણું હળવેથી ઉઘડયું, અને કોઇએ અંદર દાખલ થઇ તેટલીજ સંભાળથી તે પાછું બંધ કરી દીધું. આ નવી હીલચાલની ગુલનારને કશી ખબર પડી નહી. ધીમે ધીમે તે દુ:ખી છોકરીની નજદીક તે દબે પાંઉ દાખલ થનારે આવી લાગી, થોડીક પળ સુધી તેને ખુબ ધ્યાનથી ટીકીયા પછી, ગુલનારનું મોહડું તેના બન્ને હાથોની વચ્ચે ઢંકાયલું હોવાથી તેને ઉઠાવવાની મતલબથી આ ભેદી આસામીએ તે છોકરીના શરીર ઉપર માયાથી હાથ ફેરવવા માં

યો. પણ તેજ પળે એકદમ ચોંકી પોતાનો હાથ અતી ઝડપથી પાછો ખેંચી લઇ, અજાયબીથી તે કમનસીબ કુમારીકા તરફ એકી ટગ-ટીકવાનું તેણે શરૂ કર્યું.

થોડો વાર બેહદ અચરતીથી તે છોકરી તરફ ટીકયા પછી "ગુ-લનાર, ગુલનાર" કરી સાદ મારીને તેને હીલવીને ઉઠાડવાની ઘણીબી કોશેશ કરી, પણ ગુલનાર તરફથી કશો જવાબ મળ્યો નહી. આ ઉ-પરથી તેના દીલમાં ધભરાત પેઠો; પણ તરતજ તેણે હીમત એકઠી કરી, પોતાની આસપાસ બારીકીથી નજર નાખી, ગુલનારના ઠંડા પડી જતા શરીરને સંભાળથી એક કોચ ઉપર મુકી, તરતજ બહાર દોડી જઇ બે ત્રણ મીનીટમાં એક નાના દાબડા સાથે પાછા ફરી દી-વાનખાનાનું બારણું અંદરથી મજબુત બંધ કરી લીધું.

તરતજ તેણે આ દાબડામાંથી કપડામાં વીંટાળેલી એક નાની શીશી કહાઢી તે છોકરીને સુંધાડવાની કોશેશ કરી; પણ જયારે કંઇબી અસર થતી જણાઇ નહીં ત્યારે આ શીશી તેની અસલ જગાએ પાછી મુંકી દઇ, ગુલનારને પોતાના ખોળામાં લઇ તેને જલદીથી હુશીઆર કરવા માટે બીજા ચાંપતા ઉપાયો તેણે લેવા માંડયા. તેણે હવે આ દાબડામાંથીજ બીજી શીશી કહાઢી અનેક જાતની દવા એકએકમાં ભેલી તે અજમા-વવાનું શરૂ કર્યું. આ ઉપાયો પુરતી ખંત અને ધીરજથી અજમાવી પોતાના મન સાથ તેણે બબડવાનું શરૂ કર્યું.

"જાંહ છે તાંહ કંઇબી નવું જુનું થયુંછ ખરૂં પણ મેં એટલા બધાની આશા રાખી હતી નહીં. આએ તો કંઇ વધારે થયલું દીસે છે. એની આખમાં આંસુ; એના પેદરની આખમાં આતશ. પોતાની બેટી આગળથી એ હમણા આવ્યો ત્યારે મારી આગળતો કાંઇ બોલ્યો નહી. કોણ જાણે, કમનસીબ ગુલનાર, એનો છેડો કેમ આવેછ? પણ નહી

છેલ્લી ઘડી સુધી હું તુંને સંભાલસ. ગુલનાર–ગુલનાર! તારા સીવાએ હવે મને બીજા કોણની દરકાર છે?"

અંતે ગુલનારમાં હુશીઆરી આવતી ગઇ, અને થોડે વારે પોતાની આંખ ઉંઘાડી આસપાસ જોવાની તજવીજ કરી, તરતજ તે પાછી બંધ કરી દીધી.

"બેટી બીહ ના, એતો હું છેવું."

"હું હમણા કાંહ છેવું?" ગુલનારે આંખ બંધ રાખીને ધ્રુજતાં ધ્રુજતાં પુછ્યું.

"ગુલનાર ઘભરા ના. ધીરજ ધર, તુંતો મારા પાસામાં સહી સલામત છે."

પણ આ શબ્દોથી સધ્યારો લેવાને બદલે તે દુઃખી નારતો ઘભરાઇને બોલી ઉઠી. "પાસામાં? કોણના? નર—" એટલું બોલી તે અટકી ગઇ. તેની જબાન ઉપડી શકી નહી અને ઘણીજ કમકમતી હોય તેમ તે ધ્રુજવા લાગી.

"મારી પ્યારી શેઠાણી હીંમત પકર. ધીરજ રાખ. એતો હું તારી દાસી રોદાબે. શું તું તારી રોદાબેને બી નથી ઓલખતી? તેનો સાદ શું તું નહી પીછાની શકતી?"

હવે ગુલનારે પોતાની આખ ઉઘાડી અને રોદાબેને જોતાં વાર તેને ભેટી પડી તે રડવા લાગી. અને આજીજી ભરેલા અવાજે બોલી:—

"રોદાબે! રોદાબે! મને અંહીથી નહસાડી મુક!"

પછી રોદાબેની બગલથી છુટી થતાં તેણીએ કહયું. "રોદાબે, તારી સલાહ પ્રમાણે આખરે મેં મારા પેદરને ખોટો જવાબ આપી

છેતર્યો છે; કારણ કે તેં કહયું તેમ હુંબી બીહધી કે નહીંતો રખે એ ઉતાવળ કરી કંઇ બીજો ઉપાય લે."

"શું? એ બધું હમણાજ બન્યું કે? મને જણાવ કે તારા કમબખ્ત પિદરની વલાણ કેવી છે?" તે વફાદાર દાસીએ આતુરતાથી પુછયું.

ગુલનારને પોતાના સખત દીલના પિદરની વરતણુંકની યાદ આવતાં આંખમાં આંસું આવી ગયાં. તેણે પેહલાંથી તે આખેર સુધી બનેલી સર્વ હકીકત રોદાબેને કહી સંભલાવી. આ દુઃખદાયક હેવાલ સાંભળી તે કાંઇ બોલીજ નહી. અમીર તેહમતનની પોતાની બેટી તરફની આ ધાટકી અને દયા વગરની સંગદીલ વરતણુકથી તેને ઘણુજ લાગી આવ્યું, અને આ વફાદાર સ્ત્રી મુગી બેસી રહી.

"પણ રોદાબે, તું પાછી કયારે આવી?" અંતે ગુલનારેજ ચુપ કીડી તોડી.

"હું હમણાજ શીરાઝથી આવી. મારા સગા સાથ મને જે છુપો બંદોબસ્ત કરવો હતો તે મેં કીધો છે. આપણને એની મદદ ઘણી કામ લાગશે."

"અરે જો હમણાજ એને બોલાવ" ગુલનાર કાલાવાલા કરી બોલી.

"નહી, નહી. મારી ભોલી શેઠાણી, જરા થોભ. બધો બંદોબસ્ત નક્કી કરીને પછી કુસરેવજ પાસ આપણે પેગામ મોકલશું"

"કોણ? પેલા ખુંધા પાસ? અરે એ બરાબર જશે કે? રખે કંઇં છબરડો કરે?—મને તો એની પર એક આટલો વીસવાસ નથી જો રોદાબે!!"

"બેટી તું ધીરજ ધર, એમ છેકજ બે વિશ્વાસુ ના થઇ જા"

રોદાબે તેને પસવારતી બોલી. "તે કીરતાર સઉ સારૂંજ કરશે!"

"અરે હું જલદી આએ મકાન છોરી જાવું તો કેવું?"

"દિકરી, એટલી બધી ઉતાવળ કરવી સારી નથી કેમકે નહી તો બધો ધાણ બગડશે. આપણને એવી રીતે કામ લેવું જોઇએ કે કોઇને શક જાય નહી."

અરે પણ હું કેમ ધીરજ ધરૂં? મારો પિદર હવે નરીમાનને અહીં લાવ્યા વગર રહેશે નહી. જો રોદાબે મને બચાવ! ખોદા ખાતર જલદી કર!" તે કમનસીબ છોકરી ઘણાજ કાલાવાલા કરવા પડી.

વફાદાર રોદાબે પોતાની આંખોમાં ભરાઇ આવતાં આંસુ ખંખેરી નાખી પોતાની શેઠાણી પાસે જઇ તેને એક હકદાર માવતર જેવાં મમતા ભર્યાં વહાલથી પેટમાં દાંબતાં બોલી:--

"પ્યારી ગુલનાર, હું તુંને મારી બેટી સમાન ચાહતી આવીછ તો હવે શું હું તુંને તારા દુશ્મનોને હાથ જવા દેવશ? નહી, નહી, કદી નહી! અરે ગુલનાર, હું તારો એક બાલબી વાંકો થવા દેવાની નથી. જ્યાં સુધી આ મારાં તનમાં જોર હશે ત્યાં સુધી હું તુંને બચાવવાને દરેક કોશેશ કરશ. પણ તું જરા ધીરજ ધર, હીંમત પકર. મારો તે દુરનો સગો ગુસ્તાદ તીરંદાઝ તારી બાજુમાં ઉભો રહી તારાં દરેક દુઃખો દુર કરીને તારો મદદગાર બની પોતાની સગી તરફની નીમકહલાલી અને વફાદારી પુરવાર કરશે."

"આહા! રોદાબે, મારી મુસકેલીના વખતમાં તું મને જે મદદ કરેછ તે તારો ઉપકાર હું કેમ ભુલશ?" ગુલનારે હેશાનથી ઉભાંતી છાતીએ કહયું.

"મારી બેટી, મારી ગુલનાર—મારી શેઠાણી!" રોદાબે દચકાંઓ

ખાતી બોલી, "એક વખત હું માદર બની હતી, મને એક ફરજંદ—એક બેટી હતી."

"શું તારી એક બેટી હતી! તે ક્યાં છે?" ગુલનારે ખરી દીલસોજીથી સવાલ કર્યો.

"અફસોસ આજે તે મારૂં પ્યારૂં બચ્ચું મારી ગોડમાં રહ્યું નથી; તો જો કે એક માદર તરીકેની મમતા હજી મારાં જીગરમાંથી સુકાઇ નથી, જે મમતા, ગુલનાર, મારી કમનસીબ શેઠાણી, તારી ભલાઇ—તારી નેકબખ્તીમાં હું કોઇબી જોખમે ખર્ચ કરવા હર હમેશ તઇઆર છું."

"ઓ! તારો ઉપકાર, મારી ભલી રોદાબે, હું કેમ ફેરવસ!" "રોદાબેની છાતી ઉપર માથું નાખી દઇ ઉપકારી જુસ્સાઓથી તે સુંદરી બોલી.

"તું એટલું ખુબ ધ્યાન રાખજે," રોદાબે ગુલનારના કાનની છેક લગોલગ જઇ ધીમેથી બોલી, "કે જો તારા પેદરને યા નરીમાનને જરાબી શક—જશે દગાનો સહેજબી સંસારો પરશે તો તેઓ તારી શાદીની ઉતાવળ કરશે અને આપરી હીકમતો ઉંધી વળશે. ખુદા કરેને એમ ન થાય!" અને તે બંને જણાં, તે ખુબસુરત છોડી અને તે વફાદાર દાસી—જુસ્સાથી ઉભરાતી છાતીએ એક મેકને વળગી પડ્યાં, અને રોદાબે ગુલનારના કાનમાં ધીરજ અને હીંમતના સુખનો રેડવા લાગી.

પ્રકરણ ૮ મું.

ખરો પ્યાર તે એનું નામ.

ગુલનારે હવે રોદાબેની સલાહ પ્રમાણે પોતાની ખરી લાગણીઓ દબાવી દઇ પોતાના ખુદા આશક નરીમાન તરફ વરતવા માંડયું.

અમીર તેહમતનતો પોતાની બેટીમાં આ નવો ફેરફાર થયલો જોઇ, તેણીના આચારવીચાર અને રીતભાતમાં આટલો ફરક પડેલો જોઇ અચરત તેમજ ખુશી થતો હતો. પણ રોદાબેનો દહાડો ભરાઇ ચુકયો હતો. તેણીની નેકીપર બદમાશોની બદીનો પંજો પડી ચુકયો હતો. ખુંધો કસરેવજ, જેની ઉપર તે વીશવાશ મુકતી હતી, તેણે અંતે તેણીને ઠાપ ખવાડી.

એ લોભી ખુંધાએ બાપડી રોદાબેની ભરભરી ભોલાઇનો લાભ લઇ ગુલનારની મદદગારીમાં હમશરીક થવાને બદલે તે કમીના કસરેવજે હવે તેથી ઉલટુંજ, તેણીથી દગો રમવાનું શરૂં કર્યું. રોદાબેએ તેની ઉપર પુર વીશ્વાશ રાખીને પોતાની મતલબને અનુસરતો એક પેગામ પોતાના સગા ગુસ્તાદ તીરંદાઝ ઉપર શીરાઝ ખાતે રવાના કીધો; પણ કસરેવજ કાંઇ શીરાઝ પોંહચ્યો નહી. તેણે શીરાઝ તલકની મુસાફરીની મુસીબતો ઉઠાવવાનું દરૂસ્ત ધાર્યું નહીં. તેણે વીચાર કીધો કે "શીરાઝ વેર જઇને મારી મેહનતનુ દામ ચુકવી લેવું તે કરતાં અહીંથીજ જો મળી શકતું હોય તો કેમ? રોદાબે યા ગુસ્તાદ સાથ મને કામજ શું છે? મને તો ફકટ દામ સાથેજ કામ છે."

અંતે તે પેગામ તેના હકદાર હાથોમાં સોંપાવાને બદલે સં-

ગદિલ અમીર તેહમતના હાથમાં જઇ પડયો. રોદાબે પોતાના સગા સાથ શું સંદેશા ચલાવતી હતી તેની હવે તેહમતનને ખબર પડતાં તેના ગુસ્સાનો પાર રહયો નહી. ગુલનારને તે માટે કશો પણ દોષ દેવા વીના, રોદાબેને એકદમ પોતાનાં મકાનની બહાર તેણે હાંકી કહાડી, ફરીથી કદી તેણે વચ્ચે આવવું નહી એવી આ વફાદાર સ્ત્રીને તેણે સખ્ત તાકીદ કરી. લુચ્ચા કસરેવજને તે દીવસથી ગુલનારની હીલચાલ ઉપર છુપી દેખરેખ સોંપવામાં આવી.

નસીબ બચારી ગુલનારનાં!!! તેને દીલાસો દેવા હવે કોણ રહયુ હતું? પણ નહી. વફાદાર રોદાબે તેને છોડી ગઇ નહી. તેણે પોતાની ઉલટ ચાલુ રાખી; આ દુઃખી છોકરી માટેની પોતાની અત્યંત કાલજી જારી રાખી. ગુલનાર સાથે તેનો વેહેવાર તો ચાલુ હતોજ. પેલા ખુંધાની નજર ચુકાવી તે પોતાની શેઠાણીને છુપી રીતે મળતી. મહેલની આસપાસ પડેલી વીશાળ જગ્યામાં પાછળે દરવાજે દાખલ થઇ પોતાની ટક સાચવી તે છુપી રીતે આવજાવ કરતી. ગુલનારને તે વધુ ધીરજ અને હીંમત આપતી જેનાં પરીણામમાં ગુલનાર પોતાના દિલથી ઉલટી લાગણીને હજી સુધી રસ્તો લેવા દેવામાં ટકી રહી હતી. અમીર તેહમતન અને નરીમાન તે છોકરીને તેઓની મર્જી મુજબજ વર્તતી જોઇ ઘણા ખુશી થતા હતા. તે પથ્થરની છાતી ધરાવતા હેવાનોને શું ખબર હોય કે તે બાપડી બાળા ઉપરનો આવો ખુશ દેખાવ કરતી બાતેનમાં વધુ અને વધુ ખવાતી જતી હતી?

આહા? પોતાનાજ તુચ્છ સ્વાર્થ સોધતાં હઇયાંનાં આંધલાં આપમતલબીઓ ખરૂં ખોટું પીછાંણી, જોઇ શકતાં હોય તો પછી દુઃખજ શાંનું? પણ એમ જોઇ શકે છેજ કોણ? એમ હોય તો જગતમાં કેટલા દુઃખી જીવડાઓ આરામમાં રોલતા બની જાય?

ગરીબ બીચારી ગુલનાર!! તેણીને મનસે તો આ ખોટો દેખાવ કરવો ઘણો ભારી હતો, બલકે દુ:ખદાયક હતો. રોદાબેને પણ હવે વધુ સાવચેતીની જરૂર હતી. મતલબી કસરેવજની તીક્ષણ આંખ આગળથી છટકવું એ કાંઇ જેવું તેવું કામ ન હતું. ગુલનારને તેની ઉપર આવી પડતી આફતમાંથી કેવી રીતે બચાવવી તેના કશાપણ નીવેડા ઉપર તે આવી શકી નહી.

આજ કારણને લીધે તવંગર વેપારી નરીમાનના બાગમાં ગુલનારને તેની પોતાની મરજી ઉપરાંત, નરીમાન સાથ બેસી ગુફતેગો કરતી આપણે એક આગળાનાં પ્રકરણમાં જોઇ આવ્યા છીએ. તેજ દીવસે એ કમનસીબ છોકરીની જીંદગીમાં નવો સફો ઉમેરાયો. જે જવાનને માટે તેણે ઘણું સાંભળ્યું હતું તે અંતે તેના જોવામાં આવ્યો, પ્યાર એ શું પવીત્ર ચીજ છે તે આ ભોલી છોકરીએ તે ઘડીએ જાણ્યું. અને તેબી કેટલા વારમાં? એક પલકારામાં, આંખના એક લેહજામાં આય એક પારેકો જવાન આ નીરદોષ છોકરીનું દીલ જીતી ગયો.

શું પ્યારની લાગણી માટે વરસો જોઇએ? પ્યાર શું શીખાડેલો શીખાતો હશે? ના, ના!! રોજે આવલથી આય જગતની આ મીઠ્ઠી મોતેબર મજા જગતમાં પોતાનો વાસો કરી રહી એક બીજાને એક બીજાની મીઠ્ઠી બાંધણીમાં ખેંચી રહી છે. એ તે પવીત્ર ચીજ છે, એ તે મીઠું દરદ છે કે જે ઘણાંઓનાં દુ:ખનું તેમજ ઘણાંઓના સુખનુ સાધન થઇ પડ્યું છે. એ તે મીઠ્ઠી મૌજ છે કે જેનું દુખ પણ મીઠાસ ભર્યું થઇ પડે છે. પ્યાર, તારા મીઠાસની લહેઝત તો જે જાંણે તેજ જાંણે!! નરીમાન મહીનાના મહીના ફાંફા મારવા છતા ગુલનાર તરફથી પ્યારનો એક કતરો માત્ર પણ મેળવી શકયો નહી. તેના પઇસા ટકા તેણીનાં જીગરપર કંઇ અસર કરી શકયા નહીં, જ્યારે આ જવાં-

નની આંખ્યોસે આંખ્યો મલતા સમેત આ ગુલનારે પ્યાર શું તે શીખી લીધું, અને હવે તવંગર નરીમાન વરસોના વરસો સુધીબી ફાંફા મારે, તો પણ તેનો એક ઝાંખો પડછાયો વતીક તે મેળવી શકે એવો જરા પણ સંભવ કે જરા પણ આશા તેને માટે રહી હતી નહીં.

એક તદન અજાણ્યા જવાન સાથે પોતાની આંખ મળતાં આ નીરદોષ છોકરીની આંખ ચમકવા લાગી; અને અંતે તેણે લજવાઇને નજર નીચી નાખી દીધી. પેલા જવાન ઉપર પણ એક આવી દુઃખી છોકરીને જોતાં કેવી અસર થઇ ગઇ, તેનું જવાન જીગર તેણીની આંખ્યોનાં તેજથી કેવું આરપાર ચીરાઇ ફસાઇ છેડાઇ ગયું તેતો આ આગલના આપણે જોઇ ગયા છીએ.

આ આશક માશુક છુપાં મળવા લાગ્યાં. પણ ખુંધો કસરેવજ આ વખતે કયાં ચોકી કરતો હતો? આ ઠગારો ખુંધો તો તે વખતે અમીર તેહમતનના કામસર બુશાયર રોકાઇ જવાથી બેજન તેને જોવા પામ્યો ન હતો. રોદાબેની બેજન સાથે મુલાકાત થતાં તે આ બન્ને જવાનોને ધીરજ આપતી હતી. મેહેલમાં રહેલી નવી દાસી પણ ગુલનારની તરફેણમાં ખેંચાઇ ગઇ હતી. એક આવી. જવાન ખુબસુરત નાર માટે તેણીનાં ગમભર્યાં દુખમાં કોણ દીલસોજી ન દેખાડે?

પણ આપણે શરૂઆતમાંજ જોઇ આવ્યા તેમ આ કમનસીબ કુમારીકાનાં આ બે ઘડીનાં સુખનો પણ છેડો આવ્યો. બેજન પોતાની છુપી મુલાકાતમાં એક દીવસ ભોગચોઘડીએ અમીર તેહમતનને હાથ પકડાઇ જતાં, વગર કારણે દેશનીકાલ થયો. વધુવાર દુઃખમાં રીબવા કરતાં બેજન સાથે જઇ તેની રખડમાં ભાગ લેવાનો ગુલનારનો ઘણો વીચાર હતો, પણ રોદાબેએ તેને એ પગલું ભરતાં અટકાવી. તેહમતન અને નરીમાન બધી રીતે દરબારમાં પુર જોરેમંદ હતા તેથીજ બેજન પાછળ હઠયો હતો.

આ પ્રમાણે બેજન પોતાની માશુકને ખાતર દેશનીકાલ થવા પામ્યો અને નામચીન લુટારા ગબરૂ સાથે તેનો મેલાપ થતાં, તેણે લુટારાનો વેષ ધારણ કીધો. ગબરૂનાં મરણ પછી તે ગુફા છોડી બહાર નીકળ્યો, પણ ગુલનાર વીષે કશી બાતમી તેને મળી શકી નહી. રોદાબેનો પણ પત્તો તેને મળ્યો નહી. અને આ પ્રમાણે રખડતાં રખડતાં બુધા લોહરાસ્પ અને તેના રસાલા સાથે તેનો મેલાપ થવા પામ્યો હતો, જેને પણ છ મહીના પસાર થવા છતાં ગુલનાર વીષે કશી પણ બાતમી તેઓ મેળવી શકયા ન હતા.

પ્રકરણ ૯ મું.

બુંધાની બુંધમાં દલીલોનો શું દોરો?

રોદાબેનો પણ પત્તો નહી ત્યારે તેનું શું થયું હતું? શું તે હારી ખાઇને પોતાની શેઠાણીને છોડી ગઇ હતી? આ નીમકહલાલ સ્ત્રી જેણે પોતાની વફાદારી છેલ્લે સુધી ટકાવી રાખી હતી તેણી અંતે ગુલનાર આગળથી એકદમ ગુલ થઇ ગઇ હતી. તેના હરીફોએ તેને પોતાના રસ્તામાંથી દુર કરી હતી. એક રાતે નભરવસપણે તેણી પોતાની દુઃખી શેઠાણી સાથ વાત કરતી હતી તેવામાં કસરેવજ ત્યાં આવી પુગ્યો.

અફસોસ કે તેણી છટકી જાય તે અગાઉ તો આ બુંધાએ તેણીને પકડી અને મદદ માટે તે બુમો પાડવા મંડી ગયો. રોદાબેએ તેને પોતાની આગલી ભલાઇ અને મેહેરબાની યાદ દેવડાવી, ગુલનારે તેના ઘણાબી કાલાવાલા કર્યા, પણ ફોકટ. અંતે નાસીપાસીએ ગુલનાર

પોતાનાં ગળાંમાંનો કીમતી મોતીનો હાર તે લોભી ખુંધા તરફ ફેં-કીને બોલી,

"આએ મારી પ્યારી માદરની એકજ યાદ મારી પાસ છે, તે ભલે તું લે, પણ ખુદા ખાતર તું એને છોડી દે."

તે બદમાશ પીગળયો. આવી એક દુઃખી કુમારીકાની આજીજી થી તો નહીજ, પણ મોતીનો ચલકાત જોઇ તેની પાપી આંખો ચમ-કવા લાગી, પણ હજી તો આ હાર પોતાના હાથમાં લઇ તે કોઇ ઠેડાવ ઉપર આવે, તે આગમજ અમીર તેહમતન તેની બુમો સાંભળી શું બનવા પાંમ્યું છે તે જાણવા ત્યાં દોડી આવ્યો.

એકાએક વીજળીનો એક ઝટકો લાગ્યો હોય તેમ ગુલનાર તો પોતાના પેદરને જોતાંજ એકદમ ચોંકી ધ્રુજવા પડી, પણ તરતજ પો-તાની અસલ હીંમત પાછી એકઠી કરી તે હાથ જોડી પોતાના બાપને કાલાવાલા કરતી બોલીઃ—

"દયાલું પેદર, એટલો ગુનાહ એને માફ કરો."

"કોણ? રોદાબે? ફરી મારાં મકાનમાં? નહીં બનશે, નહીં બ-નશે," એટલું બોલી તે સખ્ત દીલના બાપે પોતાની બેટીને એકદમ ત્યાંથી ચાલી જવા ફરમાવ્યું. અને કસરેવજ તરફ ફરી તેના હાથમાં પકડેલો મોતીનો હાર અજાયબીથી ટીકતો ઉભો.

કસરેવજ કરતુકી પેહેલાં તો ફગલાયો, ઘભરાયો. પછી ચુપકીદી તોડી તેણે નીચે પ્રમાણે ખુલાસા કરવા માંડયો. શું તે ખરો ખુલાસો હતો? સદંતર ખોટો, બાલેબાલ જુઠો! તેની પાપી ખુંધમાં પોતાના બચાવ માટે દલીલોનો શું ટોટો?

"અય ગરીબ પરવર" તેણે પોતાની ચાપલુસી શરૂ કરી, "જો આએ તારી ભલાઇનો બદલો! આય નિમકહરામ રોદાબે તરફ નેગાહ

કર! અય નામવર, આય નીમકહરામ સ્ત્રીને મેં પાછળે દરવાજે મેહેલમાં દાખલ થતાં જોઇ. હું તેની પુઠે ગયો તો મેં ત્યાં શું જોયું? આય મોતીનો હાર ચોરતાં જોઇ. શું તે વખતે એની ચપલાઇ?"

"પછી, પછી?" અમીર તેહમતને અધીરાઇથી પુછ્યું.

"પછી જેવી એ બહાર નીકળી કે ટક સાંધી મેં એને પકડી. ગડબડ થયાથી નામવર બાનુ ગુલનાર ત્યાં આવી લાગી. અય નામવર અમીર, શું કહું આ તારી ભલી અને દયાળુ બેટી માટે! રોદાબેને છોડી મુકવા તે મને ઘણાજ કાલાવાલા કરવા લાગી. નામવર બાનુ ગુલનારની આજેજી જોઇ મને આંખમાં પાણી આવી ગયાં; પણ મારી ફરજ બજાવવા સીવાએ હું બીજું કાંઇ કરી શકયો નહી. તેટલા તો તુ નામવરનું આ તરફ આવીં પોંહચવું થયું. આએ રહયો તે કીંમતી હાર." એટલું બોલી આ લુચ્ચાએ તે હાર અમીર તેહમતનના હાથમાં મુકી દીધો અને કમનસીબ રોદાબે તરફ ફરીને તે બોલ્યો—

"મને માફ કરજે, રોદાબે. તેં મારી ઉપર આગળ ઉપકાર તો ઘણોજ કીધોછ, પણ શું કરૂ, હું દલગીર——"

"ચુપ, અએ બેઅદબ જુદા, ચુપ." રોદાબે ગુસ્સામાં પોકારી ઉઠી, "આએ બધા તારી ખુંધના પ્રાકરમ છે. ખ્યાલ કર કે તું ખુદાને શું જવાબ આપશે!"

"ખામોશ!" અમીર તેહમતન ગુસ્સાથી બખાર્યો, અને તેણીને પોતાના રસ્તામાંથી દુર કરવાની આ એક અચ્છી તક તેને જણાઇ અને પોતાની મતલબ સાંધવા તેણી ભવિષ્યમાં ગુલનારને ન મળી શકે એવા ઇરાદાથી પોતાનો લાગવગ ચલાવી સતાવાલાઓને હસ્તક બાપડી રોદાબેને સોંપી આપી, જેઓએ કશાબી તપાસ–કશાબી તેહકીક વિના એક લાગવગયા દરબારીને ખુશ કરવા તે કમનસીબ નીમકહલાલ સ્ત્રીને કયદમાં નાખી.

પ્રકરણ ૧૦ મું.

સખત ટપાટપી—ગુલનાર ગુમ.

અંતે વાદળ ફાટું. રેદાબેને પોતાના રસ્તામાંથી દુર કર્યા પછી બીજેજ અઠવાડીએ બાપ અને બેટી વચ્ચે ટપાટપી શરૂ થઇ. એક બાજુ ગુલનારની હઠ અને તેના કાલાવાલા, બીજી બાજુ તેહમતનની સમજાવત અને તેની ધમકી.

"અય પીદર" ગુલનારે વધુ વાર ખોટો દેખાવ કરવાનો છોડી એક દીવસ ખુલ્લો એકરાર કરવા માંડયો. "અય પીદર, તારા સીવાએ મારૂં બીજું કોણ છે? આવી જે મારી હાલત થઇ તે તેં કીધી? મને હઠીલી તેં બનાવી; મને નાતાબેદાર થવાની ફરજ તેં પાડી." અને આ દુઃખી છોકરી પોતાના બાપ નજદીક ગુંઠણ મંડીએ પડી હાથ જોડી બોલી:—

"અરે મારા પિદર, દયા કર! ઓ અમીર તેહમતન, તારી એક પુરી નીરદોશ બેટી તરફ રેહેમની નજરથી જો; અરે મને ના તવલાવ, ના સતાવ."

ગુલનારને પેહેલાં તો ઉશકેરણીના બહારમાં બોલતાં સાંભળી અમીર તેહમતન દંગ થઇ ગયલો દેખાયો, પણ ગુલનારની કાકલુદીથી તેનું સખત જીગર પીગળ્યું નહીં; અને તે ધમકી આપનારા અવાજે બોલ્યો.

"અય નાફરમાન દુકતી, તારો પેદર જેમ કહે તેમ તારે કરવુંજ પડશે. તું પેલા નીમકહરામ બેજનનો ખ્યાલ નહીજ છોરવાની?"

"હા પીદર, હું તારી આગળ ખુલ્લો એકરાર કરૂંછ કે હું તેના ખ્યાલમાં ચકચુર છેવું.

"ચુપ, અય બેઅદબ! અમીર તેહમતન ગુસ્સામાં પોકાર મારી પોતાની બેઠક ઉપરથી ઉઠી ઉભો થયો. "તે કમબખ્તનું નામ હવે પછી કદી મારી આગળ લેતી ના. આવતે અઠવાડીએ તારી શાદી મને ગમશે તેની સાથે હું કરવાનો ને ફર કરવાનો."

"નહી; નહીં! કદી નહી, કદી નહી," ગુલનાર ઝનુનમાં આવી બોલી ઉઠી.

"હું મારો હાથ નરીમાનને કદી આપી શકીશ નહી!"

"અએ દગારી છોકરી" અમીર તહમતન પોતાની બેઠક પાછી લઇ બોલ્યો "ત્યારે હા કહી મને છેતરવાની તારી મતલબ શું?"

"માફ કર, પીદર. તેંજ મને તેવી ફરજ પારી."

"આંય—ગુલનાર–તું બોલેછ?"

"હા, હું બોલુંછ! ઓ સંગદિલ પિદર સાંભળ, કમનસીબ ગુલનાર બેજન સીવાએ બીજા કોઇનોબી ખ્યાલ જીનહાર કરી શકશે નહીં, બીજા કોઇ કોઇનબી પોતાનો પ્યાર વેચી શકશે નહી. બેજન–બીન–નરીમાન એજ મારો આશક, અને એજ મારો ખાવંદ!"

"ઓ હઠીલી અને બેઅદબ છોકરી? આએજ તારી તાબેદારી? તું યાદ રાખ કે હું મારી મકસદમાં પાછો ફરનાર નથી. તુંને તારી નેમમાં ફાવવા દેનાર નથી. કમબખ્ત બેજનનું સર તેનાં નાપાક ધડથી છુટું પાડી તારી સનમુખ રજુ કર્યા વગર હું રહેનાર નથી. આય તેહમતન અમીર કોઇપરબી ખીતીઓ તો કાંઇબી કરવે પાછો વલનાર

નથી. હું તમુને એઉને એવી તો રીતે છુટાં પારશ કે તે કયાં ગયો છે, યા તું કયાં છુપાઇ છે તે કોઇનું એક રૂવું વતીક જાણી શકશે નહી. આએ મારી ધમકી કાંઇ ખાલી નથી. હું કહેવા મુજબ બજાવીશ ને ફર બજાવીશ." એટલું બોલી તે સખત દીલનો બાપ પોતાની એકપુરી બેટીને છોડીને ગુસ્સાભેર ત્યાંથી ચાલી ગયો. અફસોસ, અમીર તેહમતનની ધમકી કાંઇ ખાલી ન હતી. આ મતલબી દયાહીણ શખસે પોતાનો બોલ પાલ્યો. થોડા વધુ દીવસમાં એવીતો છુપી રીતે ગુલનારને તેના મેહેલમાંથી ગુમ કરવામાં આવી કે તેની દાસીઓ વતીક જાણી શકી નહી કે તેઓની શેઠાણી કયાં ગઇ અને કયારે ગઇ. અને એજ સબબને લીધે બેજન ઘણીબી છુપી તલાસ કરવા છતાં પોતાની દીલબર વીશે કશી પણ બાતમી મેળવી શકયો નહી.

આ દુઃખદાયક બનાવ શાને લીધે બન્યો હતો? મગરૂર અમીર તેહમતનના લોભને ખાતર. તે મુર્ખ અમીરની મોટામાં મોટી ચીંતા અહીંજ આવીને અટકી ગઇ હતી કે જો તવંગર નરીમાન પોતાનાં નાણા માટે ઉઘરાણી કરશે, એટલે કે જો તે તેને તેના બાપીકા મેહેલમાંથી બહાર કહડાવશે અને તેની મોજમજાહ સર્વ જતી રહશે, તો તે શું કરશે. આ એકલપેટા અમીરને એક ચેહેરેનમુન નીરદોષ બેટી કરતાં તેની મોજ મજાહ વધારે પ્યારી હતી.

દુન્યાં! દુન્યાં!! ફોકટ મોજ મજાહ અને તકલીદી સુખ માટેની તારી લડત અને બાઝમબાઝીની હદ કયાં છે? ઓ, કયાં છે?

પ્રકરણ ૧૧ મું.

એક ભુલ—એક આફત!!

આપણે આ વાર્તાની વળાણ ફેરવી પાછા ખુલ્લા મેદાનમાં બાહેર પડીશું.

"અએ બીરાદરો, લાગત પંદર દીવસો સુધી રસ્તો કાપી વગર અડચણે મુસાફરી કરતા આપણે અહીં વેર તો સહીસલામત આવી પુગ્યા છઇએ, પણ હવે જરા સાવચેતી રાખવી પડશે. રસ્તો ઘણોજ બીકટ આવશે. આપણા આ પોલાદી દોસ્તોને તઇયાર કરી રાખવા પરશે. હવે જે છેટો આપણે પસાર કરશું તે ઘણો લાંબો છે, અને રાત પડવા સીવાએ ઉતરવાની કોઇપણ જગ્યાએ આપણ પુગવાના નથી. ઇરાનની મુસાફરીના એક ધાસ્તી ભરેલા માર્ગમાં હવે આપણે દાખલ થઇશું. એક ભોમીયા તરીકે, મારી આટલી નાની વયમાં, આજે પાંચમી વખત આએ હું રસ્તો પસાર કરી જઇશ."

"શું ત્યારે આજ જગ્યાએ પેલો ગબરૂ પોતાનું કામ આસાનીથી બજાવે છે?" તે વંજારમાંના એકે ચીંતાતુર સવાલ નાખ્યો.

ગબરૂ બોલ નીકળતાં પેલા જવાન ભોમિયા સીવાએ સર્વને ધ્રુજરી છુટી, અને તેઓના ચેહરામાં તરેહવાર ફેરફારો થવા માંડયા. આ જોઇને પેલો જવાન બોલ્યો, "બિહવાની શી જરૂર છે? આએ આપણો રસાલો કાંઇ જેવો તેવો નથી. શું આપણે આરબો હવે ઇરાનીઓને હઠાવી નહી શકશું? આએ આપણા ઇરાની પડોશીઓ હવે આગળના જેવા રહયા નથી. મેં આએ સુધાં ઇરાનમાં કેટલી વખત મુસાફરી કરી છે પણ મેં ગબરૂને એકબી વખત જોયો નથી. આપણો આએ

મોટો રસાલો જોઇનેજ એ ઇરાનીઓ નાહસભાગમાં પડશે. પણ કાંએ નહી તે બીજે ઠેકાણે રોકાયલો હોય?"

"પણ ત્યારે શું હજુર ગબરૂ પોતીકો લુટફાટનો ધંધો ધમધોકાર ચલાવ્યો જાય છે?" એક અધોર વયના શખસે હવે સવાલ કર્યો.

"હા. બીરાદર; એમ છે તો ખરૂ. વચમાં થોડો વખત તો એ ચુપ હતો, પણ હમણા થોડું થયું એ લોકોએ પાછી મજબુત બુમ પડાવવા માંડી છે."

સહવારનો વખત હતો કે જયારે ઉપલા શખસો આ એકાંત રસ્તે પસાર થતા હતા. આ મુસાફરો આબરૂદાર આરબ વેપારીઓ હતા, જેઓ સાથે માણસો ઉપરાંત ઉંટ ઘોડા અને બીજો વેપારી અસબાબ પુષ્કળ હતો. આ રસાલામાં વેપારીઓતો માત્ર બેજ હતા, પણ લુટારાઓની ધાસ્તીને લીધે પોતાના સાથીઓ તરીકે બીજા પંદર હથિયારબંધ જવાન લડાયક પુરૂષો તેઓને લેવા પડયા હતા. ખડતલ મજબુત બાંધાના આ મુસાફરો પુર હીંમતથી એકવીસ બાવીસ વરસની વના એક જવાન ભોમિયાની રાહબરી તળે કુચ કરતા હતા.

એવાંમાં એકાએક ઘોડાનાં પગલાં અને તરવારોના ખણખણાતથી ટેકડીઓ ગાજી રહી. હથિયારમાં સજ થયલા ૭ ઘોડેસ્વારો બન્ને બાજુએથી તેઓ ઉપર એકદમ તુટી પડયા, અને તેજ પળે હવામાં વીજળીના એક ચમકારા મિસાલ ચલકાત થતાં પેલો જવાન હીમતવાન ભોમિયો તતકાળ ચીચીયારી સમેત જમીન ઉપર ઢપકાયો.

આરબ મુસાફરો હવે પોતાના માનીતા ભોમિયાના આ ફેજથી અતયંત દલગીર થઇ ગયા, પણ હજુર તો તેઓ પોતાની દલગીરીમાંથી ફારેગ થાય તેટલાં બીજા પાંચ હથિયારબંધ સવારોએ સામેથી

ધસી આવી હવે તેઓને એકદમ ઘેરી લીધા. અણચીતાં હુમલાઓથી આ આરબો બેફામ જેવા બની ગયા, અને કમનસીબે તેઓ પુરા પાધરા બખ્તરમાંબી સજ થયલા ન હોવાથી થોડીક પળના અરસામાં તો તેઓએ પોતાના ચાર માણસોને જમીન ઉપર પટકાંતાં દીઠા.

હવેજ આ આરબોનો જુસ્સો ઉશકેરાયો અને કીનાની અગનમાં ઝનુની બની લડવા લાગ્યા. થોડાવારમાં તો લડાયક આરબોએ પોતાના દુશમનબરદોને માહાત કીધા. બે લુટારાઓ ઘાયલ થઇ જમીન ઉપર પડ્યા અને અફસોસ કે ત્રીજા ભોગ તરીકે તેઓનો માનીતો સરદાર બેજન પોતાના ઘોડાને ઠોકડ લાગવાથી જમીનપર ઝીખાઇને સજ્જડ ઠપકાઇ પડયો.

આ લુટારાઓએ આવી અસ્તવારી અને બહાદુરીથી આગળ કદી કોઇને લડતા દીઠા ન હતા, અને જ્યારે તેઓનો જવાન સરદાર ખાકમાં પડયો ત્યારે આ લુટારાઓના મોહડાં ફીકાં મારી ગયા. હવે એકમેકને ઇશારત થતાં તેજ પળે ત્રણ લુટારાઓએ હીંમતથી આરબોની વચ્ચે એકદમ ધશી જઇ, પોતાના ઘાયલ થયલા સાથીઓના ઘોડાઓને એકએક ઝરબથી ઠાર કીધા. આ હીલચાલ જોઇ પેલા આરબો તો અચરતીમાં ગરક થઇ ગયા, અને હજુરતો આ અજાયબીઓમાંથી તેઓ ફારેગ થાય તેટલાં બીજા ત્રણ લુટારાઓએ પોતાના ઘોડાની પીઠ ઉપરથી એકદમ કુદી પડી, જમીન ઉપરથી ઘાયલ થયલાં ત્રણ શરીરો ઉઠાવી અતિ ચપલાઇથી પાછા ઘોડેસ્વાર બની તેજ પળે ત્યાંથી પાછું નાઃહસવા માંડયું.

અંધારૂં થઇ ગયું હતું. થોડે ખટકે નીકળી જઇ તેઓએ ખોટો માર્ગ છોડી ખરો માર્ગ લેવાનો વીચાર કીધો. ઘોડા જરા ધીમા થયા અને એક જવાનેતો પોતાના સરદારનું શરીર પોતાના ઘોડાની પીઠ ઉપર બરાબર ટેકવવા માટે પોતાનો ઘોડો ઉભો કીધો. અરે પણ

તેને શું થયું? એકાએક તેણે શું જોયું? હજુરતો તે પોતાના સરદારનું શરીર પુરતાં માનથી ઉચકી બરાબર ગોઠવે તેટલાજ તો તે એકદમ ચોંકયો અને ચોંકવા સમેત તેજ પળે તે બહાદુર લુટારો બુમ પાડી પોતાનું સમતોલપણું ખોહી દઇ હાથમાંના બોજા સહીત જમીન ઉપર પડયો.

એવું તે તેણે શું એક જોયું હતું કે વીજલીના ઝટકા સમાંન તે આંચકો ખાઇ ગયો હતો? તે એક ગંભીર ભુલ હતી, જીવ સટોસટની આફત હતી.

પ્રકરણ ૧૨ મું.

દુશમનોના હાથમાં—છુટકારો.

ગયાં પ્રકરણમાં આપણે બેજનને પેલા આરબ વેપારીઓનાં માણસોને હાથે ઘાયલ થઇ જમીન ઉપર પડતો જોઇ ગયા છીએ, જ્યારે તેનાં બાકીનાં માણસો પોતાના ઘાયલ થયલા સરદાર અને સાથીઓને ઉપાડી લઇને નાહસી ગયા હતા. પણ અજાણપણામાં આ લુટારાઓએ ઘણી ગંભીર ભુલ કરી હતી.

અંધારાને લીધે ભુલથાપ ખાઇને આ માણસો પોતાના સરદાર બેજનને બદલે પેલા આરબ વેપારીઓના જવાન ભોમીયાને લઇને નાસી ગયા. હતા. પણ અફસોસ, હવે તેઓની દલગીરી શી ખપની હતી? પોતાના માનીતા સરદારને ખાતર તેઓ પાછા વાઘનાં મોંહડામાં જાય ખરા, પણ તેબી ન બની શકે તેવું હતું. પેલા આરબ વેપારીઓ તો લુટારાઓની ધાસ્તીને મારે ત્યા વધુવાર થોબેજ નહી.

હવે આ તરફ પેલા આરબોએ જયારે લુટારાઓની ઉપલી ભુલ જોઇ ત્યારે તેઓને એક રીતે દલગીરી અને બીજી રીતે ખુશાલી લાગી. પોતાના માનીતા જવાન ભોમીયા ઉપર આ ઘાતકી લુટારાઓ વેર લેશે એવા ખ્યાલથી તેઓ ઘણા દલગીર થઇ ગયા હતા, પણ બેજનને તેના પેહેરવેષ ઉપરથી એક સરદાર તરીકે પીછાણતાં તેઓને કાંઇ જેવી તેવી ખુશાલી ઉપજી નહી.

બેજનને થયલો જખમ નજીવો હતો. એક મજબુત ફટકો પડવાથી ગુમરી આવ્યાથી તે બેસુધ્ધ થઇ ગયો હતો. આરબ વેપારી તેને એક ઘણો કીમતી માણસ ગણી તેને હુશીઆરીમાં લાવવા માટે પોતાથી બનતું કરતા ગયા. તેઓને ઘણી ઉતાવળે કામ લેવાનું હતું, કારણ કે લુટારાઓ પોતાની ભુલ જોઇ તરતજ મોટી સંખ્યામાં ઉતરી પડશે એવી તેઓને ધાસ્તી હતી.

જયારે કમનસીબ બેજન સુધ્ધીમાં આવ્યો ત્યારે પોતાને આરબ વેપારીઓના હાથમાં પરહેજ થયલો જોઇ, તેણે પોતાના સર્વ સાથીઓને મરણ પામેલા ધાર્યા અને અતયંત દલગીર અને નાસીપાસ થઇ ગયો. શેહરમાં દાખલ થતાંને વાર પેલા આરબો પોતાને ધારેલે મુકામે જવાને બદલે પાધરા કોટવાલી ઉપર દોડી ગયા અને કોટવાલ પાસ જઇ તેને પોતાનો બોજો સ્વાધીન કરી દીધો.

સાંજના ઝઝકલાંનો વખત હોવાથી બેજનને કોઇએ જોયો નહી, અને જેઓએ તેને જોયો તે કોઇ એને ઓલખી શકયા નહી કે વફાદાર શેહેરી નરીમાનનો બેટો લુટારાઓનો સરદાર થઇ પડયો હતો. પોહર ફાટતાં તો શેહેરમાં હોહા થઇ રહી કે લુટારાઓનો સરદાર કેદ પકડાયો છે, અને સઉ તે જંગી લુટારાને નજરો નજર જોવાને આતુર થઇ રહયાં.

લુટારાઓની ધાસ્તીને લીધે બેજનને એક મજબુત ગણાતા ભોં-યરામાં લઇ જવામાં આવ્યો, અને કોટવાલે ખુદ પોતે વડા દારોગા તરીકે ત્યાં આવી કીલ્લાનો અખત્યાર પોતાના હાથમાં લીધો. આ ભોંયરાંની ખોલીને બે ઉંચી બારીઓ હતી. ત્યાં પોહરેગીરોને ફરતા રાખવામાં આવ્યા હતા, અને બેજનના દરેક ચેનચાલા તપાસવાની તેઓને સખત તાકીદ કરવામાં આવી હતી.

બેજન હવે ત્યાં પડયો પડયો તરેહવાર વીચારો કરવા લાગ્યો. આરબો સાથની ઝપાઝપીમાં થયલા જખમથી હવે તેને જરા અકરવકર થવા માંડી. આ ભોંયરૂં, જ્યાં રાત અને દીવસતો સરખાજ હતા, ત્યાં મોતના પેગામની વાર જોતો આ જવાન લુટારો કલાકો ગણતો પડયો.

એમથી તેમ જમીન ઉપર લેટી તાસવીસ કરતાં અચાણુક તેનો પગ ભીંતની સાથે જોશમાં અફળાવાથી, તે ગંજાવર મજબુત દીવાલ હીલતી હોય એમ તેને લાગ્યું. એકદમ ઝપાટા સમેત ઉઠી મોતના પંજામાં સપડાયલા આ જુવાને પોતાના હાથ અહીં તહીં ફેરવામા માંડયા અને તેની ભારે અચરતી વચ્ચે મજબુત ગણાતી આ દીવાલમાં એક પથ્થર તેને હીલતો માલ પડયો. આ ગમે તેવોબી ભારી પથ્થર હોય પણ ખુશાલીમાં આવી ગયલા અને પહેલવાંની કઉવત ધરાવનાર પીલતન જેવા કદના એક આસામીને તે શું બીસાદમાં? એક પછી એક પાંચ પથરો સેરવી કહાડી તેણે થોડા વખતમાં તો એક મોટું ગબારૂં દિવારમાં પાડયું, અને હજી બીજા પથ્થરો ખેંચી કહાડવાની ઈંતેજારીમાં તે પોતાનો હાથ અંદર નાખી ફેરવી જોય છે, તો કાંઇજ નહી, પથરબી નહી અને દીવાલબી નહી.

તેણે પથરાઓ ખસાડી જે બાકોરૂં પાડયુ તે એક માણસ સેહેલાઇથી દાખલ થઇ શકે એવું મોટું હતું. બેજનને કાંઇક નવી આશા

નવી ઉલત આવી. તેણે માન્યું કે આ અમસ્થું એક બાકોરૂંજ નહીં, પણ તે કેદખાનાના ભોંયરામાંથી કેઠે બાહેર નીકળી આવવાનો છુપો માર્ગ હતો. તેણે આસાવંત બની તે બાકોરા વાટે દાખલ થવાનો વિચાર કીધો અને ખુદાનું નામ લઇ આ અંધારા ગારમાં પોતાની મુસાફરી શરૂ કરી.

જેમ જેમ તે આગળ વધતો ગયો તેમતેમ તેને વધુ અને વધુ આશા આવતી ગઇ કે આ રસ્તો કેઠેબી બહાર નીકળતો હોવો જોઇએ. તે આગળ વધ્યો અને રફતે રફતે તે રસ્તો એટલોતો સાંકડો અને નીચો થતો ગયો કે બેજનને ડોકું નીચું નમાવી શરીર સંકોચીને આગળ ચાલવું પડયું. છેવટે બેજને પોતાની નાસીપાસી વચ્ચે એક આડી દીવાલ પોતાની સામે જોઇ, અને હવે કેમ કરવું તેના વીચારમાં તે ગુંચવાઇ ગયો. આગળ વધવાનો રસ્તોજ નહીં હતો, અને પાછળ હઠવાની બેજનની મરજી નહીં હતી. ત્યારે હવે તે જાય કયાં?

એવાંમાં બેજનને કાને પાણીનો અવાજ પડયો. આ અવાજ કેઠેથીબી આવતો હોવોજ જોઇએ. થોડોવાર વીચાર કરીને પોતાને મનસે બોલ્યો; "એમતો બનેજ નહીં; મુળ અને મુખતો સઉને હોવુંજ જોઇએ." એવો વીચાર કરી જમીનપર સુઇ જઇ, પોતાનું સઘળું જોર એકઠું કરી, પોતાના પગે સાંમેની દીવાલને એક એવોતો જોસમાં આંચકો માર્યો કે તેજ પળે પાણીમાં મોટો અવાજ થઇ રહેલો તેનો કાને પડયો.

બેજને શું જોયું? તેની આ ભયાનક મુસાફરીનું પરીણામ શું આવ્યું? જેમ એક નદી પહાડમાંથી નીકળી દરીયાને જઇને મળે છે તેમ બેજને શોધી કહાડેલો આ રસ્તો એક કીલ્લામાંથી નીકળી જમીનનાં ઉંડાં પેટાંમાં પોતાનો માર્ગ લઇ એક કુવાને જઇ મળતો હતો. તે હવે પોતાનું ડોકું બહાર કહાઢીને જોય છે તો ઉપર આકાશ અને નીચે પાણી. આ એક ઘણોજ ઉંડો કુવો હતો.

એજને તરતજ આ કુવો પીછાણીઓ. આ કુવો જે શેહરના વસ્તીવાલા ભાગમાં આવેલો હતો તેને વીષે ચોકકસ દંત કથાઓ ચાલતી હોવાથી તે વપરાશમાં ન હતો. રાત અંધારી હતી અને એજન કુવાની દીવાલપરથી ચઢી બહાર નીકળીને ભરાતો છુપાતો અંતે પોતાના ગુફામાં જઇ પહોંચ્યો.

પોતાના જવાન સરદારને સહીસલામત પોતાની સનમુખ આવી ઉભેલો જોઇ તેનાં માણસોની અજાયબી અને ખુશાલીનો પાર રહયો નહી.

પ્રકરણ ૧૩ સું.

એજન નવા લેબાસમાં.

સમીસાંજનો વખત હતો. આફતાબ પોતાના તેજસ્વી રસાલા સાહીત મગરેબમાં ગરક થઇ જતો હતો, ત્યારે એક જવાન શખસ ખુશ મીજાજે આસપાસના દેખાવો નીહાળતો ધીમે કદમે સડક ઉપરથી ચાલ્યો જતો હતો. આ જવાનનો બાંધો અને તેનો અમીરી દેખાવ સર્વ રીતે મનમાનતો હતો. તેનો નુરમંદ ચેહેરો સખી દીલ ગુરદો બતાવતો હતો. તેની ઉંચી પેશાની તેના કદાવર દેખાવમાં વધારો કરી ખરી મોતેબરીની ગવાહી આપતી હતી. ટુંકમાં, આ ખુબસુરત જવાનનો બહારનો દેખાવ અને તેનો કીંમતી પણ સાદો લેબાસ એક કુળવાન ગ્રહસ્થ તરીકે તેને ઓલખાવવાને પુરતો હતો.

આ ગબરૂ જવાનની કમરે એક નાની તરવાર લટકતી હતી. કાંઇ પણ મનસુબો કર્યા વગર ફકટ એક લટાર મારવા નીકળ્યો હોય

તેમ અહીંથી તહીં નજર કરતો, તે હળવે હળવે પોતાનો રસ્તો કાપતો હતો. આ પ્રમાણે ખુલ્લી હવામાં ધીમે ધીમે લટાર મારતો એક લગાર મુફ્લેસ જેવા શખસને સલામ કરીને તે બે ચાર પગલાં આગળ ગયો નહી, તેટલામાં તેની પુઠે ચાલતા એક આસામીએ, પેલા મુફ્લેસ દેખાતા શખસને સવાલ કર્યો—

"અએ બીરાદર, આ એશકી જવાન કોણ છે જેને તું એટલી અદબ અદાથી નમીને સલામ કરે છે?"

"આહાહાહા." તેણે હશીને જવાબ આપ્યો "શું તું એનો ખુદ દેખાવબી નથી પીછાણતો? ખરેખર તું એકદમ એનેથી અજાણો છે તેમાં મને કાંઇ અજબ લાગતું નથી; કારણ કે એક આદમી ગમે તેવો બી મોટે દરજજે પુગ્યો હોય તો પણ બધાજ કાંઇ તેને ઓલખી શકે નહી. દાનાવ મર્દો લખી ગયા છે કે—"

"બસ, બસ!" પેલા શખસે તેને આગળ બોલતો અટકાવા વધુ આતુરતાથી સવાલ કર્યો. "મેહેરબાની કરી મને મારા સવાલનોજ જવાબ આપી દે. હું તારી લાંબી પોહરી નીસીહત નથી સાંભળવા માંગતો!"

"અય બીરાદર, બુઝરગો અને દાનાવ હકીમો જે જે નસીહત પોતા પાછળ મુકી ગયા છે તેનો આપણે ઉપ્યોગ ન કરીએ? તેઓના કીંમતી બોલો અને જવાહેરોને આપણે શું જોઇતું વજન ન આપીએ?" પેલાએ હવે પેલા સવાલ કરનાર બેગાનાનો હાથ પોતાના હાથમાં ધરી ચુંચી આંખ્યોએ તેને સામો સવાલ કર્યો.

"બેવકુફ મર્દ, એક સવાલનો પાધરો જવાબ આપવાને બદલે આ કીસમની ખાલી બકબક અને લાંબી પતરાજી શું કામ બતલાવે છે!" પેલા સવાલ કરનારે મનની નારાજીથી પોતાનો હાથ છોડવતાં પેલાની બેવકુફાઇપર અફસોસ જાહેર કીધો.

"હા—હા—હા—એમાં શું છે? તું મને મુર્ખ કહેશે તેમાં હું તારો કસુર કહાડીશ નહી. અસલના જમાનાના યુનાની ફીલસુફો કહી ગયા છે કે જેમ એક ઘેલો શખસ સામા આમામીઓને ઘેલામાં ખપાવે છે, તેમ તું એક મોટો મુર્ખ બની બીજાઓની સારી નસીહતને તુચ્છકારી કહાડે છે."

"યા ખુદા! મારા ભોગ લાગ્યા કે મેં એના જેવા એક બેવકુફ ગધેડા સાથે વાતચીતમાં ફોકટ વખત ગુમાવ્યો. અય મર્દ, તું મારા સવાલનો પાધરો જવાબ આપે તે અગાઉ તો પેલો કોણ જાણે કયાં ગયો હશે!" એમ કહી તે હવે ગુસ્સામાં અને ગુસ્સામાં ચાલી જવા કરતો હતો પણ તેને આગળ વધતો અટકાવી પેલા કહેવાતા ફીલસુફે નસીહત રૂપી નાનું જેવું એક ભાષણ આપવા માડયું.

"થોંબ; થોબ; જરા થોબ. અએ આદમ, સાંભળ. એતો દીયાનત તેવી બરકત. ખરેખર તે જવાનતો અત્યારે પોતાને મુકામે સહી સલામત પુગીબી ગંયો હશે. અય શયતાનીયત ખસલતના ઇરાની, તારો બાપીકો લડાયક ધંધો છોડી દઇ આવો નીચ પેશો અખત્યાર કરતાં તને શું શરમ નથી આવતી? તેને તવંગર ધારી લુટવાની યા કાંઇ નીચ કપત કાવતરૂં કરી તેને છટકામાં ઉતારવાની નેમથી તું અહીં આવેલો લાગે છે ખરો; પણ ખુદા પોતાનાં કોઇબી નિંદોષ બંદાને વગર ફોટનો હેરાન થવા દેતો નથી. સાંભળ, એ એશકી જવાન બુશાયરના તવંગર વેપારી જમશેદનો બેટો કેરસાસ્પ છે, જે આપણાં નામદાર શાહની દરબારમાં એક લશકરી અમલદાર થવાની આરઝુ રાખે છે. હવે જો તું મારૂં માને તો આંય રસ્તો છોડી જે માર્ગે તું આવ્યો તેજ પાછો પકડ. હવે એ કાંઇ તારા હાથમાં આવનાર છે? જા, હવે તારી રાત પડી છે અને શયતાન તને મદદ કરે તો બીજું કોઇ બીટલુ શોધ; પણ યાદ રાખજે, કે

જયાંબી તું જશે ત્યાં તુંને ઉંધો વાળવાને આ સેવક રૂસ્તમ ફીલસુફ હાજરજ છે!"

રૂસતમનાં આ તીખાં બોલવાની પેલા શખ્સપર આબાદ અસર થઇ અને તે જયાંથી આવ્યો હતો ત્યાંજ પાછો ફર્યો અને પોતાને ફીલસુફમાં ખપાવતો આ રૂસ્તમ પણ તેની પુઠેજ ચાલ્યો.

વાંચકને અત્રે આય રૂસતમ ફીલસુફની થોડીક ઓલખ આપેલી અગત્યની થઇ પડશે. એ રૂસતમ બેજન લુટારાની ટોલીમાંનોજ એક લુટારો હતો, અને અલબતાં પેલા કેરસાસ્પ—બીન—જમશીદ માટે પેલા બેગાના સાથે ટપાટપી કરવાનો તેને મોટો સબબ હતો. તે જમશીદ કોઇજ નહી પણ આપણો બાહદુર બેજન પોતે હતો, જેનીપર શક પડી જવાથી પેલો ઇરાની—જે એક અમલદાર હતો, તેણે રૂસ્તમથી તેની ઓલખ માગતાં, બેજનને છટકી જવાને બને કરીને રૂસતમે પોતાની ફીલસુફી ચલાવીને લાંબાં લાંબાં દાસતાંનોથી પેલા અમલદારની ધારણાં સઘળી ધુલ કરી નાખી હતી.

આ રૂસતમ સઘલા લુટારાઓમાં બાહોશી અને ચીલઝડપમાં ફક્ત લોહરાસ્પથીજ ઉતરતો હતો, અને એ પોતાનાં ફીલસુફનાં નામ ઉપરાંત "નામવર શાહ" નાં નામથી પણ ઓલખતો હતો.

ઇરાનના નામવર શાહના ચહેરાને હુબહુ મલતો આવતો આ રૂસતમનો ચહેરો હતો, અને જેથીજ તેના ગોઠયાઓ તેને શાહ રૂસતમનાં નામથી ઓલખતા હતા.

તદન અંધારૂં થયું હતું, અને તેની કશી પણ પરવા વગરં રૂસતમ ફીલસુફની પેલા જવાન સાથની ટપાટપીને જન્મ આપનાર આ જમશેદનો બેટો કેરસાસ્પ પોતાના ખ્યાલમાં અને ખ્યાલમાં શેહરમાં

ફરવા લાગ્યો. પણ તે વધુવાર એમ છુટથી ફરી શક્યો નહી. કોઇ બે શખ્સોએ પછવાડેથી નીકળી આવી, એવી તો ઝડપથી તેને પકડી લીધો કે તે પોતાની હાલતનો હજુર તો પુરો પાધરો વીચાર કરે તેટલાંમાંતો પુર આસાનીથી એક રૂમાલ વડે તેનું મોહડું ઢાંકી એક મુરદાં માફક તેને ત્યાંથી ઉપાડી જવામાં આવ્યો.

પ્રકરણ ૧૪ મું.

ખરેજ એક લલચાવનારી રૂપસુંદરી!

આગલાં પ્રકરણમાં જણાવ્યું તેમ કેરસાસ્પ—બીન—જમશેદ કોઇ નહીં પણ અમીરી લેબાસમાં આપણો બહાદર બેજન પોતેજ હતો, પણ આપણે તેને થોડોક વખત સુધી કેરસાસ્પનુંજ નામ આપીશું. જ્યારે કેરસાસ્પ હુસ્યારીમાં આવ્યો ત્યારે પોતાને એક તદન અજાણી જગ્યાએ પડેલો દીઠો. માંથાંમાં તેને દુખારો થવા માંડયો, પણ તેની કશી પણ પરવા કર્યાં વગર પોતાની આસપાસ નજર ફેંકતાંજ તાજુબીમાં પડયો, આવું મોટું કુશાદે દીવાનખાનું તેણે આગળ કદી જોયું હતું નહી. અસલી ઇરાની ઢપ પ્રમાંણે આરાસ્તા થયલી દીવાલો, રંગબેરંગી ગાલીચાઓથી ઢંકાયલી જમીન અને તેવીજ રોનકદાર સીલીંગ; એકએક કરતાં સરસ થાંભલાઓ ઉપર ઉત્તમ કારીગીરીથી કોતરેલાં જાતજાતનાં જાનવરોના અને કુલ જહાનની અનેક પેદાશોના આબેહુબ આકારો જોઇ, તે તો પોતાની હાલત વીષે મનમાં હઝારો ખ્યાલ કરવા પડયો.

આ દીવાનખાનામાં અચ્છા તેસ્ટથી લાયક જગાએ ગોઠવાયલી કીમતી અને ઉંચી કારીગીરીની શોભાયમાન ચીજો, ચારે તરફથી પ્ર-

કાશતી બતીની રોશનીથી એવી તો દીપી નીકળી હતી કે આ જવાને એટલું તો અનુમાન ચોકકસ કર્યું, કે જો તે સ્વપનો જોતો ન હોય તો એક કેદખાનામાં નહી પણ કોઇ માલેતુજાર આસામીના મકાનમાં તે આવી પડયો હતો. પોતાની સંપુર્ણ ખાતરી કરવા માટે હવે તે પોતાની જગ્યાએથી ઉઠવા જાય છે કે ત્યાંનો ત્યાંજ પાછો સ્થીર થઇ ગયો.

ફોર વાળીને ઉઠવા જતાં તેની નજર આ દીવાનખાનામાં બેઠેલી એક જવાન નાર ઉપર પડતાંજ, પુર બહારમાં ખીલતી આ ખુબસુરત છોકરી પોતાની કાલી આંખોએ કાંઇ ઇશારત કરી તરતજ બારણું ઉઘાડી બહાર નીકળી ગઇ. જેવું બારણું પાછું બંધ થયું કે આપણો આ જવાન તો પાછો વીચારમાં ગરક થઇ ગયો. સમયસુચકતા અને ધીરજ તે કયાંથી રાખી શકે? રખે આ ભપકાબંધ દીવાનખાનું કાંઇ ભયંકાર કાવતરાંથી બંધીખાના કરતાં બદતર મકાનમાં ફેરવાઇ જાએ!

આવી વખતે એક દીવાનખાનામાં પોતાને એક જવાન ખુબસુરત અબળા સાથે એકલો જોઇ તે જેટલો અજબ થયો નહી તે કરતાં વધુ અજાયબી તો તેની ઉપર આ નારની નજર પડતાં તેના બહાર સટકી જવાથી તેને લાગી હતી.

આગળ કદી તેણે આ સ્ત્રીને જોઇ હોય એવું તે યાદ કરી શકયો નહી, અને જેમ જેમ તેને ખરી હાલતનું ભાન થતું ગયું તેમ તેમ તેની અજાયબી વધતી ગઇ. એક નહી સમજ પડે તેવા આ એક ભેદભર્યાં કાવતરાંના ખ્યાલથી તેનાં મનમાં ધાસ્તી પળપર પળ વધતી ગઇ; તેનું માથું વધુ અને વધુ દુ:ખવા લાગ્યું; તો પણ હીમત રાખી પોતાની જગ્યાએથી તે ઉઠી ઉભો થયો, પણ તેજ પળે તે ચોંકીને પાછો બેસી ગયો.

આ દીવાનખાનાને છેડે એક ખુણામાં એક બીજી અબલા ચોપડી હાથમાં પકડી કાંઇ વાંચતી બેઠેલી હતી. પેલી છોકરી કરતાં આ

નારની ઉમર સેહેજ મોટી લાગતી હતી, અને તેણી કરતાં વધારે સું-દર ચેહેરો ધરાવતી હતી. દેખાવે તે કોઇ કુલીન ખાનદાનની નબીરી લાગતી હતી. અતી કીંમતી અને ભભકાદાર પોષાકમાં સજ્જ થતી નાજ નખરાંવાલી આ અબલા ન હતી, પણ સાદા અને પોતાને બરાબર રીતે અનુસરતા લેબાશમાં તે દીપી નીકળી હતી. કંઇ ઓરજ બાહર બતાવી રહી હતી.

• આ દેખાવે નરમાશ ભરી અને અસીલ બાનુએ તે જવાનના વીચારો ફેરવવા માંડ્યા. આવી નીરદોષ નાર તરફથી તેને હવે ધાસ્તી શાની હતી? એક ફરેસ્તાઇ ખસલત દેખાડતા નીરદોસ ચહેરાની હાજરી પછી તેને બીહવાનું શું હતું? આ ખુબસુરત જવાન અબલા તેની સામે કોઇ કાવતરાંમાં સામેલ હોય એમ તે માનીજ ન શકયો. પણ વળી બીજો વીચાર આવતાં તેનું મન પાછું ગુંચવાઇ ગયું. તે પોતાનાં ભમતાં મગજને દાબતો એ પળ ઉંડા વીચારમાં પડી ગયો. આ પ્રમાણે ઉંડા ભેદ ભરમમાં વીંટલાયલી એક અંજાણી જગ્યાએ તેને લાવવાનું કારણ? મતલબ?

"અય બખતાવર રોશન ચહેરાની બાનુ, તું કોણ છે? અને આ પ્રમાણે ભેદભરેલી વર્તણુંક મારી સાથે ચલાવવાની તારી શી મતલબ?" ફેરસાસ્પે અંતે ચુપકીડી તોડી તેણીને સવાલ કર્યો.

"ધભરા ના, અય જવાન," તેણીએ પોતાના વાંસલી જેવા મધુર મીઠા શબ્દોથી તેને ધીરજ આપતાં જણાવ્યું," આ કાંઇ દુશમનોનું રેહેઠાણ નથી; એ તો નામદાર શાહના એક માનીતા અમલદારનું મકાન છે." આટલું બોલતાં તેણીની આંખ્યોમાં ખુદા જાણે શા કારણથી આંસુ આવી ગયા.

"અરે પણ મારી મરજી ઉપરાંત મને અહીં ધસડી લાવવાની શી મતલબ!" તે જવાને દમામથી જાણવા માંગ્યું.

પ્રકરણ ૧૫ મું.

"હુંજ, હુંજ, તે કમનસીબ બેજન છું!"

"ખુબસુરત મર્દ," પેલી દુઃખી છોકરીએ તરતજ પોતાની આંખમાંનાં આંસુ લુછી નાખી, તેની સાંમે એક નાની ખુરશી ખેંચી પોતાની બેઠક લઇ શરૂ કર્યું "અએ દયાલુ જવાન, હાલ જેને તું તારી સામે બેઠેલી જોય છે તે આ મેહેલના માલેકની કમનસીબ બેટી છે. હા, આ શહેરના કોટવાલ રૂસ્તમ-બીન-શાપુરની બેટી પરીન હાલ તારી સામે બેઠી છે. આજે લગભગ ચાર દીવસ થયાં રોજ હું તુંને મારાં મકાન આગળથી આયજ વખતે પસાર થતો જોવું છું. મને માફ કર, પણ તેંજ મારી નજર સામે આ પ્રમાણે અવાર નવાર આવી મને લલચાવી; મારાથી વધારે ધીરજ રાખી શકાઇ નહી અને અંતે એક ઉતાવળું પગલું ભરી મને મારા વિશ્વાસુ માણસો મારફતે તને અહીં ધસડી મંગાવવાની ફરજ પડી." આટલું બોલતાં બોલતાં તેણી એકદમ પોતાની બેઠક ઉપરથી ઉઠી, અને તેના પગ નજદીક ગુંઠણુ મંડીએ પડી તેની તરફ દયામણું મોંહ કરી તે બોલી,

"અરે મારા દીલની એટલી મુરાદ તું બર લાવ. મારા મનની એટલી આરઝુ કબુલ રાખી મારી ઉપર દયા કર. હા, મારૂં આ પાક દીલ, મારો જાન માલ ખજાનો સર્વ હું તારા પગપર મુકવા તઇયાર છું. તું ગમે તેવી હોય તો પણ આય મારૂં જીગર તુંને અરપન કરી.

તારી પરણી ઓરત તરીકે દુન્યાંને છેહે ખુણેબી તારી સાથે આવવાને હું તઇયાર છેઉં. ઓ, ખુદા ખાતર ના કહી મારૂં દીલ——"

ફેરસાસ્પ હવે સઘળું ચેતી ગયો. એક કુળવાન, તવંગર, ખુબસુરત જવાન કુમારીકાને મોંહડે ઉપલા સખુન સાંભળી તેનાં મનની હાલત કવી થઇ પડી? શું તેની ઉપર નસીબ દેવી પ્રસન થઇ હતી? આ તવંગર કોટવાલની બેટી શાદીમાં તેનો હાથ માગતી હતી તેથી શું તેને કોઇ રીતની ખુશાલી લાગી હતી? અરે ખુશાલી તો શું પણ તે અત્યંત દીલગીર થઇ ગયો. તેને મનસે તો તે અંજાણપણે એક છોકરીને હમેશ સુધીની દુ:ખી કરવાનું સાંધન થઇ પડયો હતો. તેથી તે પોતે પોતાને શ્રાપ દેવા લાગ્યો, આવી હાલતમાં તે દુ:ખી છોકરીને રીબાવવાનું તેણે દરૂસ્ત ધાર્યું નહી. પોતાની બેઠક ઉપરથી ઉઠી, પેલી નારને બોલતી અટકાવી અને નરમાશથી તેને જમીન ઉપરથી ઉઠાડી તેની અસલ જગ્યાએ પાછી બેસાડી તે બોલ્યો—

"અફસોસ. અફસોસ. અએ દુ:ખી છોકરી, હું તારે માટે ઘણોજ દલગીર છું. રૂસ્તમ–બીન–શાપુરની બેટી, અએ નામવર પરીન, આજથી હું તને મારી એક ખરી બેહન તરીકે ગણી માન આપીશ; શું મને તું તારા એક બીરાદર તરીકે નહીં કબુલ રાખશે?"

"યા ખુદા" પરીન નીસાસો નાખી ખુરશી ઉપર પડી. "એક બેહન તરીકે—એક બેહન તરીકે? અફસોસ, કમબખ્ત પરીન નસીબ તારૂં!" પ્યારની જોરાવર આગમાં જળતી તે દુ:ખી છોકરી પોતાનાં કપાલપર એક તરાપ મારી પોતાનાં કીસમતને કહુવા દેતી ખુરશીપર પછડાઇ પડી.

"ધીરજ ધર, ધીરજ ધર," પેલો જવાન તેની નજદીક જઇ તેને દીલાસો આપતો બોલ્યો. "પરીન, સાંભળ, મારૂં દીલતો અત્યાર

અગાઉનું એક નાર લઇ ચુકી છે. શું તારા જેવી ભલી અબલા મને તેની તરફ——"

"નહીં. નહીં!" તે છોકરી રડમસ ચેહેરે એકદમ બોલી ઉઠી "હું તુને બેવફા થવા લલચાવીશ નહી. હું હવેથી તને એક ખરા બીરાદર તરીકે ચાહીશ. મને માફ કર, મેં તને વગર ફોકટનો ખોટી કીધો. ખરેજ તે ભાગ્યશાળી છોકરી!"

"આહહાહ" પેલા જવાને એક ઉંડો નીસાસો નાખ્યો. "પરીન' એક ખરા ભાઇ તરીકે હવે હું તને ચાહીશ અને કોઇબી વખતે તુને જોઇતી મદદ આપવા હંમેશ તઇયાર થઇશ. હવે મને રજા આપશે? પણ વારૂં, પેલી ખુબસુરત છોકરી પેહેલાં અહીં બેઠેલી હતી તે કોણ? તેને મોંહડે બધી હકીકત સાંભલી એક પારકા મર્દ સાથ વાત કરવા માટે તારો પેદર ખફા નહી થશે?"

"નહીં; નહીં. એ તો મારી વિશ્વાસુ દાસી મેહેર છે. એ મારી બેહેન સમાન છોકરી મારા ઉપકાર તળે દબાયલી છે. એ છોકરીની રોદાબે નામની એક ઘરડી સગીને આ શહેરના એક તવંગર ઉમરાવ તેહમતને મરનાર કોટવાલ ફરામર્ઝ મારફતે વગર વાંકે કેદમાં નખાવી હતી, પણ પાછળથી કોટવાલના ઓધા ઉપર આવેલા મારા પીદરને તે વાતની ખબર પડતાં ઘટતી તેહકીક કરી તેણે રોદાબેનો છુટકારો કર્યો છે. અને હાલ તે ડોસી અવારનવાર મેહલમાં પોતાની જુવાન સગીને મળવા આવતી રહે છે."

"મગર રોદાબેને કેદમાં નખાવવાનો તેહમતનને શું સબબ હતો?" કેરસાસ્પે વાતમાં રસ લઇ જાણવા માંગ્યું.

"અએ બીરાદર, એ એક ઘણોજ દુઃખી હેવાલ છે કે જે મેં ખુદ રોદાબેને મોંઢેથી સમજ્યો છે. તું આ શેહેરમાં અંજાણો છે, તો

પણ અમીર તેહેમતનને તો ઓલખતોજ હશે. ઇરાની દરબારમાં વીખ્યાતી પામેલો આ અમીર દરબારમાં લાગવગ મોટો ધરાવે છે તો પણ એ એકલપેટો મગરૂર તેહમતન પઇસાને ખાતર પોતાની અતી જવાન ખુબસુરત બેટીની એક માલે તુજાર મગર મરવા લાયક થઇ ચુકેલા મર્દ સાથ શાદી કરવા તઇયાર થયો. ખરેખર, તું તે જાણીને અજબ થશે કે તે બુઢો મર્દ કોઇજ નહી પણ તવંગર વેપારી નરીમાન—બીન—કેરસાસ્પ છે. પણ તેહમતનની કમનસીબ બેટી તો એજ નરીમાન—બીન—કેરસાસ્પના બેટા બેજન સાથ જાનો જીગરથી બંધાયલી છે. અફસોસ કે એ બન્ને ઘાતકી શખ્સો આગળ કોઇનું કંઇ ચાલ્યું નથી. બેજનને દાગાથી દેશ નીકાળ કહાડવામાં આવ્યો છે, પણ ગુલનાર પોતાના આશકને બેવફા થઇ નથી. ગમે તેવીબી લાલચ યા ધમકી છતાં આ છોકરી પાછી હઠી નથી. પણ એ દુઃખી જવાન નારને તેના ઘાતકી બાપને હાથે કયાં ગુમ કરવામાં આવી છે તે હજુર સુધી કોઇ બરાબર જાણતું નથી.''

આ દુઃખભરી હકીકત સાંભળી પેલા જવાનની આંખમાં આંસુ આવેલાં જોઇ થોડીક પળ સુધી મુગી રહી પરીન પાછી બોલી.

"ખરેખર, તારા જેવા જવાન મર્દને પણ આંસુ આવતાં જોઇ હું અજબ થતી નથી. આજે થોડા દીવસજ થયા મારી મેહેરને તેની સગી સાથ મુલાકાત થતાં માલમ પડયું કે રોદાબેને એ દુઃખી ગુલનારનું ઠેકાણુ મળયું છે. આ વફાદાર રોદાબે પોતાની શેઠાણીને છોડયા વગર ઝંપીને બેસનાર નથી, અને અંતે ઘણી મેહનતે આ ઓરત ખરો પત્તો મેળવવા પામી છે. કમનસીબ ગુલનારને કયાં છુપાવવામાં આવી છે તે મારી મેહેર જાણીતી નથી પણ રોદાબે એટલું તો બોલી ગઇ કે એ દુઃખી છોકરીની આસપાસ એક ખુંધો

એવાતો રીતે રાત દીવસ એક જોરાવર રીંછની માસાલ ચોકી કરે છે કે કોઇ તેનો ભેદ જાણી શકતું નથી."

"અરે બુઢ્ઢા, હું કેવું ઇચ્છું છ કે તું મારા હાથમાં આવે તો દયા શું ચીજ છે તે હું તુંને બરાબર શીખવું!" કેરશાસ્પ ઉશકેરાઇને બોલી ઉઠયો.

"રોદાબે હવે કાંઇબી યુકતી કરી ગુલનારને બચાવવા માંગે છે. આ વફાદાર સ્ત્રી ફકત એટલુજ જણાવી ગઇ છે કે જે જગ્યાએ તેની" દુ:ખી શેઠાણી નજર પડી છે તે જગ્યા આ પાયતખ્ત શેહરથી ઘણી દુર છે, પણ આ રોદાબેને મોટી ધાસ્તી એ લાગે છે કે રખે ગુલનાર લાંબો વખત આવી રીબતી હાલતમાં રહેવાથી, પોતાના આશક બેજનના ખ્યાલમાં ચકચુર બની ઘેલી થઇ જાય."

આ જવાન હવે કાંઇ વધુ સાંભળી શકયો નહીં. એક દુ:ખી અબલા ઉપર પડતી આફતોની કહાણી સાંભળી તેની આંખમાં આંસુ તો આવ્યાં હતાં, પણ હવે તો પોતાના હાથ ઉપર માંથું નાખી તે દચકાં ખાતો માલમ પડયો.

તેની આ હાલત જોઇ પરીનને ધ્રાણું લાગી આવયું. તેની નજદીક જઇ માયાથી તેની ખાંધ ઉપર હાથ નાખી તે પુછવા લાગી "અએ જવાન, શું છે ? હું તારૂં નામ તો જાણતી નથી; તારો હેવાલ તેં હજુર મને જણાવ્યો નથી. આએ વાતે તારી ઉપર એટલી બધી અસર કેમ કીધી ? શું તુનેબી તારૂં કાંઇ દુ:ખ યાદ આવ્યું ? શું તુંબી ત્યારે એક દુ:ખી જવાન છે ?"

"પરીન !" પેલો જવાન એકદમ તેની ગમ જોઇ બોલી ઉઠયો " અરે પરીન, તું જ્યારે મારૂં દુ:ખ સાંભળશે ત્યારે શું મને દીલાસો નહી

દેશે ? અરે સાંભળ, મારી દયાલુ બેહેન પરીન, સાંભળ, હું કોણ છું ? અરે, આએ તારા શેહરના પેલા તવંગર વેપારી નરીમાન—જેની વાત તેં મારી આગળ કીધી તેનો બેટો કમનસીબ બેજન તે હું પોતેજ છું ! મારી વફાદાર ગુલનારનો ચાહેલો કમનસીબ બેજન તે હું પોતે-જ છું !"

બેજનને ઓલખતા પરીનની ખુશાલી તેમજ અજાયબી કાંઇ જે-વી તેવી ન હતી. થોડે વારે પોતાની અચરતીમાંથી ફારેગ થઇ તે બોલી.

"કોણ? નરીમાનનો બેજન? દુઃખી પણ વફાદાર ગુલનારનો મા-નીતો જવાન ?"

"વફાદાર! હા ખરેખર. પ્યારી ગુલનાર, આએ તારી વફાદારી માટે લોકોનું કેવું મત છે! અને શું ખુદા તેનો બદલો તુંને નહીં આપશે !"

"બેજન." પરીન એકદમ ગંભીર થઇ બોલી. "બેજન, ગુલનાર તારે માટે એમ ટવલે છે અને તું કેમ અહીં નચીંતે ફરતો ફરેછ? તુંને જે મદદ જોઇએ તે તું માંગ. શું તુંને પઇસાની જરૂર છે? એવી એક દુઃખી છોકરીને મદદ કરવા હું ખરેખર ઘણીજ તલપી રહી છું."

"મારી દયાલુ બેહન પરીન," બેજને ગમગીન સાદે જવાબ આ-પ્યો "જેબી મદદ મને જોઇશે તે હું તારી પાસે ખુશીથી માંગશ. પણ હમણા હું કંઇજ કરી નથી શકતો. કેવું તારૂં દયાળુ દીલ? તારામાં શું અદેખાઇનો જરા પણ અંશ નથી? અરે મને પઇસા, જર જવા-હીર; માણસો યા ઉમદા ઘોડાઓનો ટોટો નથી!"

"પણ તુંને તો તારા પેદરે વગર દયાએ હાંકી કહાડેલો અને હવે તું એટલો તવંગર કેમ ?"

એકાએક તે છોકરી ફાળ ખાઇને ટગર ટગર બેજનનું મોહડું જોવા પડી. બેજને આ દેખાવથી અચરત થઇ પોતાની આસપાસ જોયું અને તેજ પળે પરીન નજદીક જઇ તેની ખાંધ ઉપર હાથ મુકી ધીમેથી તેને પુછ્યું,

"શું છે, પરીન? આપણે અહીં કંઇ ધાસ્તીમાં છઇએ શું?"

"નહીં; નહીં; બેજન: તેમ નહી," પરીન તેને સધ્યારો આપી બોલી, "પણ તુંને તો તારા પેદરને લીધે દેશનીકાલ થવું પડયું હતું, અને હવે તું એમ છુટથી કેમ ફર હર કરી શકે છે! શું તુંને કોઇ ઓલખશે નહી?"

પોતે એક લુટારાની ટોળીનો સરદાર હતો તે વાત પરીનથી છુપીજ રાખતાં બેજન બોલ્યો:—

પરીન, તું કશો અંદેશો ના કર, મારી જવાની મેં શીરાઝમાં મારા ઉસ્તાદની તાલીમ તળે કહાડી છે. આખા વરસમાં ફકટ એક કે બેજ વખત હું મારા પેદરને મળવા આવતો હતો અને તેટલા અરસામાં મને કોણ સાથ પીછાણ પડે? વળી હાલની મારી બદલાયલી હાલત ઉપરથી મારો પિદર વટીક ભુલાવો ખાય. કયાં તે વખતની મારી મુફલેસ હાલત, અને કયાં મારી હાલની તવંગર હાલત? પણ એ બધું હું તને બીજી વખતે સમજાવીશ. મારી ગુલનારનો પત્તો મેળવવા માટે હાલ તો હું આખા શેહરમાં શોધ ખોલ ચલાવું છું. મારાં વફાદાર માણસો પોતાના જીવને જોખમે મને મદદ કરવા ઓસ્તવારીથી કમર બાંધી ઉભા છે. પણ અફસોસ કે અત્યાર સુધી હમો ફાવ્યા નથી. પરીન, ગુલનારની તે માયાળુ દાસી રોદાબે સાથ મારી મુલાકાત કરાવ કે તેનેથી ગુલનારના કેદખાનાનો પત્તો મેળવી મારાં તનના જાનનો છુટકારો કરૂં."

"બેશક, હું રોદાબેને આવતી કાલે હયાં બોલાવી મંગાવીશ. અને તું તેને મળી સઘળું જાણી શકશે." પરીને કહયું જે પછી બેજને પરીનને એક બીરાદર તરીકે ભેટી ત્યાંથી રૂખસત ચાહી. પરીન તેને પાછલે રસ્તેથી બહાર લઇ ગઇ અને ત્યાં કાંઇ પણ વધુ બોલ્યા વગર કમનસીબ બેજન આ છોકરીને પોતાની એક ખરી બેહન તરીકે ગણી, હેતથી તેને કોટી કરી, સાવચેતીથી પોતાની આસપાસ નજર નાખી ચાલતો થયો.

બેજન ! બેજન ! ! તું શું જાણુતો હતો કે એક વાર ફરીથી તારાં છુટાપણાંની ઉપર દુશમનોનો પંજો પડવાનો હતો ?

પ્રકરણ ૧૬ મું.

છટકાંમાં સપડાયલો બેજન.

બેજનના જવા પછી કોટવાલ રૂસતમ–બીન–શાપુરની બેટી પરીન દીલગીરી ભરેલા વીચારોના વમળમાં વીંટળાયલી લાંબો વખત સુધી શોકાતુર ચેહરે બેસી રહી. અફસોસ ! આ કમનસીબ છોકરીને આજે એક મોટી નીરાશી મળી હતી, અને તેને મન હવે પછીની સઘળી મોજ મજાહની આશા ગુમ થઇ ગઇ હતી. આ ખુબસુરત કુમારીકાનું જવાન જીગર તુટી ગયું હતું, અને તેની જવાનીની મીઠી મીઠી આશાઓ ભંગ થઇ ગઇ હતી. અફસોસ ! મીઠી મોહબતનો તેણી એક વધુ ભોગ થઇ પડી હતી !

બાહોશ અમલદાર રૂસ્તમ–બીન–શાપુરનું આ વહાલું એકપુરૂં ફરઝંદ પરીન ખરેજ એક પરી સમાન નાર હતી. પાક, ભોલી અને

સાદા દીલની અબલા તે આ પરીન હતી. કમનસીબ ગુલનાર તેના ર-સ્તામાં એક મોટી પીડા સમાન અંજાણપણે આવી ઉભી હતી; પણ આ ભલી અને ભોલી છોકરીએ તેની અદેખાઇ કરી નહી, યા તેનું કાંઇ ભુંડુ ઇચ્છયું નહી, પણ સામી તેણે પોતાના ખરા અંતઃકરણથી તે દુઃખી છોકરીને સહાય થવાની મરજી જણાવી હતી; અને અંતે તે એજ જવાનની જીંદગીમાં મહાભારત ભાગ બજાવવા ભાગ્યશાળી નીવડી.

ખચીત ! સાચ્ચો પ્યાર એવોજ ખાલેસ અને સ્વાર્થ રહીત હોય છે. સાચ્ચો પ્યાર અદેખો, જુઠા દીલ વાલુ યા આપમતલબી કદી કદી હોતોજ નથી.

ખરો પ્યાર શું શીખવે છે? જેંને તમે ચાહતા હોવ તેનાં સુખ માટેની કાલજી, અને ન કે તમારો પોતાનો સ્વાર્થ !!

પ્યાર ! પ્યાર ! તારી મોજ ન્યારી છે, તારો બોજબી ન્યારોજ છે !

પરીન જેવી સખી દીલની અને મોટાં મનની નાર થોડીજ હશે. તેનો બહારનો દેખાવજ રાંક અને સામા આસામીને ખેંચવાને પુરતો હતો. જો કે તેને મોટામાં મોટી નીશફળતા મળી હતી, તેણીનું નાજુક હઇયું મોહબતની લડાઇમાં હાર પામી લોહી ઝઝરતું બન્યું હતું, તો પણ આ ધીરજવંતી નાર સબુરી પકડી બેઠી હતી, અને પોતાનાં કીસમતની કંગાલ્યતને દોષ દેતી જે મરદ તેનાં હઇયાંપર અસર કરી શકયો હતો, અને જે શખ્સ તેના અખુત પ્યારનો ખરેખરો જવાબ વાળી ન શકયો તેનો તે કસુર કહાડી શકી નહી.

પરીન આ પ્રમાણે પોતાના ખ્યાલમાં ચકચુર થઇ ધ્યાનમાં અને ધ્યાનમાં એક સોફા ઉપર પડી હતી, તેવામાં તે દીવાનખાનાનું બારણું સપાટા સમેત ઉઘડી ગયલું જોઇ તે એકાએક ચોંકીને ઉઠી

ઉભી થઇ અને પોતાની વીશ્વાસુ મેહેરને હાંફતી હાંફતી અને ઘભરાયલે ચેહરે દાખલ થતી જોઇ તેણી ઘભરાઇ ગઇ.

હવે આપણે પરીનને છોડી બેજન તરફ નજર દોડાવીશું.

પરીનથી જુદો પડી ભારે નીરાશી અને ગમગીની વચ્ચે જવાન બેજન પોતાનો રસ્તો કાપતો આગળ ચાલતો હતો. આજની રાતના બનાવે તેનાં દીલમાં અનેક દુ:ખ ભરેલી લાગણીઓ પેદા કીધી હતી. ખોદાદાદને તબેલેથી તેને નીકળયાને લગભગ બે કલાક થઇ ગયા હતા, પણ બેજનને તો પુરો પાધરો એક કલાક પણ પસાર થયલો લાગ્યો નહી. રસ્તામાં અંધારૂ હતું અને લોકોની આવજાવ જીવ જેવી ન હતી, ભારે ગમગીન દીલે તેણે હવે ખોદાદાદના તબેલા તરફનો રસ્તો લીધો.

પોતાને મુકામે જેમ બને તેમ જલદી પુગવા માટે તે ઉતાવળે પગલાં ભરવા લાગ્યો, ઝડપ ઝડપ ચાલતો ખોદાદાદના તબેલાની સામે આવેલી ગલીમાં તે વળવા જતો હતો એવાંમાં તેની નજર સાંમેથી આવતા એક શખસ તરફ પડતાંજ, તે એકદમ ઉભો રહી ગયો, અને દમનો મરજ થઇ આવ્યો હોય તેમ ઠાંસતો ઠાંસતો જમીન ઉપર બેસી ગયો. તેણે જમીન ઉપર બેસતાં બેસતાં પોતાની પાછળ નજર કરી તો એક શખસને તેજ પળે પછવાડે ઓઠામાં ભરાઇ જતો તેણે દીઠો. જાણે કાંઇજ બન્યું ન હોય તેમ તેનો ઠાંસો નરમ પડતાં બેજને અસલ માફક પાછુ ઝડપથી ચાલવા માંડયું; પણ હવે તો પાંચની દશ મીનીટ ને પા કલાક થયો તોપણ તેનું રહેઠાણ આવ્યું નહી અને અંતે એક કાવાખાનાં આગળ આવી લાગતાં તે, તે કાવાખાનાંમાં દાખલ થયો.

થોડો વાર સુધી તે કાવાખાનાંમાં બેસી લેહઝતદાર કાફી ધીરે ધીરે નોશ કરી, બેજન પોતાની બેઠક ઉપરથી ઉઠી બહાર જવા નીકળયો. પણ તે કમનસીબ જવાન કાવાખાનાનો દરવાજો ઓલંગી શકયો નહી !

પ્રકરણ ૧૭ મું.

"અરે, તું બચી ગઇ! બચી ગઇ!!"

ગયાં પ્રકરણમાં બનેલા બનાવ વખતે મેહેરને ધભરાયલી ફગલા-યલી દાખલ થતી જોઇને પરીન પોતેબી ધભરાઇ ગઇ. તેની શેઠાણી તેને કાંઇ પણ સવાલ કરે તે અગાઉ તો મેહર બારણું પાછું બંધ કરી એકદમ તેની નજદીક દોડી જઇ બોલી ઉઠી.

"શું પેલો ખુબસુરત જવાન ત્યારે ગયો ખરો કે?"

"હા, પણ શું છે! એ એટલી રાતવેર તું બહાર કાંએ ફરેછ?" પરીને જરા ગુસ્સે થઇ પુછયું.

"અરે પરીન, હું પુછું તો તું ગુસ્સે ના થતી. તુને તારી મુરાદ પ્રમાણે એ ખુબસુરત જવાનનું દીલ જીતી લેવામાં ફત્તેહ મળી?"

"મેહેર? એ શું બકેછ?" પરીન વધારે ગુસ્સે થયલી દેખાઇ. "હું તુને પુછું તેનો પાધરો જવાબ દેતી નથી અને આવો બેઅદબ સવાલ કરેછ?

"મને માફ કર, પરીન બાનુ. તું ખરી વીગત જાણશે તો મારી ઉપર ગુસ્સે થશે નહી."

"હું ખચીતજ દુ:ખી છું," પરીન દીલગીરીથી બોલી, "સબબ, મારાં કમનસીબે એ જવાન તો પોતાનું દીલ એક બીજી કુમારીકાને અત્યાર આગમચનો આપી ચુકોછ."

"યા ખુદા! અરે પરીન ત્યારે તો તું દુ:ખી નહીં પણ સુખી છે. ખરેખર તું એક મોટી આફતમાંથી બચી ગઇ, બચી ગઇ!"

"મેહેર, એ તું શું બકેછ? શું તું એ જવાનને ઓલખેછ? અરે એ શખ્સ કોણ છે તેની તને ખબર છે?"

"શું? ત્યારે તુંબી એને ઓલખેછ, પિરીન?" મેહરે અજબ થઇ પુછ્યું.

"હા, હા. અમીરી ખવાસનો આ ખુબસુરત જવાન કોણ? અરે મેહેર એ કોઇજ નહી પણ પેલો જવાન બેજન જેને માટે અમીર તેહમતનની પેલી ખુબસુરત બેટી આજે કેટલો વખત થયો ટવળે છે."

"નહીં! નહીં! અરે પરીન, શું એ ખરી વાત છે?" મેહેર એકદમ ગભરાઇને બોલી. "અરે ત્યારે તો તું ચોંકતી ના, પણ ધીરજથી સાંભળ, મારી નસીબવંત શેહાણી, કે એજ કમબખ્ત જવાનને મેં મારી નજરે એક કલાકની વાતપર મજબુત ચોકી પોહરા તળે તારા પેદરની કચેરીમાં લઇ જવામાં આવતો જોયો."

"અરે, અરે, શું ત્યારે એક દેશનીકાળ થયલા જવાન તરીકે ઓલખી કહાડી એને પકડવામાં આવ્યો! અફસોસ ગુલનાર, અફસોસ બેજન! શું તમારૂં નસીબ!"

"યા ખુદા શું નરીમાન–બીન–કેરસાસ્પનો કમનસીબ બેટો બેજન! દુઃખી અને વફાદાર ગુલનારનો માનીતો આશક બેજન એક નામીચો લુટારાઓનો સર—"

પણ છેલો "સરદાર" બોલ પરીન બરાબર સાંભળવા પામી નહી. ઉપરા સાપરી બનેલા બનાવોથી આ કમનસીબ નાર ઉપર આ ખબરથી એટલી મજબુત અસર થઇ કે તેજ પળે તે બેસુધ્ધ થઇ જઇ મેહેરના હાથોમાં તુટી પડી.

મેહેરે જણાવ્યું તેમ બેજનને લુટારાઓના જવાન સરદાર તરીકે ઓલખી પકડવામાં આવ્યો હતો. ગયા પ્રકરણમાં આપણે જોઇ આવ્યા

તેમ બેજન કાવાખાનાંનો દરવાજો પુરતી આસાનીથી ઓલંગવા પામ્યો નહી. જેવું પેહલું પગલું તેણે દરવાજાની બહાર મુકયું કે તેજ વખતે સરકારી સિપાહોએ એકદમ હાથમાં નાગી શમશેર સહીત બે બાજુએથી ધસારાબંધ નીકળી આવી તેને ઘેરી લીધો અને બચાવ કરવાની તેને જરાપણ તક આપ્યા વગર મજબુત બંધમાં તેને ગીરફતાર કરી, સખત ચોકી પોહરા તળે લોકોની ભારે અજાયબી વચ્ચે તેને ત્યાંથી ધસડી લઇ ગયા.

પ્રકરણ ૧૮ મું.

ગુલનારનો છુટકારો.

"અય નાદાન, કમ સમજ છોકરી, શું તું હજુ નથીજ સમજવાની? શું તું હજુ તારી ફોકટની જીદ નથીજ છોડવાની? તારાં ફેરાવન મગજમાંથી પેલા બદબખ્ત દુકટા બેજનનો ખ્યાલ નથીજ કાઢી નાંખવાની?"

"નહી, નહી, કદીબી નહીં! અગર જમીનને આસમાન એક થાય, અગર તમામ દુન્યાની બલા મારાં સરપર આવીને પડે તો પણ મારા પ્યારા બેજનનો ખ્યાલ હું કદી છોડવાની નથી! બેજન, બેજન! તેજ મારો જીવ ને તેજ મારો જાન છે, ને જયાં સુધી મારા દમમાં દમ ને પ્રાણમાં પ્રાણ છે ત્યાં સુધી આ મારૂં જીગર તેનાં નામપર કુરબાન છે!"

"મોહબતના મીથ્યા મોહીણીમાં મગજ ખોહી બેઠેલી અય બે મગજ છોકરી, શું તું એમ સમજેછ કે તારી આંય બધી ફસાહત

ભરેલી જબાનથી યા તો તારી હુજત ભરેલી ના ફરમાન, ના લાયક ચાલથી કંટાળી જઇને, હારી ખાઇને, મારી મરજી મુજબ જે મરદની સાથે તારી શાદી કરવાનું નકી મેં કીધેલું છે તેનીજ સાથે તને પરણાવવાના મારા ઠેડાવથી પાછો હઠશ ? નહીં, નહીં, કદી નહીં ! અગર જો તું મારાં પેટની બેટી છે તો શું થયું ? હું તારીપર એવો જુલમ, એવી જબરી, એવી જફા ગુજારશ કે તું આપ મેળે તારી આંય બધી હુજત ને ગુમરાહી છોડી દઇને ઠેકાણે આવી જશે, ને મારી મરજી મુજબ ચાલવાને કબુલ થશે. છોકરી, તું મને હજી પીછાણતી નથી.

"ઓ પિદર, પિદર ! શું તું ખરેખર મારો પિદર છે, કે મારો કોઇ આગળો ભવનો દુશમન છે કે તું મારીપર આ કીસમનો જુલમાત ગુજારેછ ! ખચીત, તારી પોતાની જણેતી બેટીની ઉપર એવો જુલ્મે નારવા ગુજારવાને ખાતર તને પિદરનું નામ પણ છાજતું નથી !"

"અને તારે મોંઢેના આંય એવા નાલાયક સુખનોને ખાતર, તેમજ તારી નાતાબેદાર ચાલને ખાતર તને બેટીનું નામ પણ છાજતું નથી. તું મારે પેટે નહીં પેદા પડી હોતે તો બેહતર. તું મારે મનસે એક બેટી નથી પણ એક સાંપ પેદા પડેલી છે. શું એક બુબખ છોકરા તરફની તારી બેહુદી ઘેલછાને ખાતર હું મારી પોતાની ખાનાખરાબી થવા દઉં ? મારી માલ–મીલ્કત, મારો અમીરી દરજ્જો બધુ છોડી દઉં ? શું એક છોકરીને પોતાની જીદ પુરી પાડવાને ખાતર પોતાના બાપ જેવા બાપની ખાના ખરાબી કરી નાખવાનો દુન્યામાં કશો હક છે ?"

"ને શું એક બાપને પોતાની લોભી મતલબ પુરી પાડવાને ખાતર પોતાની બેટીના ભવનું સત્યાનાશ વાલી નાખવાનો દાદારની દરગાહથી લખી આપેલો કશોબી હક છે ? ઓ પિદર, સમજ, સમજ ! આ દુ-

ન્યાની ગડી પળની મોટાઇ અને જાહોજલાલીનો તારો અભખરો પુરો પાડવાને ખાતર મારૂં હમેશગીનું સુખ વેચી નાખવાને તઇયાર ન થા, સબબ કયામતને દહાડે તે કરીમો રહીમની દરબારમાં તને એક પિદર તરીકે તારી પોતાની ફરજ કેમ બજાવી તેનો હીસાબ આપવો પડશે, અને તે વખતે તમામ ખલકતના ખુદાવંદની નજરમાં તને નીચું જોવું પડશે. પઇસા-તકા અને માલો-મીલકત તો એક વખત ગુમાઇ ગયલી પાછી મળશે, મગર સાચાં દીલની વફાદારી, ખરાં જીગરની મોહબત, અને નેક મનસ્ની સાથની ઇમાનદારી એક વખત પઇસાની તકલીફી લાલચ ઉપર વેચાઇ ગઇ તે પાછી કયાંથી મળશે ?"

બંધ કર છોકરી, તારી બેહુદી બકવા બંધ કર. હું કંઇ હયાં તારી લાંબી લાંબી વાયજી સાંભળવા નથી આયો. જો સમજ, આંય મારો છેલ્લોજ સુખન ધ્યાનથી સમજ. હું હમણાં તો જાઉં છ. બે દહાડા રહીને હું તારા ધારેલા ખાવંદ સાથે પાછો ફરશ, અને પછી આજ ઠેકાણે તને મારી મરજી મુજબ તેની સાથે શાદી કરવાને કબુલ થવુંજ પડશે, અગર જો તું નહીં કબુલ થશે તો પછી હું જોરજબ-રીથી તને તાબે કરશ, અને એક પિદર તરીકેની મારી સત્તા વાપરી તારી મરજી હોય કે નહીં હોય તે છતાં લગનની ક્રીયા કરાવી તને સો-દાગર નરીમાનની મોહરદાર બનાવી તેના હવાલામાં સોંપસ ! ધ્યાન રા-ખજે, ખુબ ધ્યાન રાખજે, નાફરમાન છોકરી, કે આંય મારો છેલ્લોજ ઠડાવ છે!"

એટલું બોલીને તે ધાતકી સંગદિલ પિદર પોતાની બેટીને રડતી નાંખી ત્યાંથી ચાલતો થયો.

પ્રિય વાંચનાર, આ બધી જબરી બોલાચાલી, આ બધી સખત પંચાતી ને ટપાટપી ને તાણાજાણી કોણની વચ્ચે થતી હતી? તું સહે-

લાઇથી કલ્પી શકશે કે એ બધી તકરાર કોઇની વચ્ચે નહીં પણ આપ-ણી વાર્તાની કમબખ્ત નાયીકા દુઃખી ગુલનાર અને તેણીના ઘાતકી, બેરહમ પિદર અમીર તહેમતન વચ્ચે થતી હતી.

ગુલનાર !! ગરીબ ગમઝદા ગુલનાર !! પ્યારમાં જલેલી, મોહ-બતની આગમાં બળેલી તે બાપડી બાળા !! જાલીમોનાં જુલમાટ તળે નાહક દુઃખી થતી નીરદોશ નાર ગુલનાર !!

આહ વ ઝારી કરતાં કરતાં ગોયા તેણીનાં આંસુઓનો ચશ્મો ખલાસ થઇ જઇ તેમાંથી નીકલતાં મોતી જેવા કટરાઓ નાબુદ નાપેદ થઇ ગયાં હતાં. તેણી ગમમાં ગલાઇને આગલી ગુલનારનો એક ઓળો માત્ર રહી હતી.

દમાવંદ પાહડની તલેટીમાં એક અતી વેરાણ અને ઉજ્જડ ભાગ તરફ આવેલાં તે એકાંટ મકાનનાં એક કંગાલ ઓરડામાં તેણી ટુટેલાં દીલે પીંજરાંમાં કેદ પડેલાં પંખેરાં મિસાલ બંધ પડી હતી; જ્યારે પેલો દગાબાઝ—કરતુકી કસરેવજ ખુંધો તેણીની ઉપર દેખરેખ રાખવા ત્યાંજ પડયો હતો.

ગુલનારના ધાટકી પિદર અપીર તહેમતને તેણીને આય કરતુકી કસરેવ-જના ચોકો પાહરા હેઠલ અત્રે આય એકાંટ વેરાંન જગ્યે લાવી રાખી હતી. તેણીને શેહર ઘેરથી દુર કરી આ ઘાટકી પેદરે—ખુદ પોતાની જણીતી દીકરીને દમાવંદ પાહડની તલેટી આગલ કેદ કરી હતી; કે જે વેરાન બીયાબાનમાં કોઇ આદમજાદ તો શું મગર ચોપગાં ચરંદાંઓ પણ ફટકવાની હીંમત કરતાં ન હતાં.

ગરીબ બાપડી પ્યાર ઘેલી ગુલનાર, આ એકસ એબસ માશુકે રાહઝન પોતાના બાહદુર બેજનની—તે ગબરૂ લુટારાની—યાદ

કરતી જલતાં જીગર મધેથી લોહીનાં આંસું વરશાવતી શોકાતુર બેઠી હતી. તેણી પોતાના વ્હાલાના ગમમાં ગલાઇ આગલી ગુલનારનો એક ઓળો માત્ર થઇ રહી હતી; તેણીને આય જગતમાં જીવવું બીલકુલ હરાંમ થઇ પડયું હતું, ખાવુ પીવું બીલકુલ ઝેર જેવું લાગતું હતું તો પણ તેણી એકજ આશામાં એકજ ઉમીદમાં જીવતી હતી. આજે નહીં તો મુદત બાદ પણ તેણીને પોતાના વ્હાલા દીલબરને, પોતાના વફાદાર બેજનને મલવાની ઉમીદ હતી; તેની યાદમાંજ તે જીવતી હતી, તેનીજ યાદમાં તે પોતાનો ખોરાક પણ તગુમગુ લેતી હતી.

તેણીનો ધાટકી પીદર અમીર તેહમતન અવારનવાર તેણીની મુલાકાત લેતો હતો, મગર તેની સમજાવત—તેની આજેજી કે તેની ધમકી આય બેજનના પ્યારમાં બળી મરતી બાળાનાં પ્યારથી પચપચી ગયલાં જીગર-પર બીલકુલ અસર કરતી ન હતી; તેણીએ "વરવું તો બેજનને ન તો તલવારની ધારનેજ!" એવા હડહડતા કસમ લીધા હતા. તેણીએ પોતે પણ આય પોતાના ધાટકી અને દુન્યાંની વ્યર્થ લાલચોપર મરી રહેલા ક્રૂર, સંગદીલ પિદરને સમજાવવાને અને ઘરડા નરીમાન સાથે પોતાની શાદી કરવાની અણઘટતી માંગણી છોડી દેવાને ઘણું ઘણું સમજાવ્યું હતું, મગર જીગરને બદલે પથ્થરનો ટુકડો ધરાવનાર તે સં-ગદીલ પીદરને પોતાનાંજ લોહી માસથી બનેલી પોતાની આય બેટીપર લેશભાર પણ દયા આવતી નહી; તે પોતે પોતાનોજ કકો ખરો કરા-વીને તે શાહ સોદાગર નરીમાનના પઇસે મોજ ઉરાડવા ચાહતો હતો. તે અવારનવાર આવતો હતો, અને પોતાની માંગણીઓ દમપરદમ રજુ કર્યો જતો હતો, પણ ગુલનાર સમજતી નહીં—અને ત્યારે તે બને બાપ—બેટી વચે જબરી તકરાર થતી, જેવી તકરાર આપણે હયાં જોઇ ગયા છીએ.

એવી રીતે જ્યારે એક બાજુએ આંય માશુકે રાહઝન પોતાના દુઃખી દીવસો નીકાલતી હતી ત્યારે બીજી બાજુએ બાપડો બેજન, ગુલનારનો ખરાં જીગરનો પરસ્તાર બેજન, જંજીરમાં અસીર બંદીવાન બની કેદી હાલતે પડેલો હતો; સબબ આપણે આગળ જોઇ ગયા તેમ કોટવાલની બેટી પરીન સાથ થયલી વાતચીત પછી પાછો પોતાને મુકામે ફરતાં કોટવાલના એક જાસુસે તેની પુઠ પકડી હતી અને તેને લુટારાના સરદાર તરીકે ઓળખી કાઢી તેને કાવાખાનાના દરવાજા આગળ પકડાવ્યો હતો. ત્યાર પછી બેજનને કોટવાલની રૂબરૂ લઇ જવામાં આવ્યો હતો, અને રાતો રાતતો તેને શહેરના સઉથી મજબુત કીલ્લાની એક અંધારી કોથડીમાં પુરવામાં આવ્યો હતો.

મધ્ય રાત્રીનો શુમાર હતો. રાત તદન ઘમઘોર, અંધારી કીલ અને બીહાંમણી હતી; અને આકાશપર સેતારાઓના ચમકાટના ઝાંખા ઉજાસથી દમાવંદની તલેટી તલેની તે ઉજડ જગયા વધુ ને વધુ બીહાંમણી અને દરાંમણી લાગતીં હતી.

દુર દુર ઘણે ઘણે દુરથી માથાંથી પગ તલક હથ્યારબંધ થયલા દશ ઘોડેસવારો પુર જોશથી તે ઝુંપડા તરફ દોડા આવતા હતા. તેઓને મોખડે એક બુઝર્ગ મગર જોરેમંદ બાંધાનો લડવઇયો પોતાના રખસપર સવાર થયલો જણાતો હતો. આ જબરજસ્ત સરદાર કોઇ નહીં પણ બહાદુર બેજનનો મદદગાર સાથી, અને તેની ગેરહાજરીમાં લુટારાની ટોળીનો વહીવટ ચલાવનારો ઘરડો લોહરાસ્પ હતો.

વાંચનારાંઓ આ ઝનુની લોહરાસ્પને ભુલી ગયા નહીં હશે. આ વાર્તાંનો શરૂઆતના ભાગમાં આપણે તેને પોતાને મોઢેથી તેનું દાસ્તાન સમજી ગયા છીએ. લોહરાસ્પ—બીન—નવશીરવાન હમદમ શહેરનો એક વખતનો હાકમ હતો, મગર ઇરાનના શાહના ગેર ઇનસાફથી તેને શહે-

રમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો, અને તેના બે નીમકહરામ દગાબાજ તરકટખોરા પિત્રાઇઓએ શાહને ઉંધુ ચતું સમજાવીને તેની, હાકમીમાંથી તેને હાંકી મુકી તેની મીલકત પોતે પચાવી પાડી હતી. ત્યાર પછી લોહરાસ્પે રખડતી જીંદગી અખ્તયાર કરી એક લુટારાની ટોળકી ઉભી કીધી હતી, અને છેવટે બેજનને પોતાના સરદાર તરીકે સ્વીકારી તેના હાથ તળે રહયો હતો.

આ ઘરડા લોહરાસ્પે અત્યાર સુધી આપણી વાર્તામાં કંઇ કામ કરી બતાવ્યું નથી, પણ અંદર ખાનેથી તે કંઇ જેવું તેવું કામ કરી બજાવતો નથી. બેજનની ગેરહાજરીમાં લુટારાની ટોળીની સરદારી લેનારો, તેઓને કાબુમાં રાખનારો, અને બધું ઘટતું કામકાજ કરનારો ઘરડો લોહરાસ્પજ છે; અને હવે તેને આપણી આ વાર્તાના તખ્તાપર કંઇ અગત્યનો ભાગ ભજી બતાવતો આપણે જોઇશું.

ઘરડા સરદાર લોહરાસ્પની બાજુમાં એક તેજી રખશની ઉપર એક ઓરત જો કે ઘરડી હતી તોબી એક ભલા મર્દને શરમાવે તેવી હુસ્યારીથી પોતાના ઘોડાને લોહરાસ્પના ઘોડાની લગોલગ દોડાવી યાહોમ રસ્તો કાપતી હતી. વાંચનાર, આ ઘરડી કોણ હશે? જરા ધીરજ ધર, અને થોડા વખતમાં તને તે જણાઇ આવશે.

આગલ અને આગલ તે ઘોડેસ્વારો યાહોમ ધસી આવ્યા; ઘોડાના પગોની લોખંડી નાલોના જબરા ધબાકાઓથી તે આખું વેરાંન ગાજીવાજી રહી આસમાનસે સર લગાડી રહેલા તે દમાવંદના બુલંદ પાહડને તેના પડઘાઓથી ધમધમાવી મેલ્યો હતો. ગોયા જહાં પહેલવાન રૂસતમની સરદારી તલે માજંદરાંનના દેવોની દુમબાલે જતા હોય એવું જોશ ને જનુન તે દશે માણસોમાં બ્યાપી રહયું હતું.

જે વખતે જંગી લોહરાસ્પ પોતાનાં માણસો સાથે એ મુજબ

રાત્રીના અંધકારમાં દોડયો ધસ્યો જતો હતો તે વખતે દમાવંદની તલેટીએ આવેલાં ગુલનારનાં કયદખાનાંનાં મકાનના એક બંધ ઓરડામાં શું બનાવ બની રહયો હતો તે હવે આપણે જોઇએ.

તે ઓરડાની વચોવચમાં ગુલનાર–કમનસીબ ગુલનાર પોતાના પીદર તેહમતનના પગ આગળ ગુથણ મરડીને દયાની આરજુ કરતી પડેલી હતી. તેહમતન પોતાના પગ આગળ પડેલી તે ગુલબદન ગુલનાર તરફ કરડી નજરે જોતો હતો, જયારે પાસે ઉભેલા ધરડા સોદાગર નરીમાનનાં મોંઢાપર એક જાતનું ગરૂરી ભરેલું હસવું ફેલાઇ રહેલું હતું. ઓરડાની બીજી બાજુએ ખુંધો કસરેવજ એક જાતની શયતાન્યત ખુશાલીથી મોઢું મલકાવતો ઉભેલો હતો. કસરેવજની પછવાડે એક બીજો શખ્સ ઉભો હતો જેના લેબાસપરથી એવું જાણતું કે તે કોઇ મુબેદ હતો. પોતાના પવીત્ર પેશાને એબ લગાડનારો તે કોઇ બુરી ખસલતનો શખ્સ હતો કે જે પઇસાની લાલચે અમીર તેહમતનની જાસ્તીભરી મકસદ પાર પાડી આપવામાં શામિલ થયો હતો.

“બસ, બસ! હું તારૂં કોઇબી જાતનું બોલવાનું હવે નથી સમજવાનો અને નથીજ સજવાનો!” અમીર તહેમતન આખરે તે ઓરડામાં ફેલાઇ રહેલી ચુપકીદી તોડતાં બોલ્યો. “દસ્તુર સાહેબ, ચાલો, વીલંબ ના કરો; હવે તમે તમારૂં કામ બેધડક બજાવો.”

તે મુજી બદકારો હવે જબરદસ્તી વાપરીને પોતાની મકસદ પાર પાડવાની શરૂઆત કરવા લાગા, ત્યારે તે કમનસીબ બાળાનાં મુખમાંથી કુદરતીજ પુકાર નીકળી પડયો:–“અરે ખુદા! આ કેવો સીતમ! અરે, કોઇ મને બચાવો, બચાવો!!”

તેજ ઘડીએ રાતની ઘોર શાંતીમાં ઘોડાનાં પગલાંનો અવાજ વા-

ગી રહયો. તે અવાજ સાંભળીને અમીર તહેમતન, સોદાગર નરીમાન, ખુંધા કસરેવજ અને પેલા મુબેદનાં મોઢાં બીહક અને ગભરાતને મારે ફીકાં પડી ગયા. તેઓ એક બીજાનું કોહું જોવા લાગા, જ્યારે ગુલનારે પોતાના પુકારો વધારે મોટે સાદે કરવાના જારી રાખ્યા.

દુરથી દોડી આવતા તે જંગી ઘોડેસ્વારોનાં ઘોડાઓની લોખંડી નાલથી તે વેરાનમાં ધમધમી રહેલાં જંગી અવાજોથી અમીર તેહમતન *વીચારમાં પડી ગયો.*

તે ભયાનક બીયાબાન કે જ્યાં વીકાલ દરંદાંઓ પણ આવવાને ગોયા હારી ખાઇ ડરી જતાં હતાં તે એકાંત અને દરામણી જગ્યાએ રખશોની લોખંડી નાલો ધમધમી રહી હતી તે વીચારથી અમીર તેહ-મતનની છાતી હેબત ધસકે ધડકવા લાગી. તે પોતાનાં એકાદ બે વિશ્વાસુ માણસો સીવાય કોઇ પણ દીવસ પોતાના મોટા રસાલા સહીત આય છુપી જગ્યા, પોતાની બેટીની તેણે બનાવેલી આય છુપી જીવતાં જીવતની ઘોર, આગલ તે કદી કદીબી આવ્યો ન હતો.

આય પગલાંઓનો તેણે એકજ તોડ કાહડયો લુટારાઓ સીવાય આય વેરાનમાં બીજો કયો આદમજાદ આવવાની હીંમત કરી શકે તે તેનાં ધ્યાંનમાં ઉતર્યું નહી; પગલાં નજદીક ને નજદીક આવતાં ગયાં અને હવે તે પોતાના બચાવ માટે પોતાની તરવાલ લઇ ટટાર ઉભો રહયો. આય બુઢ્ઢો અમીર પઇસાનો ગમે તેટલો પણ લાલચુ અનો ઉડાઉ હતો; પઇસા માટે તે પોતાની લાઇલાજ બેટીને વેચવા પણ નીકળયો હતો; ગમે તેવો બી એ બુરો હતો મગર હીમતમાં તે નરેશેર જેવો શુરો હતો. ગમે તે થાય પણ તેણે પોતાની જીંદગી ઘણીજ મોંઘી વેચવાનો ઠરાવ કર્યો.

હવે જ્યારે એક બાજુ અમીર તેહમતન પોતાનો બચાવ કરવાના અંદેશામાં પડેલો હતો ત્યારે બીજી બાજુથી ઘરડો બદખસલત સોદાગર નરીમાન પોતાની ગુલબદન ગુલનારને–તે મીઠાં ગુલાબને–એમ હાથમાંથી સેહલાઇથી છટકી જતી જોઇને આકરો–અધીરો પડી ગયો; અને પાસે ઉભેલા મુબેદને શાદીનો ગાંઠ જેમ બને તેમ જલ્દી બાંધી દઇ ઝટપટ કામ આટોપી નાખવાની ઉતાવળ કરવા લાગો.

અત્રે જણાવવાની જરૂર છે કે સોદાગર નરીમાને તેમ્જ ખુદાકસરેવજે તે રાતે ખાણાંના સુફરા ઉપર નજદીકમાં થનારી શાદીની શુભ ક્રીયાની ખુશાલીમાં લાલમલાલ શરાબની જામ જરા જોઇએ તે કરતાં વધારે નોશ કીધી હતી, અને તેથી તે બંધેનાં મોઢાંની ફરેકાર બેહક બેહક થતી હતી એટલુંજ નહીં પણ બંનેના તાંત્યા લટરપટર થતા હતા, અને બંનેની શુધ્ધી બરાબર ઠેકાણે ન હતી. ઘોડાનાં પગલાંનો અવાજ વધારે ને વધારે નજદીક આવતો ગયો, પણ તેનું તે છાકટાઓને ભાનંજ કયાંથી હોય?

થોડાજ વખતમાં લોહરાસ્પ અને તેના સાથીઓ ત્યાં આવી પહોંચ્યા. તેઓ પોતાના ઘોડાપરથી નીચે ઉતર્યા અને મકાનનાં બારણા ગરોગર ઠોકવા માંડ્યા. "બેજનનાં નામથી ખોલો!" એવા ઉદગાર તે લુટારાઓનાં મુખમાંથી રાતની શાંતીમાં ગાજી રહયા. પણ દરવાજા ઠોકવાની કશી અસર થતી ન જોવે હવે તેઓએ સાથે મળી થોડાજ વખતમાં બારણાં ભાંગી નાંખયાં અને લોહરાસ્પ ખુલ્લી તલવાર સહીત અંદર ધસ્યો.

તે મકાનમાં દાખલ થતાં એક નાનો જેવો વરંડો ઓળંગતાં લોહરાસ્પ અને તેની સાથવાળી ઓરત એક ઓરડા આગળ આવી પહોંચ્યાં. તે ઓરડાનો દરવાજો બંધ હતો, પણ માંહેથી માણસોની

તકરાર અને ટપાટપીના અવાજ સંભળાતા હતા. લોહરાસ્પે દરવાજાની ફાટમાંથી અંદરનો દેખાવ જોવા માંડયો, અને જે દેખાવ તેણે જોયો તે તેનું લોહી ઉકળી મુકવાને, તેને ગુસ્સાની ગરમીથી ગોયા ગાંડો બનાવવાને પુરતો હતો.

“હવે ખુદા ખાતર જરા જલદી કરોની તો!” સોદાગર નરીમાન લથડતી જુબાને પાસે ઉભેલા મુબેદને ક્રિયા ઉતાવળે કરવાનો આગ્રહ કરતો બોલ્યો. “ભલાં કામમા ધીલ તે કેવી કરવાની? ચાલો મુરબ્બી, જરા જલ્દી કરો! મારી મીઠી માશુક—મારી આ મોહબતની મુર્તી—મારી આ ગુલે ગુલાબ ગુલનારને છાતીએ ચાંપી એની સાથે મીઠી મીઠી વાતો કરવા મારૂં જીગર ટપુ ટપુ થયા કરેછ. વાસ્તે ચાલો, વેકો, જલ્દી કરો!”

અને હયાં તે નાલાયક બુઢાએ પોતાના હાથ ગુલનારનાં ગળાંમાં નાખવાની કોશેસ કીધી, પણ ગુલનારે તેને ઝટાક મારીને બાજુએ હડસેલી મુકયો. “દુર જા, મુવા છાકટા ઘુણ ઘરડા ઘુવડ તારા ગંધીલા હાથો મારાં બદનને લગાડવાની તું કેમ હીમત કરેછ?”

“ઓઇરે ઓઇ! આય પોરીનો મીજાજ તો જરા કોઇ જોવ!” ખુંધો કસરેવજ, જે નરીમાનના જેટલોજ રોશનબાશદ હાલતમાં હતો તે હવે વચ્ચે પુરાઇને ટણકો કરવા લાગો. “અરે એઇ પોરી! મારૂ માને તો હવે મુંગી મુંગી બધો મીજાજ છોડી દઇને દાણા પડાવવાં બેસી જા. આંય માણસને શું છે? આવો તનદરોસ્ત, સીનેફરાખ અરીમધરીમ જેવો પચાસ વરસનો ગબરૂ જવાન તેની સાથે શાદી કરવામાં તુંને શું વાંધો છે?”

“હેં કહેની, કહેની, તુને શું વાંધો છે?” નરીમાને હવે પાછો

વચ્ચમાં પડી ગુલનારની લગોલગ જઇને પુછ્યું. "મારી સાથે પરણવામાં તુને શું વાંધો છે? મને કીયા કુતરાએ ખાધોછ કડયોછ કે તું મારાથી એટલી કમકમેછ? ઓ પ્યારી, હું તુને બધી વાતે સુખી કરશ, હું તુને ધનના ઢગલાપર રોલતી કરશ, હું તારો પડયો બોલ ઉચકી લેવશ, મારો બધો જાન તારીપર કુરબાન કરી નાખશ–બોલ, એથી વધારે તે તુને શું જોઇએ?"

"હેં બોલની, બોલની, એથી વધારે તે તુને શું જોઇએ?" ખુંધો કસરેવજ હવે પાછો વચ્ચે પડયો. "ચાલો, દસતુર સાહેબ વેકો, વેકો, બસ હવે વધારે વાર ના લગાડો! ચાલો, જલ્દી કરો! અરે, મારૂં નાખ બધું કાહરનું શુકઇ ચાલ્યું? જરા જલ્દી કરોની! એમ ઠંડા પાણીનાં માટલાંની માફક જોયા શું કરોછ? ચાલો, વેકો, હાથ ચલાવો!"

તે ખુંધાએ હવે અમથી અમથી દોડધામ ને ગડ સડબડ કરી મુકી, ને તે બન્ને છોકટાઓ ગુલનારને પકડીને એમથી તેમ ખેંચતાણ કરવા લાગા એવાંમાં ધડાક દેતો કે દરવાજો તુટી પડયો, અને જંગી લોહરાસ્પ તથા તેની સાથવાળી પેલી બુઢયા ઓરડામાં ધસી આવ્યાં.

"થોભો! ઓ નાતરસ હેવાનો! ઓ મુજી બદકારો! જરા થોભો, ને ખુદાના ખોફનો કંઇ ખ્યાલ કરો!"

ઉપલા દીલ ધુજાવનારા શબ્દો તે બુઢયાનાં મોઢાંમાંથી થથરાવી નાખનારા અવાજે તે ઓરડામાં વાગી રહયાં; અને તેજ પળે, જાણે આસમાનમાંથી વીજળીનો એક ચમકારો થયો હોય તેમ, જંગી લોહરાસ્પની તરવારે મ્યાનમાંથી ઉછળી એકજ ઝટકે ખુંધા કસરેવજનું દોકું તેનાં તનથી છુટું કરી નાખી લોહીથી ઝઝરતું જમીનપર ગબડતું કીધું.

પ્રકરણ ૧૯ મું.

"આવ, મારી બેટી, મને ભેટ !"

તે એક અજબ સંજોગ હતો—ખુદાની કુદરતની તે એક અદ્ભુત કરામત હતી !

દાનાવ લોકોની એક ઘણી વાજબી કેહવત છે કે "ખુદા રાખે તેને કોણ ચાખે ?" અઝીઝ વાંચક, તું જો કે જંગી લોહરાસ્પ અને પેલી ઘરડી બુઢયાનાં કટોકટ વખતે આવી પહોંચવાથી ગુલબદન ગુલનાર કેવા જબરા સીતમમાંથી બચી જવા પામી !

પેલી બુઢયા ઓરતને જોતાં વારજ ગુલનારનાં મુખમાંથી ખુશાલીની ચીસ નીકળી પડી, અને એક કુદકા સમેત તેણી તે બુઢયાને ભેટી પડી તેની છાતીપર માથું નાખી રડી પડી.

"રોદાબે ! ઓ મારી વાહલી રોદાબે !" ફકત એટલાજ શબ્દો તે દુ:ખી સુંદરીનાં ડચકાંથી દબાયલાં ગળાંમાંથી નીકળી પડયા.

હા, પ્રીય વાંચનાર, તે બુઢયા કોઇ નહીં પણ ગુલનારની વફાદાર ઘરડી દાસી રોદાબે હતી, જે પોતાની શેઠાણીને જબરા જુલ્માતમાંથી બચાવી લેવા કટોકટ ઘડીએ મદદ લઇને આવી પહોંચી હતી.

"કોણ, રોદાબે!" તેહમતન તે નામ સાંભળતાં ચોંકીને બોલ્યો "એજ કમબખ્ત બુઢી ઘડી ઘડી મારી વચે આવીને મારાં બધાં કામનો ઘાણ વાળેછ. અય નાપાક બુઢયા, તને હયાં એમ ધસી આવવાની શું સ-તા હતી ? અને આંય મારા વફાદાર નાહકના ઠાર થઇ ગયલા નોકરનાં મોતનો તું શું જવાબ આપશે ? હુંબીતો ખરો, કે તને

શાહની હજુરમાં ઘસડી લઇ જઇ જનમના કેદખાનાંમાં નખાવી મારી જોરેમંદ સ-તાનો બરાબર સવાદ ચખાડું."

"અય તુંદ મીજાજના ગુમરાહી ભરેલા ઉમરાવ," જંગી લોહરાસ્પે હવે વચમાં પડતાં દમામદાર અવાજે કહયું, "એક બીચારી ગરીબ બુઢ્યાને ધમકી આપવામાં તું શું મરદાઇ સમજેછ? અગરજો તને તારા નોકરનાં મોતનો જવાબ લેવો હોય તો મને પુછ!"

"અરે પણ તું છે કોણ?" છોકટા નરીમાને હવે ચીંચવાયલી ચેનના જેવા અવાજે વચે પડીને પુછ્યું.

"હું તારા જેવા મુજીઓની ઉપર વેર લેનારો કાળો કેહર છું!" લોહરાસ્પે જવાબ દીધો.

"બેશરમ, બુઢી, બોખી બિલાડી!" તેહમતન હવે ગુસ્સાથી દાંત પીસી નાખીને આંખમાંથી ગોયા અંગાર વરસાવતો રોદાબે તરફ જોઇને બોલ્યો. "તું કોણ છે જે હરહમેશ એવી રીતે મારાં બધાં કામની વચે પડી મારી મકસદની ધુળધાણી કરે છે? તને મારી સાથે કે ગુલનારની સાથે લાગેછ વળગેછ શું કે તું અમારાં ખાનગી કામમાં માથું મારેછ? તું છે કોણ?"

"હું કોણ છેઉં તે તું પુછેછ?" રોદાબે તેહમતનની છેક લગોલગ જઇને બોલી. "ઓ ગુમરાહ અમીર તેહમતન, શું તું મને ઓળખતો નથી? જો, જો, ધ્યાનથી જો કે હું કોણ છું! અરે હું ભુલુંછ! હવે તે મારો આગળો દેખાવજ કયાં રહયોછ, કે તું મને ઓળખે!"

"મારૂં નિમક ખાઇ મનેજ નિમકહરામ થનારી ઓ કમીની કુતરી

તુને હું પુરેપુરી ઓળખું છ! મારી બેટીની દાયાગીરીમાં તને રાખવામાં મેં ખચ્ચીતજ થાપ ખાધીછ!"

"ખચીત તેં થાપ ખાધીછ, પણ તું સમજેછ તેમ ગુલનારની નોકરીમાં રાખવાથી નહીં; પણ હું ખરેખર કોણ છું, તે જાણી લેવામાં તેં થાપ ખાધીછ! જો, આય જો!" અને એટલું બોલી રોદાબેએ પોતાનો જમનો હાથ તેહમતન આગળ લંબાવી તે ઉપરની ધીલી બાંહે હટાવી પોતાની બાજુ ખુલી કીધી.

"કેમ કાંઇ આગળી પાછળી યાદ આવેછ! ગુલનારની દાસી રોદાબેમાં ખરેખર તો હું કોણ છું તેનું કાંઇ હવે ધ્યાન આવેછ?"

એમ બોલી રોદાબે તેહમતનની છેક નજદીક ગઇ અને તેને પોતાની બાજુ દેખાડી. કેટલોક વાર સુધી તેહમતને તેણીની તરફ ટીકયા કીધું, પછી જાણે વીજળીનો એક ઝટકો લાગ્યો હોય તેમ તે ચોંકયો.

"કોણ? ખુરશીદ? મારી ગુલનારની માય ખુરશીદ? ઓ ખુદા!" રોદાબેના હાથની બાજુ ઉપર નજર નાખતાંજ તે અમીર જાણે કંઇ ભયંકર વાતની યાદ આવતી હોય તેમ પોતાનું મોહડું પોતાના બંને હાથોએ ઢાંકી દીધું.

"હા, હુંજ ખુરશીદ," તે ઘરડી, જેને આપણે ગુલનારની વફાદાર દાસી રોદાબે તરીકે ઓળખતા આવ્યા છીએ, તે બોલી. "હુંજ તે અભાગણી, કમનસીબ ખુરશીદ કે જેને, ઓ સંગદિલ અમીર તહેમતન, તેં વરસોની વાતપર તારા ઘેરમાંથી હાંકી મુકી હતી! હુંજ તે ખુરશીદ કે જે પાછળથી દાસીના વેશમાં તારાં ઘરમાં નોકરી કરી પોતાની બેટીની જતન લેતી હતી. હુંજ તે ખુરશીદ—હુંજ

ગુલનારની માય!—એ "ગુલનાર, મારી બેટી, આવ, આવ, મને ભેટ! તારી માયને ભેટ!"

હા, પ્રીય વાંચનાર, આપણી ઘરડી, વફાદાર રોદાબે કોઇ નહીં પણ અમીર તેહમતનની મોહરદાર અને ગુલનારની માતા હતી. આ ભેદ ભરેલી વાતનો વધુ ખુલાસો જરા આગળ ચાલતાં મળશે.

તે બંને માય-બેટી આંસુઓથી ભરાયલી આંખો સાથે એકમેકને ભેટયાં. રોદાબેએ અણહદ વાહલથી ગુલનારને પોતાની છાતી સાથે ચાંપી, અને તે વખતે ગુલનારનું બધું દુ:ખ જાણે નીકળી ગયું. ઘરડી રોદાબેને તે પોતાની માવતર હોય તેવા પ્યારથી આગમજથીજ ચાહતી હતી, તે બંનેની વચ્ચે માય-બેટીના જેવું હેત આગમચથીજ હતું, પણ હવે જ્યારે ગુલનારે રોદાબેને પોતાની ખરી માય તરીકે જાહેર થયલી જોઇ ત્યારે તેણીનું બધું દુ:ખ જાણે મટી ગયું. એક માવતરની માયાનું મમતાળુ છતર પોતે મેળવવા પામી તેથી તે છોકરીને હવે ઘણી હીંમત ને ધીરજ આવી, ને પોતાની બધી આફત-અધી બલા જાણે ટળી ગઇ હોય એવું તેને લાગ્યું.

હવે એક બાજુ જયારે આ બધા દીલ ઉશકેરનારો બનાવ બની રહયો હતો ત્યારે બીજી બાજુ જંગી લોહરાસ્પની સાથે આવેલા લુટારાઓ શું કરતા હતા તે આપણે જોઈએ. પહેલાંનો તેઓ લોહરાસ્પના હુકમથી ખુધા કસરેવજની લાસને ઉંચકી મકાનની બાહેર લઇ ગયા, અને ત્યાં તેને ઉતાવળમાં ઠેકાણે પાડી દીધી. ત્યાર પછી તેઓ આખાં મકાનમાં ફરી વળ્યા, ને તેહમતનના રસાલાનાં એકાદ બે માણુંસ મળ્યા તેઓને કેદ કરી લીધા. ત્યાર બાદ લોહરાસ્પ તરફથી એકજ ઇશારો થતાં ઘરડા સોદાગર નરીમાન અને પેલા મુબેદને પકડીને મુશ્કાતાત કરવામાં આવ્યા. પછી લોહરાસ્પે તેહમતનને કહયું:-

"અય અમીર તેહમતન, હવે તને અમારી સાથે અમે જે જગાએ લઇ જઇએ તાંહ આવવું પડશે."

પણ તેહમતન એટલો સહેલાઇથી તાબે થાય તેમ ન હતું. તે ગુસ્સાથી બોલ્યો:—"અય બેઅદબ, તું કોણ છે જે એવી રીતે મારી પર હુકમ ચલાવવાનો ફાંકો રાખેછ? મને કોઇ અટકાવી નહીં શકશે; હું મારી મરજી પડશે તાંહ જવશ."

"તેમ નહીં બનશે! તને અમારી સાથેજ આવવું પડશે!" લોહરાસ્પ મજબુતાઇથી બોલ્યો.

"એ કમીના અગર જો તું મને કે મારાં માણસોને જરાબી રોકશે તો યાદ રાખજે, ખતા ખાશે. તારા જેવા બેબદામના હલકા લુટારા પીંઢારાની ધમકીથી શું હું, અમીરી તોખમનો અમીર બચ્ચો, બીહ જવશ?"

"ખબરદાર! અય પતરાજીખોરા અમીર, એવા અપમાન ભરેલા સુખનો બોલવાની આગમચ તારી જુબાનને ખાંચ! તારી જીભને કાબુમાં રાખ!" લોહરાસ્પે ગુસ્સાથી ચમકતી આંખોએ ગરજના કીધી, "તું જાણેછ હું કોણ છેઉં?"

"તું કોણ છે?"

"હું તારા જેવીજ અમીરી તોખમનો ને અમીરી લોહીનો ઉમરાવ છું. એક વખતનો હમદમ શહેરનો હાકેમ લોહરાસ્પ—બીન—નવશીરવાન તે હું પોતે છેઉં!"

"આહ! ત્યારે તો એ કાવત્રાંખોરો, તખ્તો તાજને બેવફા થયલા, કાવત્રાંખોર ફીતુરી અમીર, આજે તારાં બધાં બદકર્તુકો ને તારી બધી ગુસ્તાખીનો બદલો હું તને બરાબર ચખાડીશ!"

એમ બોલતાં અમીર તેહમતને પોતાની તરવાર મ્યાનમાંથી ખેંચી કાઢી પણ જંગી લોહરાસ્પ તેને મુકાબલેજ હતો. વીજળીના ચમકારાની માફક તેની તેજી શમશીર હવામાં ઉછળી, અને બંને બાહદુર જંગીઓ વચે જબરૂં જંગ ત્યાં જામી રહયું. અમીર તેહમતન ઉગામેલી તરવાર સહીત લોહરાસ્પનાં આંગપર ધસ્યો, અને લોહરાસ્પ જો પુર ચપલાઇ ન રાખતે તો ખચીતજ તે બુઢા લડાયકની તરવારનો ફટકો તેને ધુળ ચાટતો ખાકમાંજ નાખતે; મગર તે અસાધારણ ચપલતા ને સમય સુચકતા વાપરી વાંકો વળી અમીર તેહમતનની પછવાડે જઇ લાગ્યો. પણ અમીર તેહમતન પાછો તરવાર ઉગામી શકે તે અગાઉ તો તે લોહરાસ્પની બળવાન બાહોમાં જઇ પડયો, અને બીજીજ પળે તે ઇરાની દરબારમાં ફુંફું કરી રહેલો, ઉંચું સર રાખનારો, તુંડમીજાજ અમીર ઝિરોઝબર થઇને, જંજીરમાં જકડાઇને, દુશમનના હાથમાં સપડાઇ—સીકડાઇ ગયો.

હવે લોહરાસ્પ અને બધા લુટારાઓ પોતાના કેદીઓને લઇને મકાનની બાહેર નીકળ્યા. અમીર તેહમતનને બાંધી—રૂંધીને એક ઘોડાપર બેસાડવામાં આવ્યો, અને તે ઘોડાની લગામ હાથમાં ધરીને એક લુટારો તેની લગોલગ પોતાના ઘોડાપર ચાલવા લાગો. તેવીજ ગોઠવણ સોદાગર નરીમાન અને પેલા દસતુરના બાબમાં કરવામાં આવી. ગુલનારને તેની માવતરે પોતાના ઘોડાપર સાથે લઇ લીધી, અને ત્યાર તે દિલેર લુટારાઓની ટોળીએ પોતાની થયલી જીતને માટે ખુશાલીના પુકારો કરતા પોતાના ગુફા તરફનો રસ્તો લીધો.

પ્રકરણ ૨૦ મું.

આગલા પાછલા ખુલાસા.

આગળાં પ્રકરણોમાં એક પછી એક પાણીના રેળાની માફક સડસડાત બનેલા બનાવોનો કંઇક ખુલાસો અત્રે આપવાની જરૂર છે. પહેલાં તો વાંચનાર પુછશે કે ગુલનારને કટોકટ જોખમમાંથી બચાવી લેવા દમાવંદની તળેટીએ આવેલી તે વેરાન–બીયાબાન જગ્યાએ રોદાબેનું લોહરાસ્પની સાથે કટોકટ વખતે આવી પહોંચવું કેવી રીતે થયું હતું? વળી રોદાબે ગુલનારની માતા અને તેહમતનની મોહરદાર જાહેર થઇ તેનો ભેદ શું તો હતો?

આ બધો ભેદ સમજાવવાને વાસ્તે પહેલાં તો આપણે રોદાબેની–અથવા ખરૂં કહીએ તો ખુરશીદની જવાનીનો થોડોક ઇતીહાસ રજુ કરીશું.

ગુલનારની માતા ખુરશીદ પોતાની જુવાનીમાં ખુબસુરતીનો એક ખરેખરો નમુનો હતી, કે જે ખુબસુરતીનો વારસો આપણી ગુલનારપર ઉતર્યો હતો. ખુરશીદની ઘણી નાની ઉમરે અમીર તેહમતન સાથે કદખુદાઇ કરવામાં આવી હતી; પણ શું તે બંનેની રાજી–ખુશીનાં લગન હતાં? નહીં--તે બંનેની વચ્ચે પ્યાર કે એકમેકને માટે કોઇ બી રીતની પસંદગીની લાગણી હતી નહીં. પ્યારની પવીત્ર લાગણી તેઓની વચ્ચે તદ્દન ગેરહાજર હતી. તે બંનેનાં લગન એકમેકની રાજી ખુશાથી નહીં પણ માય–બાપની સગવડ સાચવવા થયાં હતાં–અને તે લગનનું પરીણામ, જેમ એવા ઘણા દાખલાઓમાં બનેછ તેમ, આયંદે દુઃખીજ આવ્યું.

ખુરશીદે પોતાની શાદીને બે વરસ થયા પછી એક ચેહરેનમુન બેટીને જનમ આપ્યો, જે કોઇ નહીં પણ આપણી ગુલનાર હતી. હવે ખુરશીદનું જવાન જીગર તો પોતાના એક દુરના જવાન સગા ગુસતાદ તીરંદાઝ તરફ ખેંચાયલું હતું, પણ તેહમતન સાથે શાદી થયા પછી તેણીએ ગુસતાદનો વીચાર છોડી દીધો હતો અને એક પરણેતર તરીકેની પોતાની પાક ફરજો પુર વફાદારીથી બજાવતી હતી. ગુલનારનો જનમ થયા પછીતો તેણીએ ગુસ્તાદનો ખ્યાલબી કરવો સદંતરજ છોડી દીધો.

હવે અમીર તેહમતન ઘણો અદેખા ખવાસનો હતો, અને પોતાની મોહરદાર કોઇબી પરાયાની સાથે વાત વટીક કરે તે તે સાંખી શકતો નહીં. એક દીવસ એવું બન્યું કે ખુરશીદનો જવાન સગો ગુસ્તાદ શીરાઝથી આવી લાગ્યો, અને ગુલનારની ઉપર તેની નજર પડવાથી લાંબો વખત તેણીને જોયલી નહીં હોવાથી તેણીની ખબર અંતર પુછવાની મકસદથી તેણીની પછવાડે ગયો.

અમીર તેહમતનના મેહલના બગીચામાં તે બંને જણાંનો લાંબે વખતે મેલાપ થયો, અને તેઓ અરસપરસની ખેર આફીયત પુછવા લાગ્યાં, એવાંમાં અમીર તેહમતનનું ત્યાં આવી લાગવું થયું. તે અદેખો પોતાની પાકજાદ મોહરદારપર નાહકનું બદ ગુમાન લઇ ગયો.

તે દીવસથી તે પોતાની મોહરદાર તરફ ઘણી ઘાતકી ચાલ ચલાવવા લાગો, જેનું પરીણામ આયંદે એવું આવ્યું કે તે બંને ધણી–ધણીયાણી વચ્ચે જબરો કડવાસ પેદા થયો. એક દિવસે તે ઘાતકી ખાવંદ ઝનુની બની જઇ બેગુનાહ ખુરશીદનું ખુન કરવા તઇયાર થઇ ગયો; અને કાતિલ ખંજર ઉંચામી તેણી ઉપર ધસ્યો. બાપડી ખુરશીદનું આવીજ બન્યું હતે; પણ તેણી સમ્યસુચકતા વાપડી તેની હાજરીમાંથી દોડી

ગઇ, છતાં તેણી કાંઇ સાબુટજ છટકી જવા પાંમી નહીં. એક અછડતો મગર ઉંડો જખમ ઝનુન ઉપર ચહડેલા તહેમતને તેણીની બાજુ ઉપર કર્યો, અને એટલા એકજ જખમ સાથ ખુરશીદ વધુ જીવલેણ ઇજા પામવા વગર બચી ગઇ. આ કમનસીબ બનાવ બનવા પામ્યો તે વખતે ગુલનાર ફકત એક વર્ષનું બચ્ચું હતી, અને એજ કમનસીબ વખતથી તે ધણી ધણીયાણી હંમેશનાં છુટાં પડયાં.

એક વરસ સુધી ખુરશીદ પોતાનાં માય–બાપ સાથે રહી, પછી તેણીનાં માય–બાપ મરી ગયાં ત્યારે તેણીની હાલત ઘણી દયાજનક થઇ પડી. ત્રણ વરસ સુધી તે ઘેલી–દીવાનીની માફક એમથી તેમ રખડયા–રઝળ્યા કીધી. તેટલા અરસામાં તેણીનો હાલ અવતાર બદલાઇ ગયો. તે એક વખતની ખુબસુરતીનાં ચમનમાં ગુલાબની મીસાલે ખીલતી ખુરશીદ બીલકુલ બેહાલ–બેઅવતાર બની ગઇ. તેણીની ખુબસુરતી કરમાઇ ગઇ, તેણીનો દેખાવ બદલાઇ ગયો, અને જુવાન હોવા છતાં તે બુઢી જેવી દેખાવા લાગી. તેણીની ગમખારીએ તેણીની સુરત–શકલ એટલી હદ સુધી બદલી નાખી કે તેની મરહુમ માદર અગર જીવતી હતે તો તે પણ તેણીને પીછાણી નહીં શકતે. ત્રણ વરસ એ મીસાલે વહી ગયાં.

પણ એક માતા પોતાનાં પ્યારાં બચ્ચાંથી કેટલો વાર સુધી વીખુટી રહી શકે? એક માતાનો પવીત્ર પ્યાર કેવો બળવાન હોય છે તે શું આપણને ખબર નથી? કમનસીબ ખુરશીદનો જીવ પોતાનાં વાહલાં બચ્ચાંમાં બધો ભરાઇ રહયો હતો, અને એક માવતરનાં માયાળુ શીરછતર વગર તેણીનું બચ્ચું કેવું દુ:ખી, કેવું હેરાન થતું હશે તેનો ખ્યાલ કરતાં તેણીનું જીગર જળી જતું હતું. તેણીનો બધો જીવ–જાન પોતાનાં બચાંને એકવાર પાછું જોવા અધીરે,

પડી રહયો હતો; અને કોઇબી જોખમે તે બચાંના પાસે જવાનો તેણી-એ ઠરાવ કીધો.

આ ઠરાવને અનુસરી તેણીએ એક હીમતભરેલી યુકતી રચી. અમીર તેહમતનનાં ઘરમાં તે વખતે એક દાસીની જગા ખાલી હતી. ખુરશીદે પોતાનું નામ બદલી નાખી, રોદાબેનું નામ ધારણ કરી, તે જગાને માટે ઉમેદવારી કરી, અને તેણીને ઝાઝી તેહકીક વગર રાખ-વામાં આવી. એવી રીતે જે ઘરમાં તે કમનસીબ બાનુ એક વખતે શેઠાણીનું રાજ કરતી હતી; જે ઘરના માલેકની તે હકદાર મોહરદાર હતી, તે ઘરમાં તે એક નોકરડી, એક દાસી તરીકે ચાકરી કરવા આ-વી અને તે કોણને ખાતર?—પોતાનાં બચાંને ખાતર.

તેહમતને પોતાની મોહરદારને કાઢી મુકી તે વાતને પાંચ વરસ વહી ગયાં હતાં તેથી લોકોની યાદમાંથી તે વાત વીસરાઇ ગઇ હતી. વળી ખુરશીદ આટલો વખત સુધી બાહરગામજ રખડયા કીધી હતી, તેથી લોકો એમજ સમજતાં હતાં કે તે બીચારી કયારની દુ:ખથી રીબાઇને માર્ગે લાગી ગઇ હતી. અમીર તેહમતનબી એમજ સમ-જતો હતો, અને ગુલનારને તો પોતાની માતાને વીશે કંઇ ખબરજ નહીં હતી.

એવી રીતે પંદર વરસ વહી ગયાં—પંદર લાંબાં વરસ જે દરમ્યાન તે માતાએ પોતાનાં જીગરની બધી લાગણીઓ દબાવી રાખી પોતાની બેટીની ચાકરી કર્યા કીધી.

હવે ગુલનાર વીસ વરસની એક ખીલતી કળી બની, અને ત્યારે ગુલનારને ઘરડા નરીમાન સાથે પરણાવવાને તેણીનો બાપ તેણીની ઉપર જે જુલમ ગુજારવા લાગો તે આપણે જોઇ ગયા છીએ. પછી ગુલનારનો બેજન સાથે મેલાપ થયો, અને બેજનને દેશનીકાલ કરવા-

માં આવ્યો, ને ગુલનારે તેની સાથે દેશવટો ભોગવવા જવા ચાહયું ત્યારે રોદાબેએજ તેણીને સમજાવીને એવું પગલું ભરતાં અટકાવી. પછી જયારે તેહમતન પોતાની બેટીપર ઘણોજ સીતમ ગુજારવા લાગો ત્યારે રોદાબેથી તે સાંખી શકાયું નહીં, અને તે સીતમમાંથી પોતાની બેટીનો કોઇબી રવેશે છુટકારો કરવાની ગોઠવણ કરવા તે શીરાઝ જઇને પેલા સગા ગુસ્તાદ તીરંદાઝને મળીને તેની સાથે ચોકસ ગોઠવણ કરી, પણ તે ગોઠવણ પેલા ખુંધા કસરેવજની દગાબાજીને લીધે કેવી રીતે ધુળમાં મળી તે આપણે જોઇ ગયા છીએ.

લુચ્ચા કસરેવજે તેહમતનના આગળ બધી વાત ફુંકી મારી તેથી તેહમતને રોદાબેને નોકરીમાંથી કાઢી મુકી, તે છતાં તે વફાદાર સ્ત્રી અવારનવાર પોતાની શેઠાણીને મળતી રહી, પણ એક દીવસ વળી પાછી સપડાઇ જતાં તેણીને કેવી રીતે તેહમતનના લાગવગથી કેદમાં પુરવામાં આવી તે પણ આપણે જોઇ ગયા છીએ.

રોદાબે કેદમાં પડેલી હતી ત્યારે ગુલનારની ઉપરનો સીતમ વધતો ગયો, અને પછી જયારે શહેરના કોટવાલ રૂસ્તમ–બીન–શાપુરની દયા ભરેલી હીલચાલનાં પરીણામમાં રોદાબેનો છુટકારો થયો ત્યારે વળી તેણીને ભારે દુઃખ વચ્ચે ખબર પડ્યું કે કમનસીબ ગુલનારને તો તેણીના બાપે કેંઠ ગુમ–ગેબ કરી નાખી હતી.

પણ રોદાબે કંઇ હીંમત હારી જાય તેવી ઓરત નહીં હતી. તેણીએ ઠરાવ કીધો કે કંઇબી કરીને પોતાની બેટીનો પત્તો મેળવવો અને તેણીનો છુટકારો કરવો. તે જાણતી હતી કે ગુલનારની ઉપર ચોકી રાખવાનું કામ તેહમતને ખુંધા કસરેવજને સોંપ્યું હતું. આ ઉપરથી તેણી ભાખારડીના વેશમાં તેહમતનના મેહલ આગળ રાત–દહાડો રખડીને તપાસ રાખવા લાગી કે જો કસરેવજ આવે તો તેની પુંઠે

જઇ ગુલનારનો પત્તો મેળવી શકાય. તે અશરાફનું ફરજંદ—તે ફરેબી ફસરેવજ—આજે કાલે નહીં તો બે મહીનેબી બજારમાં કંઇ પણ જરૂરી ચીજો માટે યા અમીર તેહમતનને મલવા આવવોજ જોઇએ; અને તેમજ થયું. એક દીવસ અમીર તેહમતનનાં મહેલ આગલ તે ચોકી રાખતી હતી, રાત્રીનાં બેનો શુમાર હતો, ત્યારે તે નેકબખ્તને અમીરના અએવાનના દરવાજામાંથી તેણીએ નીકળતો દીઠો.

તુરતજ તેણીએ તે સજાતના ફરજંદની પુઠ પકડી અને એવી રીતે તેણીએ ગુલનારનો પત્તો મેળવ્યો.

પણ હવે કેમ કરવું, દમાવંદની તળેટીએ આવેલાં તે મકાનમાંથી ગુલનારનો છુટકારો કેમ કરવો, તે તેણીને એક સવાલ થઇ પડયો. બેજન પરીનને મળી તેના મકાનમાંથી બાહેર પડયો અને થોડાજ વારમાં કોટવાલના માણસોના હાથમાં સપડાયો તે આપણે જાણીયે છીએ, તેજ વખતે રોદાબે પોતાની સગી મેહેરને મળવા પરીનના મેહલમાં આવી અને ત્યાં તેણીએ બેજન વિષેની હકીકત સાંભળી. પોતાની વહાલી બેટી ગુલનાર જેને જાનો જીગરથી ચાહતી હતી તેનો આવો દુઃખદાયક ફેજ આવેલો સમજી તેણી ગાભરી પડી ગઇ અને દિવાના જેવી બની ગઇ. પરીન યા મેહર સાથ કશી પણ વધુ વાત કર્યા વગર તેણી ત્યાંથી નિકળી ગઇ અને દીવાના મિસાલ શેહરની ગલી કુંચીઓમાં હાય બેજન! હાય ગુલનાર! પુકારતી દોડવા લાગી. શેહરના લોકો તેણીને દિવાની સમજી દરકાર કરતાં નહીં, પણ મીરાન—બેજનનો આરબ લુટારૂ સાથી અને બીજો એક જણ રોદાબેની સાંમે થઇ ગયાં, અને "ઓ બેજન! ઓ ગુલનાર!" ના પુકારો સાંભળી તેઓનું લક્ષ રોદાબે તરફ ખેંચાયું. તેઓએ રોદાબેને સમજાવી પટાવી થંડી પાડી અને તેના હાય અફસોસનું કારણ પુછ્યું. રોદાબેએ પોતાના દિવાનપણામાં

સઘળી વીગત રડતાં રડતાં જણાવી, અને તે લુટારાઓ આ નવો ધડાકો સાંભળી દંગ બની ગયાં. તેઓનો મુખી પાછો કેદ પકડાયો હતો, એમ જાણી તેઓ ઉંડી દલગીરીમાં ગર્ક ગયા, અને રોદાબેને, તેઓ કોણ છે તે જણાવ્યા વગર, તેણીને મદદ કરવાની લાલચ દેખાડી પોતાના શેહર બાહેરના ગુફામાં તેડી ગયા. ગુફામાં બુઢ્ઢો લોહરાસ્પ અને બીજા લુટારાઓ તેઓની હકીકત સમજી બેબાખરા બની ગયા, પણ સરજત ઉપર આધાર રાખવા સિવાય તેઓનો છુટકો ન હતો. ખુદાની કોઇ કરામતજ વળી પાછો બેજનને બચાવે તોજ તે બચે એમ તેઓ અચ્છી તરાહ સમજતા હતા. જો કે બેજનના અંજામ માટે તેઓ સઘળા દલગીરી બની ગયા હતા, છતાં રોદાબેની કહાંણી સાંભળી તેઓ સઘળા કોણ હતા અને બેજન સાથે તેઓને શું સંબંધ હતો તે તેણીને જણાવી દઇ ઝનુની લોહરાસ્પ ગુલનારનો તતકાળ છુટકારો કરવા તઇયાર થઇ ગયો અને તેજ ઘડીએ પોતાની કમરે તરવાર બાંધી પોતાના દશ દીલેર સાથીઓને લઇ ગુલનારનો છુટકારો કરાવવા યાહોમ નીકળી પડયો.

કેવી રીતે તે બહાદુર જંગીઓએ કટોકટ વખતે મુજી બદકારોના હાથમાંથી ગુલનારનો છુટકારો કીધો, કેવી રીતે તે બદમાશો દુશમનોના હાથમાં ઝીરોઝબર થઇ ગયા, કેવી રીતે રોદાબે ગુલનારની માતા તરીકે જાહેર થઇ, અને કેવી રીતે તે માય–બેટીનો ખુશાલી ભરેલો મેલાપ થયો, તે બધું આપણે આગળ વાંચી આવ્યા છીએ.

હવે આપણે આપણા બેજન તરફ નજર ફેરવીશું, કે જે આ બધો વખત પાયતખ્ત શહેરના કીલ્લાની અંધારી કોથડીમાં કેદી હાલતમાં પડેલો છે.

પ્રકરણ ૨૧ મું.

“ઓ કમીના કંગાલ, જો આય શું ચીજ છે?”

બેજનને કાવાખાનાંમાંથી કેદ પકડયા પછી શહેરના સઉથી મોટા અને મજબુત કીલ્લાની એક અંધારી કોથરીમાં પુરવામાં આવ્યો હતે. જ્યાં એવી હાલતમાં લગભગ ચાર કલાક સુધી તે પડી રહયો. એ વખતે કીલ્લાના ગંજાવર દરવાજા આગળ નજદીક વીસેક વરસની ઉમરનો એક નૌજવાન આવી પોંહચ્યો, અને કીલ્લાના ઉપરીને ખાસ સબબસર મળવાની ઇચ્છા જણાવી, પણ તેની કાંઇ પણ રીતે દાદ ન લેતાં કીલ્લાના પોહરેગીરોએ તેને ત્યાંથી ચાલી જવા કહયું.

આવી અપમાનભરી વર્તણુકથી તે જવાં મરદનો પીતો ગુસ્સાથી ઉછળી આવ્યો, અને પેલા પોહરેગીરો તરફ ધીક્કારથી નજર નાખી તે બોલ્યો,

“તમારા જેવા હલકતના હાથમાં જરા સતા આવી એટલે તેનો ગેરઉપયોગ કરવો એમ તમારા બાદશાહે તમને ફરમાવ્યું છે શું? આએ પળે હું તમારા ઉપરીને મળવા માંગું છું. તે કાંઇ મારાં પોતાનાં કામને માટે નહીં, પણ ખુદ તેનાજ લાભ અર્થે રાતની વખતે મેં હયાં આવવાની તસ્દી લીધી છે. હવે મને એકદમ અંદર દાખલ થવા દેવો; નહીં તો સહવારૂં પડતાં જયારે એ તમારી બેઅદબ વર્તણુક વીષે સાંભળશે, ત્યારે પોતાને થયલા નુકસાન માટે તેનો ગુસ્સો કેટલો વધી પડશે તેનો જરા ખ્યાલ કરો.”

તે જવાનનાં આવાં હીંમત ભરેલાં બોલવાની થોડી ઘણી અસર

થઇ ખરી. પોહરેગીરો હવે વચ્ચેથી ખસી ગયા અને તેને અંદર દાખલ થવા દઇ, એક નાના ઓરડામાં બેસાડી, એક પોહરેગીર પોતાના ઉપરીને ખબર કરવા ગયો.

થોડા વારમાંજ કીલ્લાનો ઉપરી ત્યાં આવી પોંહચ્યો અને આવી અંધારી રાતે આવનાર તે પરોણાને ટીકતો ઉભો. તે જવાન લગભગ વીસેકની ઉમરનો દીસ્તો હતો. તેના પેહરવેશ ઉપરથી કીલ્લાના ઉપરીને તેની હાલત ઘણી બનંગ માલમ પડી. આ પ્રમાણે બારીકીથી તેની તરફ ટીકીયા પછી આવી મધરાતે ત્યાં આવવાનો સબબ પુછતાં તે નૌજવાન બોલ્યો:—

"અય સરદાર, મારી વાત જરા ખાનગી હોવાથી તારાં માણસોની હાજરીમાં હું કહી શકતો નથી."

"કીલ્લાના ઉપરીએ પોતાનાં માણસોને બહાર જવાનો હુકમ કર્યા પછી તે નૌજવાન બોલ્યો, "અય ભલા રખવાલ, આજે હું તને એક અરજ કરવા આવ્યો છું, અને મને આશા છે જે મારી અરજ તું ના કબુલ કરશે નહીં."

"રાતની વખતે મને ઉંઘમાંથી જગાડી અરજ કરવા આવવાની શું મતલબ?" તે રખવાલ ચીરડાઇને બોલ્યો. "તારેથી સહવારે નહીં અવાયું?"

"હું રાતની વખતે આયો કારણ કે મારૂં કામ ઘણું અગત્યનુ છે." તે જવાને જવાબ દીધો.

"એટલું બધું તે શું અગત્યનું કામ છે?"

"તારા હાથ તળે કેદ રાખવામાં આવેલા પેલા લુટારાને હું મળવા માંગું છું."

"તેમ કદી બની શકે નહી;" રખવાલ ચીરડાઇને બોલ્યો. "અય બેવકુફ જવાન, તું રાતની વખતે મને ફોકટનો કંટાલો આપવા કાંહથી આયો? ચાલી જા હયાંથી, નહીતો મારાં માણસો પાસે પકડાવી તુંનેબી અંધારી કોથરીમાં નખાવશ."

"એમ છે?" પેલો જવાન ઠસ્સાથી બોલ્યો. "ત્યારે તો એ બેઅદબ રખવાલ, કદાચ આંય ચીજ જોઇને તારો વીચાર તું ફેરવશે. એ કમીના કંગાલ, જો આય શું ચીજ છે?" એમ બોલી તેજ પળે તે જવાને પોતાનાં ગજવામાંથી કંઇ ચલકતી ચીજ કહાડી કીલ્લાના રખવાલની નજર સાંમે ધરી.

આ કરામતીક ચીજનો ચલકાત રખવાલની આંખે પડતાં તેજ પળે તેણે ચોંકી તે ચીજ જવાનના હાથમાંથી ઝુંટાવી લીધી, અને તેને એમથી તેમ ફેરવી ખુબ ધ્યાનથી તપાસવા લાગ્યો. થોડે વારે તેની ખાતરી થઇ હોય તેમ ડોકું ધુણાવી તે કરામતી ચીજ તે જવાનને પાછી સ્વાધીન કરતાં તે બોલ્યો.

તેં આવતાંને વારજ એ મને કાંય નહીં દેખાડી? મારેથી કંઇ બેઅદબી થઇ હોય તો તે માફ કરજે. હું મારેથી બનતું કરી તારી જેબી ખાહેશ હશે તે બજા લાવવાને તઇયાર છું.

"ઠીક છે, ત્યારે મને પેલા લુટારાની આગળ જવા દે," પેલો જવાન કીલ્લાના રખવાલને નરમ ઘેંસ જેવો થઇ ગયલો જોઇ મનમાં મલકાતો બોલ્યો.

"પણ તમુને એકલાં મળવા દેવામાં આવશે નહીં," કીલ્લાનો રખવાળ બોલ્યો. "હું મારા એક પોહરેગીરને તમારી સાથે મોકલશ."

"ઠીક, તેમાં મને કંઇ વાંધો નથી," તે જવાન બોલ્યો.

અને થોડોવાર પછી કીલ્લાના સરદારના હુકમથી જે અંધારી ઓરડીમાં આપણા બહાદુર એજનને કેદ કરવામાં આવ્યો હતો તે ઓરડીમાં તે નવજવાનને દાખલ કરવામાં આવ્યો. તેની સાથે એક હથ્યારબંધ પોહરેગીર પણ ઓરડીમાં દાખલ થયો.

પ્રીય વાંચનાર, આ નવજવાન કોણ હતો? તેની પાસે એવી શું તલેસમાતીક કરામતી ચીજ હતી કે જેથી કરીને તે એક પલમાં કીલ્લાના રખવાલને દીગમુઢ કરી નાખી એજન લુટારાની મુલાકાત કરવાની પરવાનગી તેની પાસે મેળવવા પામ્યો હતો?

થોડાજ વખતમાં એ બધો ભેદ ખુલ્લો થશે.

પ્રકરણ ૨૨ મું.

"એહન હોજો તો એવીજ!"

જેવો તે જવાન કોથરીમાં દાખલ થયો કે કોથરીનું લોખંડનું બારણું પાછું બહારથી બંધ કરવામાં આવ્યું. આ ભેદી હીલચાલ જોઇ એજન ઘણોજ અજબ થયો. અંધારાને લીધે તે કોઇને જોઇ શક્યો નહીં, યા કોઇનાં ત્યાં આવવાનો સબબ પણ અટકળી શકયો નહી. આવા ગુંચવાડામાં તે પડેલો હતો તેવામાં તેને આ બંધ્યાર ઓરડીમાં કાંઇ જહલદ તેઝાબનો વાસ આવવા માંડયો, અને વળી આ નવા ગુંચવાડામાંથી પાછો ફારેગ થાય તેટલામાં તો કોઇનો હળવે રહીને જમીન ઉપર પડવાનો અવાજ તેને કાને પડયો.

અંધારાને લીધે આ કમનસીબ જવાન તેની આસપાસ શું શું બનતું હતું તે જાણી શકયો નહી. તેની અજાયબી વધતીજ ગઇ અને તેવી હાલતમાં તેની ખાંધ ઉપર કોઇનો હાથ પડયો.

ઓરડીમાં દાખલ થનારા નવજવાન શખ્સે નરમાશથી તેના ખભાં ઉપર પોતાના બન્ને હાથ ટેકવી ધીમેથી તેના કાનપર પડી કહયું:—

"બેજન, તું મને ઓળખેછ કે? તું મારૂં મોહડું તો નહી જોઇ શકશે, પણ મારો સાહદબી શું તું નથી પીછાણતો?"

થોડીક પળ સુધી ચુપ રહયા પછી એકદમ બેજન બોલી ઉઠયો, "તું કોણ? હા, સબુર; મને તારો સાદ ધ્યાનમાં આવે છે ખરો. હું જો ભુલતો નહીં હોવું તો મેં તે થોડાજ કલાકની વાતપર સાંભળયો છે, હા ખરેખર, તું કોણ? કોણ! પરીન! મારા દુ:ખમાં દીલાસો દેનાર મારી વાહલી બેહન પરીન?"

હા પ્રીય વાંચનાર, તે કોઇ નહીં પણ કોટવાલ રૂસતમ–બીન શાપુરની બેટી પરીન હતી, જે નવજવાનના મરદાના લેબારામાં બેજનની મુલાકાતે આવી હતી.

બેજને એક હેતવંતી બેહન સમાન પરીનને તરતજ ઓલખી, ઉપકારના ઉભરા સાથ તેને ભેટયો, પણ બીજીજ પળે તેનાથી છુટો પડી ગભરાતમાં તે બોલી ઉઠયો.

"અરે મેં શું કીધું? મેં તને કેવા મોટા જોખમમાં લાવી નાખીછ!"

પરીન તેને વધુ વાર બોલતો અટકાવી ધીરજ આપતી બોલી:—

"બેજન, કાંઇ નહીં. તું ગભરા ના; આ પોહરેગીરને મેં કાંઇ પણ

સણસારો કરાવ્યા વગર એવી ઉંઘમાં નાખ્યો છે કે બીજા આઠ દસ કલાક સુધી તે પોતાના ખ્વાબમાંથી બીદાર થઇ શકશે નહી."

"અરે પરીન" બેજન વચ્ચે બોલી ઉઠયો.

"ત્યારે તો તું મને કાંઇ મળવા ભેટવા આવી નથી, પણ મારો છુટકારો કરવા તું આવી છે! અય જવાન નાજુક અબલા, આ તારી કેવી હીંમત? શાબાશ છે તારી હીમ્મતને! બેહન હોજો તો એવીજ હોજો! મગર તું કોણને બચાવવા આવી છે તેની તને ખબર છે? અરે છોકરી, તેં આએ કેવું જોખમ ભરેલું કામ માંથે લીધું છે?"

"અય સરદાર, મને તે બધું સારી રવેશે ખબર છે. પણ મેં તારી બેહન તરીકે તને મદદ કરવાનું વચન આપ્યું છે. હું મારા બીરાદરને બચાવવા હયાં આવી છું; લુટારાઓના સરદારને અહીંથી નહસાડવા હું આવી છું; ગુલનારના બેજનને મદદ કરવા હું આવી છું."

"અરે પરીન, પરી——"

"બેજન, મને સાંભળ. તેં મને તારા ખરા એલકાબથી વાકેફ નહીં કીધી તે માટે હું તારી સાથે જરાબી ગુસ્સે નથી. અરે જે બાના તું તારી માશુકને નહી જણાવી શકે તેથી મને કેમ વાકેફ કરે? હવે વધારે લાંબી વાત કરવાનો આએ વખત નથી. મેં આએ કપરાં તઇયાર રાખ્યાં છે તે લે. ઉઠ, બેજન, ઉઠ."

બેજને હવે વધુ વખત ન ખોહતાં ત્યાંથી એકદમ નીકળી જવા માટે ઉતાવળ કરવા માંડી. બેજનને છોડાવવામાં પરીને વાપરેલી હીંમત જબરી હતી. રૂસ્તમ-બીન-શાપુર જેવા કોટવાલ અને તેના પોહરેગીરોને ઠાપ ખવાડવાની અજબ અને ન ધારેલી હીકમત, આ હીંમતવાન બાળાનાં ભેજાંમાંથી નીકળી હતી.

પરીને મકમ છાતી ચલાવી, રૂસ્તમ-બીન-શાપુર જેવા એક શેરમરદને તે ખ્વાબમાં પડેલો હતો ત્યારે એક એજમતી દવાની અસરથી લાંબી બેફામીમાં નાખી, વગર દહેસ્તે તેની આંગળીમાંથી તેની કીંમતી મોહર વાલી વીંતી અતી સાવચેતી અને સીફતથી ખેંચી કહાડી હતી; અને આજ વીટીની કરામતથી, આજ એજમતીક અસરવાળી ચીજની મદદથી, કીલ્લાના રખવાલને દાપ ખવાડી, આ હીંમતવાન અબલા બેજનનો મેલાપ કરવામાં ફાવી હતી.

પરીન હવે બેજનને ઉતાવળ કરવાની તાકીદ કરી બોલી "લે આય પોહરેગીરનો લેબાશ તું પેહરી લે, અને તું જાણે એજ પોહરેગીર તરીકે મને પાછો બહાર લઇ જતો હોય તેમ મારી આગળ આગળ મુંગો મુંગો ચાલજે. કોઇને કાંઇ જવાબ આપતો ના. બાકીનું કામ હું સંભાળી લેવશ."

બેજને થોડા વારમાં પોહરેગીરના લેબાશ અને હથિયારમાં સજ થઇ, કોટરીના દરવાજા નજદીક જઇ તે જોરમાં ઠોકવા માંડયો, કે તેજ પળે ભારી લોખંડી બારણું ઉંઘડયું; અને બેજને તરતજ બહાર નીકળી એક પોહરેગીર તરીકે પોતાની શમશેર તઇયાર રાખી, પરીનને બહાર આવવાની ઇશારત કરી.

બહાર નીકળતી વખતે પરીન તે ઓરડીની અંદર પાછું ડોકયું કરી બાહેર ઉભેલા બીજા પોહરેગીરને સમજાવવાની મતલબે અમસ્તું બોલી—

"કંઇ નહી ભાઇ, ફીકર ના કર; હીમત રાખ. એ તો જેવો કીરતારનો હુકમ."

બંને જણાં ગુપચુપ આગળ ચાલવા લાગ્યાં. તદન અંધારૂં હોવાથી

અટકળે જેમ તેમ પોતાનો રસ્તો લઇ, તે બંને જણાં જાણે કશામાં હોય નહીં તેમ પુર હીંમતથી બહારના મોટા દરવાજા આગળ આવી પુગ્યાં. આ દરવાજા નજદીક ચોકી કરતા પોહરેગીરો જેઓએ પહેલાં પરીનને અંદર દાખલ થતાં અટકાવી હતી, તેઓએ હવે ખસી જઇ કાંઇ પણ હરકત ન કરતાં, એક પોહરેગીરને તેની સાથે જોઇ કશી રીતની તપાસ વગર તેને બહાર પસાર થવા દીધી. જેવાં તેઓ કીલ્લાનો દરવાજો ઓલંગી બહાર પડયાં કે તેઓએ છુટકારાનો દમ ખેંચ્યો. તેઓએ હવે ઝડપથી પગલાં ભરવા માડયાં અને એક જુના પડત ખંડીએર નજદીક આવી પુગતાં, સામેથી કોઇ આસામીને ઘોડાની લગામ પકડી નીકળી આવતાં જોઇ બેજન ચોંકયો. પણ પરીને તેને પાછો સધ્યારો આપ્યો. તેની દાસી મેહેર લાંબી મુસાફરી માટે તઇયાર કીધેલો એક ઉમદા ઘોડો લગામમાંથી પકડીને પોતાની સાથે ઘસડી લાવતી હતી.

બેજન હવે કાંઇ પણ વખત ન ખોતાં, આભારની લાગણી તળે દબાઇ જતાં દીલ સાથે પોહરેગીરના વેષમાં તે ઘોડાપર સ્વાર થઇ ત્યાંથી ઘોડો દપતાવી ગયો.

પ્રકરણ ૨૩ મું.

"શુક્ર છે તે બારે હકતાલાના!"

સહવારના ઝઝકલાંમાં લોહરાસ્પ પોતાના માણસો સાથે ગુલંનાર, ખુરશીદ—હવે રોદાબેને આપણે તેના અસલ નામથીજ ઓળખશું—અને પેલા જાલીમ કેદીઓને લઇ ખુશ ખુશ ગુફાના દરવાજા આગળ

આવી પુગ્યો, પણ ત્યાં આગળ એકઠા મળેલા બીજા લુટારાઓના શોકાતુર રડમેસ ચહેરા જોઇ તેઓની ખુશી હવામાં ઉડી ગઇ. પોતાના માનીતા સરદારની માશુક કે જેને ખાતર બેજન એક લુટારો બની તેણીની શોધ ઉપર મંડયો હતો, તેના થયલા છુટકારાથી તેઓ કાંઇક ખુશી બની ગયા હતા, પણ પોતાના રહેથાનમાં આવતાંજ પોતાના વહાલા સરદારના પાછા કેદ સપડાવાની દુઃખી યાદ તેઓના મન ઉપર તાજી થઇ અને હવે શેરમર્દ બુઢો લોહરાસ્પ એક બચ્ચાં મિસાલ રડી પડયો. તેણે પોતાનું કપાળ અને છાટી કુટયા, પોતાના બાલ પીખી નાખ્યા અને આંખમાંથી આંસુના રેલા વરસાવતો તે બુઢો લડવઇયો માહેતમ કરવા લાગ્યો.

"ઓ મારા વાહલા સરદાર બેજન ! ઓ મારા બેટા સમાન પ્યારા બેજન ! ઓ મારી આંખોનાં નુર મારાં બુઢાપાની મગરૂરી, મારાં જીગરને અરામ આપનારા મારાં ફરજંદ સમાન પ્યારા બેજન ! શું આ ફરતાં આસમાનનું ચકકર તારી સામે એટલું તો રૂઠયુંછ કે તે તને હમેશાં બસ સતાવ્યાજ કરેછ ? ઓ શું તારૂં નસીબ એટલું કમનસીબ છે કે તુને કોઇ કાલેબી કેઠે જંપીને બેસવાને કરાર નથી ? અફસોસ કે જમાનો તારી સામે થયોછ, અફસોસ કે તારા દુશમનોએ તારીપર જીત મેળવીછ, અફસોસ કે તું વરૂઓની ચુંગાલમાં પાછો ફસી પડયોછ ! અરે, હમણાં તો હું કેવી ખુશાલીમાં હતો ? હમણાં તો હું કેવા સુખભરેલા વીચારમાં હતો ? તને તારી પ્યારી માશુક સાથે મળતાં કેવી ખુશાલી લાગશે તેના ખ્યાલમાં મને પોતાને કેવી ખુશી લાગતી હતી ? મગર અફસોસ કે તે ખુશાલી ગમગીનીમાં ફેરવાઇ ગઇછ, અફસોસ કે તું તારી માશુકથી પાછો જુદો થઇ ગયોછ, અફસોસ કે તારાં કીસ્મતની કિસ્તી ખરાબીના ખડક સાથે અથડાવા પામીછ, અરે અફસોસ કે તારૂં પ્યારૂં મોહું હું કદાચ પાછું જોવાનો નથી ! ઓ બેજન મારા વાહલા સરદાર, હવે તારૂં શું થશે, શું થશે ?"

એવી રીતે જ્યારે તે ઘરડો લડવઇયો માહેતમનો અવાજ ઉઠાવતો હતો ત્યારે તેની આજુબાજુ ઉભેલા લુટારાઓ કંઇ ઓછી ગમગીનીમાં ગરક ગયા નહીં હતા. તેઓ પોતાની આંખમાંથી આંસુ વરસાવતા હતા. પોતાનો બહાદર સરદાર પાછો કેદ પકડાયો હતો તે ખબર સાંભળીને તે બધા બેહદ દીલગીરીમાં ડુબી ગયા. એક વખતતો બેજન કેદખાનાંમાંથી છટકી જવા પામ્યો હતો તે તેઓને ખબર હતું, પણ બીજી મરતબે તે પાછો છટકવા પામે એ બનવાજોગ નહીં હતું.

જ્યારે લોહરાસ્પ પોતાના સરદારને માટે વીલાપ કરતો હતો. ત્યારે તેનો વફાદાર સાથી ફરહાદ તેની નજદીક જઇ તેને દીલાસો આપતાં બોલ્યો:—

"મારા બુઝરગ અને દાનાવ સરદાર, આ વખત હીંમત હારી જઇને માહેતમ અને અફસોસ કરવાનો નથી. ખરા દીલેર લડવઇયાઓ તરીકે આપણને લાજમ છે કે ધીરજથી વીચાર કરી આપણા સરદારને તેની મુશકેલ હાલતમાંથી છોડવવાનો કંઇ તોડ શોધી કાઢયે. તેટલાં તો આ બંને બાનુઓ ઘણી થાકેલી હોવાથી એઓને આરામની જરૂર છે, તેમજ આપણે પોતે રાતની મજલથી થાકી ગયલા છીએ. તેટલા વાસ્તે હું સુચના કરૂંછ કે બંને બાનુઓને ગુફામાં જઇ આરામ કરવા દેવામાં આવે, અને આપણે પોતે હયાં ગુફાની બાહર ઘાસપર આરામ લેતા લેતા આપણા સરદારને છોડવવાનો વીચાર કર્યે."

ફરહાદના આ સખુનો બધાને ઘણા પસંદ પડયા. રોદાબે તથા ગુલનારને ગુફામાં લઇ જવામાં આવ્યાં જયાં તેઓએ આરામ કીધો, ગરીબ બીચારી ગુલનાર! પોતાના આશકની ઉપર આવી પડેલી આ નવી આફતથી તેણીની તો જાણે છાતીજ ફાટી ગઇ! તેણીને એક પાણીનો ગોટબી મોઢાંપર મુકવો ગમ્યો નહી.

હવે બધા લુટારાઓ ગુફાની બાહેર ઘાસપર લેટી ગયા અને લોહરાસ્પ પોતાના વિશ્વાસુ મદદનીસો સાથે મસલેહત ચલાવવા લાગો એવામાં એક અજબ જેવો બનાવ બન્યો.

સહવાર પડી ચુકી હતી, અને આફતાબ પોતાના રસ્તાપર ઘણો આગળ વધી ચુકયો હતો. તે લુટારાઓ આપસઆપસમાં વાત ચલાવતા હતા એવાંમાં દુરથી એક ઘોડેસ્વારને ઘણોજ ધીમે ધીમે પોતાની તરફ આવતો તેઓએ જોયો.

"બેજન! બેજન!" તેઓમાંના કેટલાક ખુશાલીથી પુકારી ઉઠયા.

ખચીત તે બેજનજ હતો! તે ઘણો ધીમે ધીમે તેઓની તરફ આવી લાગો! ગુફાના દરવાજા આગળ આવી લાગતાં ઘોડાપરથી સરીને ધપ દેતો કે જમીનપર પડી ગયો. તુરતજ બધા લુટારાઓ તેની તરફ દોડી ગયા.

બેજનને જોતાં ઘરડા લોહરાસ્પની ખુશાલીનું પુછવું શું? તે પોતાના પ્યારા સરદારને ગળે બાઝી પડયો. "યા ખુદા! હું જાગુંછ કે સપનો જોઉંછ? શું તું બેજનજ છે? ખચીત મારો વાહલો બેજનજ છે!"

"હ, મારા ભલા લોહરાસ્પ, હુંજ બેજન," તે જવાન બોલ્યો. "પણ હું ઘણો થાકી ગયોછ. ખુદાને ખાતર કોઇ મને થોડું પાણી આપો!"

તુરતજ બેજનને પીવાનું પાણી લાવી આપવામાં આવ્યું. થોડાવાર પછી જ્યારે તે બરાબર હુસ્યારીમાં આવ્યો ત્યારે તેણે પોતાની ઉપર ગુજરેલી બધી વીપતીઓનો વીગતવાર હેવાલ કહયો. કેવી રીતે કોટવાલની બેટી પરીન સાથે પોતાની મુલાકાત થઇ હતી, કેવી રીતે

કાવાખાનામાં પોતાને પકડવામાં આવ્યો હતો, કેવી રીતે છેલ્લે પરીને તેનો છુટકારો કીધો હતો તે બધો હેવાલ સાંભળીને લુટારાઓએ અજાયબીને મારે દાંતમાં આંગળાં પકડ્યાં, અને પરીનની હીંમતપર 'આફરીન, આફરીન' કરવા લાગા.

પણ હવે બીજી બાજુ બેજનને પોતાને ઘણી નવાઇ જેવી વીગતોથી વાકેફ કરવાનો હતો, અને તેથી હવે લોહરાસ્પ બોલ્યો:—

"મારા પ્યારા બેજન, એ બધી વાતતો થઇ રહી. હવે મારે તને એક એવી ખુશાલીભરેલી વાત કેહવાની છે જે સાંભળીને તું ખુશાલીને મારે ગોયા દીવાનો થઇ જશે."

"ઓહો! એટલી બધી તે શું ખુશાલી ભરી ખબર છે?" બેજને હસીને પુછ્યું. "આ દુન્યામાં ખુશી પછી ગમી અને ગમી પછી ખુશી તો છેજ. કોઇ એવો સુખી નથી કે થોડો ઘણો દુઃખી નહી હોય, ને કોઇ એવો દુઃખી નથી કે થોડો ઘણો સુખી નહીં હોય. ત્યારે હવે મને જણાવ, મારા ભલા મહેરબાન, કે એ શું ખુશાલી ભરેલી ખબર છે?"

"તું ગુફાની અંદર જઇને જોશે એટલે આપ મેળે ખબર પડશે."

તુરતજ બેજન ગુફાની અંદર ગયો. તાંહ તેણે શું જોયું? તેની ગુલનાર, તેની પ્યારી ગુલનાર, તાંહ દર્દમંદ જીગરે વીચારના વમલમાં ગીરફતાર શોકાતુર ચેહરે બેઠેલી હતી!

ગુલનારની ઉપર નજર પડતાં બેજનનાં મુખમાંથી ખુશાલીની ચીસ નીકળી પડી. તેજ ઘડીએ તે બંને પ્યારાંઓની નજર એક થઇ, અને—

"ઓ બેજન!"

"ઓ ગુલનાર!"

એટલુંજ બોલી તેઓ એકમેકની બગલમાં ઉછળી પડયાં.

તે એક ખુશાલીભરેલો મેલાપ હતો. લાંબા વખતનાં વીખુટાં પડેલાં ને પ્યારાંઓનો પાછો સુખભરેલો મેલાપ થતી વખતે તે બંનેની તનબદનની રગેરગમાં કેવી ખુશાલી વ્યાપી રહી હશે તેનો ખ્યાલ આપવાની આ કમીની કલમમાં ઝાઝી તાકાત નથી. ટુંકમાંજ ત્યારે કહીશું કે તેઓ મલ્યાં, અને બધા જરૂર જોગા ખુલાસા કીધા પછી ગુલનારે પોતાની માદર તરીકે રોદાબેની બેજન સાથે ઓળખાણ કરાવી. બેજને બધી વાત સમજયા પછી ખુબ ખુશી થઇ લોહરાસ્પને અને તેના સાથીઓને ઘણી ઘણી શાબાશી આપી, અને રોદાબેને પોતાની માશુકની માદર તરીકે પુશકળ માન આપ્યું.

પછી તે જવાન સરદાર બેજને પોતાના બધા વફાદાર લડવઇયાઓને પોતાની આસપાસ એકઠા કીધા, અને પછી તે ગંભીર અવાજે બોલ્યોઃ—

"શુક્ર છે તે બારેહકતાલાના, કે મારાં જીગરનું અરમાન પાર પડી ચુક્યું છે! અય મારા બહાદર જંગીઓ, મેં આંય લુટારાનો પેશો અખ્તયાર કીધો હતો તે એટલીજ મતલબથી કે મારી વાહલી વફાદાર દિલબર ગુલનારને જાલીમોના જુલમથી છોડવું; અને તે મારી મતલબ પાર પડી છે. હવે ચંદરોજમાં મારી માશુકને શાદીના ગાંઠથી મારી બનાવવાની હું તઇયારીઓ કરૂં તે આગમચ મને એક બીજી ઉમીદ છે, જે ઉમીદ પાર પડવે આંય લુટારાનો પેશો હું છોડી દેવશ.

"સાંભળો, મારા બહાદરો! આપણો આંય ઇરાન દેશ, આપણું આંય વાહલું વતન, હાલ ઘણી બરગસ્તે હાલતમાં આવી પડેલું છે, અને

તે હાલતમાંથી તેને છોડવવા કાજે આપણને મેહનત કરવાની છે. દેશની અંદર બધેબધ અંધેર, ગેરઇનસાફ, જુલમ ને બેદાદી ચાલી રહયાં છે. ઘેરેઘેર ને શહેરે શહેર રઇયતની ફરયાદનો પુકાર ઉડી રહયો છે તે છતાં કોઇ તેઓની દાદ લેતું નથી! એનું કારણ શું? એનું કારણ એજ કે કેટલાંક નીચ, આપમતલબ્યા અમીરો, કેટલાક દગાબાજ ઉમરાવો, નામદાર શાહના કાન ભંભેરી, તેને ખોટું સમજાવી, તેને આડે રસ્તે દોરવે છે. તેટલા વાસતે મારો ઠરાવ એવો છે કે એ બધા કરતુકીઓને એકે-એકને સામટા પકડી આ ગુફામાં લાવી વાજબી સજાએ પહોંચાડવા, એટલુંજ નહીં પણ ખુદ નામદાર શાહને આ ગુફામાં ઘસડી લાવી તેની આગળ આપણી ફરયાદો એવી રીતે રજુ કરવી કે તેનાં દીલપર અસર થાય, ને તેની આંખ ઉંઘડી તે પોતાની રઇયતનું ભલું સમજતો થાય. એવી હીમતભરેલી રીતેજ આપણે આપણાં માદરવતનને ગેર ઇનસાફ અને જુલમમાંથી બચાવી શકશું, દુશમનોના હાથમાં જતું અટકાવી શકશું. બોલો, મારા શુરા સાથીઓ, તમે મને એ કામમાં મદદ કરવાને તઇયાર છો?"

"તઇયાર! તઇયાર! સરોચસ્મથી તઇયાર!" તે બધા લુટારાઓએ પોતાની તરવાર મ્યાનમાં કાઢી હવામાં ઉંચી ધરી એક સામટી ગરજનાથી ગુફો ગજાવી મુકયો.

પ્રકરણ ૨૪ મું.

વજીર મીનોચેહરનું મરણ.

પ્રિય વાંચનાર, જે વખતની અંદર આપણી આ વાર્તાના જુદા જુદા બનાવો એક એક પછી બનતા બતાવ્યા છે તે વખતે ઇરાન દેશની અંદર ખાનેની હાલત કેવી હતી તેનો કાંઇક ખ્યાલ આપવાની અત્રે જરૂર છે. એક વખતની મોટાઇ અને જાહોજલાલી ભોગવી ગયલો ઇરાન દેશ જમાનાની ગીરદેશથી તે વખતે એવી હાલતમાં આવી પડયો હતો કે તેના આરબ પાડોશીઓ જો ચાહે તો એકાદ બાહોશ સીપેહસાલારની સરદારી તળે ઇરાન સર જમીન ઉપર એકાએક હલ્લો લાવી તેની નબલાઇનો પુરેપુરો લાભ લઇ તેને હલાક કરવાને ચુકે નહીં. વળી દેશને એક નાકેથી બીજે નાકે લુટારાઓનો દોર એટલો તો વધી પડયો હતો કે ખુદ પાયતખ્ત શહેરમાં કોઇના જાનમાલની કંઇ સલામતી રહેતી નહીં. એવો આ એક વખતના સુખી અને આબાદી ભરેલા દેશનો દુઃખ ભરેલો મામલો હતો; અને એવા મામલાને માટે જેટલો ખુદ ઇરાનના શાહનો નહીં તેટલો તેના સલાહકારો અને કારોભારીઓનો વાંક કાઢી શકાય તેમ હતું.

દેશની અંદર લુટારાઓનો દીનપર દીન વધતો જતો દોર જોઇને હવે એક મોટી ચીંતા અને ધાસ્તી ઇરાનના વજીર મીનોચેહેર અને તેના બાહોશ અમલદારોના મનમાં પેઠી. તેઓ માત્ર આ લુટારાઓથી જ બીહતા હતા એમ નહી, બલકે વધારે ફીકર તો તેઓને ખુદ પોતાની રઇયત માટે હતી, કે રખે કોઇ આ લુટારાઓની ઉશકેરણીથી પોતાના રાજ સામે માથું ઉંચકે; કારણ કે ઘેરે ઘેર ચરવાઇ રહેલી

આ બેજનની ટોળીની હીંમત અને બહાદુરી, અને "ગબરૂ" શબ્દમાં સમાઇ રહેલાં બળ અને સત્તા, અને પોતાનું કામ મનમાનતી રીતે પાર ઉતારવાની આ માણસોની સીફત અને કુનેહથી લોકોના મન ઉપર ઘણી અસર થઇ હતી.

તેઓની આ ચીંતા અને ધાસ્તી અંતે ખરી પડી. રઇયતમાં પોતાના રાજ કરતા શેહનશાહ સામે અણગમો અને અસંતોષ વધતો ગયો. દરબારીઓમાં પણ એક પછી એક છુપી મંડળીઓ ઉભી થવા પાંમી.

આવી હાલત વચ્ચે ઇરાન દેશ ડોળા ખાતો હતો તેવામાં એક ન ધારેલી આફત આવી પડી. અમીર ઉમરાવોએ પોતાની સફમાંથી એક બાહોશ નર ખોહયો. એક સહવારે બુઝરગ વજીર મીનોચેહેર પોતાના મેહલમાં બીછાના ઉપર અચાણક મુવેલો મળી આવ્યો. આવા બારીક વખતમાં આ દાનાવ વજીરના કવખતનાં મરણથી કાંઇ જેવી તેવી ખોટ ગઇ ન હતી. નામદાર શાહને આ આફત વીષેની દુ:ખભરી ખબર મળતાં તેની ખરાં અંતકરણની દલગીરીનું પુંછવું શું ?

એક નામીચા નરના મરણ માટે ઘટતો શોક પાળયા પછી જયારે નવી દરબાર મળી, ત્યારે નામદાર શાહે અતી ગમગીન અને શોકાતુર ચેહેરે તખ્ત ઉપર પોતાની બેઠક લીધી; અને ત્યાં દીવાનખાનામાં ભેગી મળેલી પોતાની રઇયતને થોડો વાર સુધી ધ્યાનથી નીહાળી, ગમગીન સાદે તે બોલ્યો.

"મારા વફાદાર અમીર ઉમરાવો, મારા હીમતવાન સીપાહસાલારો, બુઢા યા જવાન શહેરીઓ, આજે આપણે કેવા દલગીરીભરેલા સંજોગો વચ્ચે

એકઠા મળ્યા છીએ તે દરશાવવાની જરૂર નથી. મારા બુઝરગ અને દાનાવ તથા વફાદાર વજીર મીનોચેહેરના મોતથી મને તેમજ આપણને બધાને જેવી તેવી ખોટ ગઇ નથી. કોઇ પણ પ્રકારની લાલચ વગર અને પોતાની અંદરખાનેની કશી પણ મતલબ સાંધ્યા વગર આ બાહોશ નર કેવી રાસ્તી અને ઇમાનદારીથી અને અપક્ષપાતપણે બીન દેહસ્ત પોતાના જોખમભરેલા ઓધાની મુશકેલ ફરજો બજાવ્યો જતો હતો, તેતો તમો સર્વને સારી રવેશે રોશન છે, મારા કરતાં તમોને આ બુઝરગ નરની લાયકી વીષે વધારે માહીતી હોવી જોઇએ. એક વખતે એ મારા દાનાવ વજીરે મને પોતાના બેટા જેવો સમજી કેટલાક નેક ડહાપણ ભરેલા સખુનો કહી સંભળાવ્યા હતા, જે હું તેના પોતાનાજ બોલોમાં તમો સનમુખ પાછા કહી જવાની તક લઉં છું.

"ઓ રોશન તાલેના નેકબખત શાહ," એ મારો ભલો વજીર બોલ્યો હતો, "હું તુને એક બાબદ વીષે ચેતાવું છું, બલકે શીખામણ આપું છું. તું મારી ઉપર ગુસ્સે ના થતો. તારા વફાદાર અને અને વીશવાશું ગણાતા માણસો પણ પોતાની મતલબસર તને તરેહવાર સમજાવવાની કોશેશ કરશે, પણ તેપર ઘણોજ ગંભીર દરયાફ્ત કીધા વગર અને લાંબો પુખ્ત વીચાર કર્યા સીવાએ તું અમલ કરતો ના. તેઓની આપમતલબી સલાહથી એકદમ આડે રસ્તે દોરવાઇ જતો ના. આ તો મેં મારી નજરો નજર જોયલી બીના છે કે ઘણી વખત તેં તદન અજાણપણામાં કેટલાક આપ મતલબ્યાની ખોટી સમજાવતથી અમલ કરી કોઇ કોઇને ગેરઇનસાફ કીધો છે, જેથી તારા વીશ્વાસને લાયકના આસામીઓનાં દીલ દુઃખી કરી તેં તેઓને તારાથી દુર કીધા છે. એ બાબદોની ખબર મને તારો હુકમ નીકળ્યા પછીજ પડતી હોવાથી હું તે અટકાવી શકતો નહીં. એથી કરીને તારા સઘળા હુકમોથી આગમજથી વાકેફ થવાની હું કોશેશ કરૂં છું, અને મારી નાકેશ

શકતી મુજબ તુને સારી સલાહ આપી તારી રઇયતપર સારી રીતે અમલ ચલાવવાનાં કામમાં તને હરહમેશ મદદ કરતો રહું છું. મગર હવે હું જઇફીએ પહોંચ્યો છું, હું હવે આએ ફાની જહાનમાં રહેવાનો નથી, સબબ મારા દહાડા હવે ભરાઇ ચુકયા છે અને મોતનો કાસદ મને તેડું કરવાને નજદીક આવે છે. ત્યારે મારી આ એક છેલ્લી નસીહત તું ધ્યાનથી સાંભળ. મારા મરણ બાદ તારા ઘણાએક અમીર ઉમરાવો તારા કાન ભંભેરવાની કોશેશ કરશે અને કદાચ તારાં ભોલાપણાંનો અને બીનઅનુભવી હાલતનો લાભ લેશે, તેથી તું સાવચેતીથી વરતજે. તું તેઓને મચક આપતો ના, કે તેઓને કશી રીતની ફાવી જવાની તક આપતો ના. ઘણા માણસો ખરો જોખમ સમજ્યા વગર આ મારી જગ્યાએ આવવાની કોશેશ કરશે, પણ જો તું દાનાવ હોય તો મારી સલાહ માની તારા લશકરના વડા સીપેહસાલાર જમશીદ-બીન-ફરીદુન નેજ તું વજીરના ઓધાને માટે પસંદ કરજે, અને તેના સીવાએ બીજા કોઇને મારી જગ્યા તું સોંપતો ના. તારા રાજનો બોજો ઉચકવા એના કરતા વધારે લાયક આસામી તને મળશે નહીં."

"હવે મારા દાનાવ દરબારીઓ, અમીરો, તે મરહુમ પીરમર્દની નસીહતને માન આપી આપણી શાહનશાહત ના વડા વજીરના ઓધા ઉપર જમશીદ-બીન-ફરીદુનની નેમણુંક કરૂંછ, અને ઉમેદ ધરાવુંછ કે તે મારી પ્રજાને પસંદ આવશે, અને એ ભલો બહાદર નર જેમ આપણા લસ્કરનો રાહબર હતો, તેમ હવે વજીરાત ઉપર આવી ઇરાની પ્રજાનો ભલો રાહબર બનશે."

નામદાર શાહ ઉપલું બોલી રહયો, અને ભેગી થયલી ખલકતે નવા વજીરની નેમણુંક તરફ પોતાની પસંદગી દર્શાવવા ખુશહાલીના પોકારો કીધા અને શાહ હવે દરબાર બરખાસ્ત કરી પોતાના અયવા-

ન તરફ સીધાર્યો, એકઠાં મળેલા સર્વે આસ્તે આસ્ને ત્યાંથી વીખરાવા લાગ્યા.

પ્રકરણ ૨૫ મું.

એક છુપી મંડળીનું છુપું કાવતરૂં.

આપણે આગલ જોઇ આવ્યા તેમ લુટારાઓના દોર ઉપરાંત કમનસીબ ઇરાન હાલ ને કાજ તો પોત પોતાની અંદર અંદરનીજ મારામારી ને કાપાકાપીમાં લપટાઇ ગયલું હતું. રાજ્ય સામે માથું ઉંચકવા માટે મોટો ભાગ ઉમરાવો છુપી મંડલીઓ મારફતે ધમધોકાર કામ આગલ ચલાવી રહયા હતા; જેની રજેરજ ખબર સરદાર બેજનને મળતી હતી.

અને એ રીતે બાહેરથી અને અંદરથી ગોલા લડાઇઓમાં લપટાયલાં, અને તદન બેદીલ બની ગયલાં રાજ્યનાં વજીરપદપર લશકરી અમલદાર જમશીદ—બીન--ફરીદુન આવ્યો હતો. લગભગ પંચાવની ભરતીમાં આવેલો આય સેનાપતી એક અતી કદાવર અને મજબુત બાંધાનો એક નરે શેર મર્દ હતો, અને પોતાની પોહલી પેશાની અને મરદાઇ રોવાંનીથી કરીને આય પંચાવન વરસની ઉપરનો જમશીદ એક ત્રીસ વરસના ગબરૂ જવાન જેવો લાગતો હતો.

જેવો આય સેનાપતી—હાલનો નવો વજીર—દેખાવે અને તનદરસ્તીએ સાફ હતો, તેવોજ તે મનનો પણ સાફ હતો; અને પોતાના શેહનશાહ તરફ તથા પોતાના દેશ તરફ એક ચુસ્ત વફાદાર આસામી

હતો; અને પોતે જાતે લશકરી આદમી તથા લડાયક અને બાહદર હોવે તેણે આય નવી અને પુરેપુરી સ-તા ઉપર આવતાં પહેલાં લુટારાઓની જુલમી અને આપખુદીને મજબુત હાથે દાબી કચડી ભચડી નાખવાનો અને પછીજ દેશની અંદરની બાબદમાં હાથ નાખવાનો તણે મકકમ ઠેડાવ કર્યો.

થોડાજ દીવસ અંદર લશકરની એક ચુનંદી ટુકડી ઉપર પોતે જાતે સરદારી લઇને લુટારાઓની શોધમાં નીકલી તેઓને કચડી નાખ-.વાનો તેનો એરાદો હતો.

ખોદાદદના તબેલાપર તેની પેહલેથીજ શકીલી નજર હોવે તેણે વજીરાત મેલવતાં સમેત બાહદુર કોટવાલ જંગી રૂસતમ–બીન–શાપુરને ત્યાં પાકી બંદોબસ્તી અને બારીક તકેદારી રાખવાનું ફરમાંન લખી મોકલ્યું.

આ જંગી અને દેલાવર લુટારાઓને પકડી પાડવા તેઓને જડ-મુખથી ઉખેડી કહાડી કચડી ભચડી નાખવા અને તેઓના અજીત ગણાતા ગુફાઓને ખેડાંણ વેરાંણ કરી નાખવા એ એક એનાં દીલની ઉમીદ હતી; અને એ પોતાનાં દીલની ઉમીદને આશાનાં ફુલથી ફતેહ-નાં ફાગમાં ફેરવી તેરવીને ઇરાંની સલતનતને આય આફતમાંથી બચાવી લેવાનો તેણે પાકો ઠરાવ કર્યો હતો; અને તેણે ઘણાક નવા નવાં હુકમો બાહર પાડી સારા બંદોબસ્તની ગોયા શરૂયાત કીધી હતી. કોઇ પણ મોહલામાં કે કોઇ પણ ઠેકાંણે કોઇને પણ બબે ચાર ચારની ટોલીમાં એકઠા થવાનો કે ધુસધુસ ન કરવાનો તેણે હુકમ બાહેર પાડયો.

કોઇ પણ તેવા શકમંદ જણતા આસામીઓને બેધડક પકડી તેની દરેક અને પુરતી તલ્લાસ કરવાને કોટવાલને આ નવા: વજીરે પુર સ-તા બક્ષી; અને આ તથા એવાજ બીજા અનેક ઉપાયોથી તથા

પોતે લશકરની સરદારી લઇ લુટારાઓની પુઠે નીકલવાના પોતાના એરાદાથી કરીને ટુંક વખતમાં એ બદમાશ લુટારાઓને, એ લુચ્ચા રાહઝનોને જડમુળથી ઉખેડી કહાડવાની જમશીદ–બીન–ફરેદુનને પુર ઉલટ ઉમંગ હતી.

હવે આ નવા વજીરને જયારે એ રીતે રાજયમાં શાંતી પાંઠરવાની આશા હતી, ત્યારે ખુદ સલતનતની અંદર કંઇક અજબજ બનાવો બની રહયા હતા.

ઇરાની દરબારના એક જાણીતા અને બુજોર્ગ અમીર તેહમુરસ્પ–બીન–મીનોચેહેરનાં ભવ્ય મકાંનના એક અતી આરાસ્તા દીવાનખાનાંમાં એક દમામદાર મંડલી એકઠી મલી હતી; તેઓએ રચેલા કોઇક છુપા પ્રપંચની બીના નવા વજીર નામદાર જમશીદ–બીન ફરીદુન આગલ આપણા લુટારૂ સરદાર બેજનના મદદગાર બોઝર્ગ લોહરાસ્પના પેલા નામીચા પીત્રાઇઓ અને હાલના અમીરો જામાસ્પ અને અરદશીરે ફુંકી મારેલી હોવાથી ઇરાંની સલતનતના આ દજન ઉપર અમીર ઉમરાવો અત્રે અમીર તેહમુરસ્પનાં મકાનમાં તે દગાબાજોનો લાયક રસ્તો કરવા માટે એકઠા મલ્યા હતા.

વાંચનારાંઓ આય જામાસ્પ અને અરદશીરને ભુલી નહીં ગયા હશે. તે તેજ દગાબાજો હતા જેઓએ લોહરાસ્પ–બીન–નવશીરવાનની સાંમે નામદાર શાહના કાન ભંભેરી તેને દેશવટો અપાવ્યો હતો, અને પછી પોતે હમદમ શહેરની હાકમી પચાવી પાડી હતી. આ દગાબાજો બીજા અમીરોની સાથે સાથે શાહની સામે કાવતરૂં રચવામાં સામેલ હતા, પણ પછવાડેથી પોતેજ દગો રમી શાહના વજીર જમશીદ–બીન ફરદુન આગળ જઇ કાવત્રાંની બધી વાત ફુંકો દીધી હતી. તેથીજ તે બને બદમાશોને કેમ સજા કરવી તે સંબંધી વીચાર ચલાવવા

અમીર તેહમુરસ્પનાં મકાનમાં આજે આપણે ઉમરાવોની છુપી મંડળી ભેગી મળેલી જોઇએ છીએ.

"અય મારા હમશરીકો, બહાલાં ઇરાંનને જુલમાતથી બચાવવા ચાહનાર બાહદુર અમીરો!" અમીર તેહમુરસ્પે હવે બોલવા માંડયું, "આય બંને દગાબાજોએ આપરાં કીધાં કારવેલાં કામમાં ધુલ મેલવવા પછી અલબતે આપણને આપણી ગોઠવણો નવે સરથી ગોઠવવાની મુશકેલી પડશે તો ખરીજ; પણ તે પહેલાં આ બંને બદમાશો, આય બંને કરતુકી કુતરાઓને, વધુ વાર છુટા ફરવા દેવામાં જોખમ સમાયલો છે.

"એ નાપાક ફરેબી નાગોની મુંડીજ મંડી મુકવી જોઇયે!!" અત્રે જવાંન અને ઉછાછલો, લડાયક ખમીર ધરાવનાર અમીર સામેસવાર–બીન–ગુશતાસ્પ બોલી ઉઠયો.

"નહીં, અય લડાયક ખમીર ધરાવતા તેઝ પી-તો રાખનાર મગર નાદાંન સામેસવાર, એવી નાદાંન્યતભરી બેવકુફી આપણે હરગીજ કરશું નહીં;—" અમીર તેહમુરસ્પે ઠંડાઇથી સામેસવારને સમજાવ્યું, "આપરે જે કરવુંછ તે એટલુંજ કે એ બંને ચશમચોર નમકહરાંમોને આપણાં આરંભેલાં કાંમની ફતેહમંદ કારવવાઇ માટે થોડોક વખત અત્રેથી ખસેડવા, દુર કરવા, જોઇયે. પણ કેમ અને કયાં ખસેડવા તેજ એક આપરી મુશકેલી છે."

અય નામદાર બુજોર્ગવાર અમીર તેહમુરસ્પ, હું એમાં એક આટલી મુસ્કેલી જેવું જોતો નથી." અમીર અરજાસ્પેએ હવે વધાર્યું "આપરે જાણીતા અને જંગી લુટારા બેજનની એ કાંમમા મદદ લઇયે અને એક અચ્છી રકમના બદલામાં એ બંને ચંડાલોને થોડોક વખત જો તેઓના ગુફામાં કેદ રાખવા જણાવ્યે તો જરૂરજ આપરે આપરા કાંમની કારરવાઇમાં ફતેહભર્યા અને સુરખીમંદ થાઇયે; અને

આપણી વ્હાલી સરજમીન ઇરાંનને જરૂરજ દૌરે નારવાથી છોડવી તેરવી શકયે."

"પણ તે બનવુંજ માહલ છે!" અમીર તેહમુરસપે હવે ગંભીરાઇથી કહયું "ન તો આપણે તે લુટારાઓને ઓલખતા કે ન તો તેઓના ગુફાથી આપણે માહેર છઇયે; તો પછી કેમ અને કેવી રીતે આપણે તેઓની મદદ મેલવી શકયે તે હું સમજી શકતો નથી."

"અય અમીર નામવર, તેનો તારે એક આટલો ગમ કરવો ઘટતો નથી." કોટવાલની ફોજના એક અમલદાર હોરમજદયારે હવે પોતાની જબાનના રખશને તેઝ કરી દપટાવવા માંડયો.

"એ બાબદમાં હું તમોને મદદ કરવાની જામીનગીરી આપું છું, અને એજન લુટારા સાથ તમને કોઇબી રીતે મેળવી આપવાની કબુલાત આપું છું."

"વાહ! તો તો પછી કંઇ બોલવાની ગોયા ગરજ્જ રહેતી નથી!" બુજોર્ગ તેહમુરસ્પે ખુશાલીથી હાથ ચોલતાં કહયું "એક વખત એ બે બદમાશોનો કાંટો વચમાંથી નીકલી જવા દયો, અને પછી જોવો કે આય સરજમીનમાં શું શું મહાન બનાવો બની રહે છે!"

બાદ તે સઘલા અમીર ઉમરાવો એ રીતે જામાસ્પ અને અરદશીરનું આંઠણું ભરીને ત્યાંથી વીખરાઇ ગયા.

પ્રકરણ ૨૬ મું.

ઉંચકાઇ ગયલા અમીર ઉમરાવો.

ઉપલી વાતને કાંઇક દીવસો વહી ગયા છે. પાયતખ્ત શેહર આજે લશકરી ધમચકરી અને સેપાહોની દોડાદોડીથી ગોયા હલમલી રહયું છે. કુલ રઇયત ઉશકેરાટના આવેશમાં ટોલેટોલાં બની અહીં તહીં ગભરાટમાં દોડતી ફરે છે. નામવર શાહના મેહલ્લ આગલ લોકોનો મોટો જમેલો એકઠો થયો છે.

આ સઘલી ગડબડ સડબડ અને હેબટ ધસકનું કંઇ જેવું તેવું કારણ ન હતું. બેજન લુટારાની ટોલીવાલાઓ કેટલોક વખત શાંત પડી રહેવા પછી પુર જોરમાં પાછા ભભરી કકરી નીકલેલા માલમ પડયા હતા.

શાહની દરબારનો આગેવાન અમીર તેહમતન આજ કેટલાક દીનથી પોતાના મેહલમાંથી ગાયબ થઇ ગયો હતો. તે કયાં ગયો હતો, યા તેનું શું થયું હતું, તે બાબે તેના અંગત ખીદમતગારો પણ કંઇ કારણ આપી યા જણાવી શકતા ન હતા.

અમીર તેહમતનને ગુમ થઇ જવા બાબદનેબી આંઠ દીન થઇ ગયા હતા; મગર છેલ્લા બે દીવસોથી અમીર તેહમુરસ્પ બીન મીનોચેહર તથા સામેસવાર બીન ગુસતાસ, અમીર અરજાસપ, લશકરી અમલદાર હોરમજદયાર વગેરે વગેરે ઘણાક આગેવાનો તેમજ હમદમનો હાકેમ જામાસપ અને અમીર અરદશીર તેમજ પેલા માલેતોજાર વેપારી નરીમાન (બેજનના બાપ) વગેરે પોત પોતાનાં મકાનમાંથી કેઠે ગુમ થઇ ગયા હતા; તેઓને ઉંચકી ઉપાડી જવામાં આવ્યા હતા; અને

ખુદરતીજ આંય બીકટ અને ભારી કામ ગબરૂ લુટારાની તોલીવાલાઓ સીવાય બીજા કોઇ કરી શકે એ બીલકુલ અસંભવીત હતું.

નામદાર શાહ ગુસ્સાની ગરમીથી ફુંફારા મારતો પોતાનાં તખ્ત-પર બીરાજયો હતો. તેણે હવે પુર ગુસ્સાથી કોટવાલપર બખાલા કાહડવા માંડયા.

"અય રૂસતમ બીન શાપુર! તું મારાં શહેરનો કોટવાલ—તું કમીનો કુત્તો, શું આયજ તરેહ મારાં શહેરની અને મારી રઇયતના જાનો માલની પાસબાની કરેછ!! શું આવીજ રીતે તું તેઓની સંભાલ લેયછ? મારી રઇયતપર આવો સેતમ! આવી બેદાદી! અરે, એક એક ને દશ દશ બાર બાર મારી રઇયતનાં માણસો ગુમ થઇ જાય, ને તે બી વળી મારી દરબારના—મારી સલતનતના નામીચા અમીર ઉમરાવો-જ ગુમ થઇ જાય—અને જેની કોઇનાં રૂવાંને બી ખબર નહીં પડે એ શું થોડી દલગીરીની વાત છે?—થોડી અજાયબીની વાત છે?—અય તું રૂસતમ—બીન—શાપુર, અને તું મારા વજીર જમશીદ—બીન—ફરીદુન, હું તમો લોકને ફરમાવુંછ, તાકીદ કરૂંછ કે તમો લોક હવે મજબુતમાં મજબુત ઉપાયો લઇ એ બદમાશ હરામજાદાઓના દૌરે નારવાને એકદમ નાબુદ કરી દેવ; એ બુરા સેહતાન બચ્ચાઓને જડમુળથી ઉખેડી નાખો, નહીં તો કસમ કીરતારના, હું ખચ્તીતજ તમારાં સર તનથી જુદાં કરી નાખશ." નામદાર શાહનો અવાઝ હવે મોટો ને મોટો થતોજ ગયો; ઇરાનની અસલી ગાદીને દીપાવનાર તે નામદાર શેહનશાહ આ અમીરોનાં ગુમ થવાથી પુર ગુસ્સામાં આવી ગયો હતો. "મને જે જોઇયેછ તે કામ કરી બજાવનાર બાહોશ માણસો; અને ન કે તમારાં જેવાં નામનાં શોભાનાં પુતલાંઓ!!—યાદ રાખજો તમે કે———"

વાંચનાર અઝીઝ, ઈરાનના નામવર શાહને અને તેના દરબારીઓ-ને છોડી હવે આપણે બીજી ગમ નજર ફેરવ્યે.

અમીર તેહમુરસ્પ–બીન–મીનોચેહર અને બીજાઓનાં ફરમાવવા મુજબ હોરમજદયારે લુટારાઓ સાથે ગોઠવણ કરીને હમદમના હાકેમ જામાસપ અને અમીર અરદશીર તે આપણા બુધ્ધા લડાયક લુટારા સર-દાર લોહરાસ્પ–બીન–નવશીરવાનના પીત્રાઇઓને ઉપાડી જવાનું કાવ-તરૂં રચ્યું હતું, તે 'મુજબ લુટારાઓ આ બંને જણાને પુર સેફતથી. ઉપાડી ગયા હતા.

મગર વાંચનાર પુછશે કે આ બંને ઉમરાવોને ઉપાડી જવા સા-થે બીજા બીજા ઉમરાવોને પણ ગેબ કરી નાંખવામાં આવ્યા હતા તે કેવી રીતે? જરા ધીરજ ધરો--આગળ ચાલતાં બધું માલમ પડશે.

એક બાજુએ જંગી લોહરાસ્પના કીનામાં જામાસ્પ અને અરદી-શીર લોખંડી જંજીરમાં જકડાયા હતા; તેમજ બીજી બાજુએ બાહદુર બેજનની માશુક ગુલનારનો પણ પ-તો મલી ગયો હતો; એટલે હવે આ જંગી લુટારાઓએ પોતાની નજર બીજી ગમ ફેરવવા માંડી.

પોતાની માતરૂ ભુમી ઇરાનમાં વ્યાપી રહેલાં અંધેર અને લુટફાંસ સમાવી ઇરાનમાં સુલેહનું રાજ્ય સ્થાપન કરવાનો તેઓએ એરાદો રાખ્યો. અને આ તેઓના એરાદો પાર પાડવાનાં પહેલાં પગલાં તરીકે નામીચા અમીર ઉમરાવોને ઉપાડી લાવવાનો તેઓએ ઠરાવ કર્યો.

અમીર તેહમતન તો આ આગલનો છટકાંમાં સપડાયલોજ હતો: હવે બીજા અમીરોને પણ ફસાવી લેવાનું કામ બાહોશ બેજન • અને લોહરાસ્પ આગલ ગોયા બચ્ચાંની રમત જેવું હતું, આ કામ તેણે જે સફાઇથી અને સીફતથી બજાવ્યું તે ખચીત દાંતમાં આંગળાં પકડાવ-નારૂં હતું.

જામાસપ અને અરદશીરને તેઓના રસતામાંથી દુર કરી નાખવાની ખબર આપવા લોહરાસ્પ પોતે આગલી ગોઠવણ મુજબ અમીર તેહમુરસ્પ–બીન–મીનોચેહરનાં મકાનમાં ગયો અને તેઓ એક બીજાની ખબર અંતરથી વાકેફ થઇ વધુ પ્લાન ગોઠવે તે આગલ કોટવાલના હથ્યારબંધ સેપાહોની એક મજબુત ટુકડી તે ઓરડામાં દાખલ થઇ અને તેઓને બચાવમાં તલવાર ઉંચકવાનોબી વખત મલે તે આગમચ સઘલા જંજીરમાં અસીર થઇ પડયા.

વાંચનારને જણાવવાની જરૂર છે કે આ સઘલા કોટવાલના સેપાહો કોઇજ નહીં પણ બાહદુર લુટારાઓ પોતે પોતાના જંગી સરદાર બેજનની સરદારી તલે હતા, અને આ રીતે દાગાથી તેઓ સઘળાને શાહનાં નામે ઉંચકી જવા બાદ ગુફામાં પોંહચાડી દેવાનું કામ બચ્ચાંની રમત જેવું હતું.

આ રીતે સઘળા આગેવાનોને કેદ પકડવા બાદ જંગી બેજને ખુદ નામવર શાહના મેહલપર પોતાની નજર દોડાવી.

કંઇ પણ રીતે, હીકમત યા હલ્લાથી હવે ખુદ ઇરાનનાં નામદાર શાહને ઉપાડી લાવવાનો તેણે વીચાર ગોઠવવા માંડયો. ખુદ શાહને પોતાના ગુફામાં ઉંચકી લાવી, પેલા ફીતુરી અમીરોએ ગોઠવેલાં કાવત્રાંનો તેમજ શહેરમાં ચાલી રહેલાં અંધેરનો–તેમજ ખુદ પોતે પોતાને થયલા ગેર ઇનસાફનું બયાન કરી તે ગુમરાહ શાહને પાછો ઇનસાફની રીત અને રસ્તાપર લાવી મુકવાનો તેણે હવે ઠડાવ કર્યો; અને એ ઠરાવ અનુસાર આજની ગરમા ગરમીની દરબારમાં ખુદ બેજન પોતે અને એના હાથાં નીચે કામ કરતો મીરાન કંઇક યુકતી કરવા—કોઇક લાગ સાંધવા છુપા વેશે હાજર હતા.

બે વખત બેજન સપડાઇ ગયલો હોવે, શાહના અમલદારોની તે ગોયા નજરમાંજ રમી રહેલો હોવે, આ ત્રીજી વખત પોતે ન સપડાવા પામે એ માટે બેજને એક ફાંકડી ખોટી દાહડીનો ઉપયોગ કીધો હતો. અને આ તેના છુપા અવતારમાં કોઇ પણ તેને પારખી કાહડે એ બીલકુલ મહાલજ હતું.

હવે આણી ગમ એક મોટાં લશકરની સરદારી લઇ ખુદ વજીર જમશીદ બીન ફરીદુન અને કોટવાલ રૂસતમે લુટારાઓની શોધમાં નીકલવાનું ઠરાવી નામવર શાહે દરબાર બરખાસ્ત કરી; અને પરવારતા લોકોનું એક જબરૂં ટોલું પુર ધસારાથી હવે બાહેર નીકલ્યું.

ગરીબ કમનસીબ બેજન!! આજે ગોયા એક વખત ફરીથી તેનું નસીબ રૂઠયું હતું; લોકોની ગીરદાગીરદી અને ભચડા ભચડીમાં તે પણ હવે મીરાન સાથે બાહેર નીકલ્યો; એક યા બીજો કંઇબી આફતમાં આવી પડે તો બીજાને સાબુટ સટકી જવાને બને કરીને આ અઠંગ લુટારા કદીબી એક બીજા સાથે જાહેરમાં વાતચીત કરતા ન હતા; અને તેમજ હાલમાં પણ બેજન ને મીરાન બીલકુલ ત્રાહેત તરીકે લોકનાં ટોળાંમાંથી પોતાનો રસતો કાપતા હતા, તેટલાં કંઇક ઠોકડ લાગવાથી બેજન સખત રીતે જમીનપર ઢપકાઇ પડયો, અને તેની ખોટી દાહડી ઉડીને કેટલેક છેટે જઇ પડી. હજી તો મીરાન તેને કંઇ મદદ કરવાનો ખ્યાલ કરે તેટલાં આંખના પલકારામાં બેજનનાં ખભાંપર કોટવાલ રૂસતમનો જોરાવર હાથ આવી પડયો; અને બેજન કંઇ ચું કે ચાં કરી શકે તે આગલ તે લોખંડી જંજીરોમાં જકડાઇ પડયો.

કોટવાલ રૂસતમ બીન શાપુરની ચંચલ ચશમોને તે લુટારા સરદારને ઓલખતાં ઝાઝો વીલંબ લાગો ન હતો, અને એ રીતે એક

વખત ફરીથી બાહદુર બેજન કયદ થઇ પડયો હતો; અને આ વખતે તેને બચવાની કંઇ પણ બારી જણાતી ન હતી.

કારણ કે વડા વજીર જમશીદ—બીન—ફરીદુનના ફરમાનથી બેજનને કોઇ પણ બંદીખાનાંમાં ન રાખતાં—તેની તપાસ નામવર શાહ સનમુખ ચાલે તેટલો વખત લશકરીઓના સખત ચોકી પાહરા હેઠલ ખુલ્લોજ રાખવાને કોટવાલે હુકમ ફરમાવ્યો હતો.

અફસોસ ! બહાદુર બેજન આ દુન્યામાં પોતાનો છેલ્લોજ દમ ખેંચતો હોય એવા સંજોગો આજને કાલ તો જણાતા હતા.

પ્રકરણ ૨૭ મું.

બેજનને ફાંસી.

લુટારાઓનો બુજોર્ગ સરદાર જંગી લોહરાસ્પ, જવાન સરદાર બેજનની ગેરહાજરીમાં પ્રમુખપદે બીરાજયો હતો. જયાર બાકીના સઘળા લુટારાઓ પોત પોતાની પદવી મુજબ આજુબાજુની બેઠકોપર બેઠા હતા. વચમાંજ સઘલા કયદ પકડેલા અમીર ઉમરાવો અમીર તેહમુરસ્પ—બીન-મીનોચહેર, અમીર તેહમતન, સાહેબે દોલત વેપારી નરીમાન એ સઘલાઓ ને કેદી હાલતમાં વચમાં ખડા કર્યા હતા.

"કેમ અય તુંદ અમીર તેહમતન, આય તારા દામાદ નરીમાન સાથે તારી બેટીની કદખુદાઇ તું કયા રોજે કરવા માંગેછ ? કયારે એને તારો દામદ કરી સરફરાજ કરવા માંગેછ ?" જંગી લોહરાસ્પે ખુબ રમુજથી નરીમાન તરફ આંગલી કરી તેહમતનનું પાકવવા માંડયું.

"અય ખવીસની ખસલતનાં ગુધ્ધાં બચ્ચર! નિર્દોષોના લોહીમાં હાથ બોલનાર બદમાશ!" તેહમતને પુર ઝનુનથી પોતાની ખાલી કમરપર તલવાર માટે ફોકટ હાથ નાખતાં બખાર્યું" "તું હાલમાં હમારી કબસ હાલતનો ગમે તેટલો લાભ લે, મગર યાદ રાખજે ઓ મુજી, કે એક વખત છુટો થવે તારાં ઘરપર તારાં સરની સલામતી રેહનાર નથી! આ ખલકતમાં તું ઝાઝો દમ ભરનાર નથી."

"વારૂં વારૂં, તે તો આપણે જોઇશું!!" લોહરાસ્પે રમુજથી, હસતાં કહ્યું—"વારૂં, અય અમીર તેહમુરસ્પ–બીન–મીનોચેહર, તારેબી કંઇ બોલવાનું તો હશેજ?"

"બોલવાનું! બોલવાનું!! અય નીમકહરામ, તેં હમારી પાસે એક મોટી રકમ કહડાવી હમોનેજ ફસાવી માર્યા છે! આય"—

"કોણ નમકહરામ? હું કે તમે લોક?" લોહરાસ્પ ગુસ્સાથી બખાર્યો. "ઓ કમીના કુત્તાઓ, તમે નામદાર શાહની જુતીના ઉઠાવનારા ખીદમતગારો! કોણ નમકહરામ? તમારા નામદાર શાહ—કે જેનાં નીમકથી ને જેની સરજમીનપર તમો પરવરીશ પાંમીને તેનીજ સાંમે તમારો લોંખડી જેવો અવાજ કાહડનાર કુત્તાઓ! તમે નમકહરામ કે હું? તમારા દેશની સાંમે કાવતરૂં કરનાર તમે લોક નમકહરામ કે હું? તમારા શાહથી મોંહ ફેરવનાર ગલીચ—"

પણ નહીં! ગુસ્સામાં આવેલો લોસરાસ્પ વધુ આગળ બોલી શકયો નહી. દરવાજાપરના ચોકીબાનોને બાજુ હઠાવી મીરાન અંદર ધસી આવી લોહરાસ્પના પગ આગલ ફસડાઇ પડયો.

"સરદાર, આપરો બેજન—બેજન——"

તે વધુ બોલી શકયો નહીં, એક એકથી ઉભરાતી અનેક લાગ-

ણીઓથી ગોયા તેનો દમ રૂંધાઇ જતો હતો. તુરતજ લોહરાસ્પનાં ફરમાનથી શરાબે શીરાઝની એક જામ છલાછલ ભરીને મીરાનને પાવામાં આવી; અને બાદ તેણે અવલથી આખર તલકનો સઘલો ખુલાસો ત્યાં કર્યો.

"જોયું કે અય મુજી મર્દ—જેવો આય તારા જવાન સરદારનો હાલ થયો છે તેવોજ ચંદ રોજમાં તારોબી ફેસલો થઇ જશે!" અમીર સામેસવાર–બીન–ગુસતાસ્પ પુર હીંમતથી કશા પણ ડર વગર પોકારી ઉઠયો.

"લઇ જાવ–લઇ જાવ આય નાપેકાર કુ-તાઓને મારી સાંમેથી!!" લોહરાસ્પ ઝનુનથી પોકારી ઉઠયો; અને તુરતજ તેના હુકમ અનુસાર તે ઇરાની અમીરોને તે મહેફીલમાંથી લઇ જવામાં આવ્યા.

લોહરાસ્પ તરફથી ઇશારત થતાં હવે મીરાન, રૂસતમ ફેલસુફ ઉર્ફે શાહે ઇરાન (!) અને બીજા બેએક જણાઓ સીવાય બાકીના લુટારાઓ ત્યાંથી ચાલી ગયા.

"અય મારા બાહદુર વફાદાર મીરાન" લોહરાસ્પે હવે પુર ગંભીરાઇથી બોલવા માડયું "ખચ્ચીતજ આય ઘણી સિતમનાક વાત બની ગઇ છે; અને હવે આય વખત ફરીથી આપણાં લાડકા બેજનને કેમ બચાવી લેવો એ એક આફતભર્યો સવાલ થઇ પડયો છે. હવે, આપરે એ બાબે કંઇબી ગોઠવણ કર્યે તે આગળ બેજનને કયાં કેદ રાખ્યો છે તેથી આપુને વાકેફગાર થવાની ઘણીજ જરૂર હોવે અય તું મારા બાહદુર મીરાન, બીજા એકને લઇને તું સેતાબ મારતે ઘોડે શેહરમાં દોડી પોંહચ અને બનતી અગતની સઘળી ખબરો સહીત ખોદાદાદના તબેલા આગળ રાત્રે બેને શુમારે આવીને મળજે!"

અને હવે તે બુઢ્ઢો સરદાર મીરાનના જવા પછી વીચારમાં વીંટ-

લાઇ બેઠો. તેજ માફક રૂસતમ ફયલસુફ અને બીજાઓ પણ પોતપોતાંના ખ્યાલમાં ગંભીરાઇથી ગઉર કરતા પોતાના જવાન સરદારને બચાવી લેવાનો તઉર કાહડતા વીંટલાઇ બેઠા.

અરધાએક કલાકના ગંભીર વીચાર બાદ રૂસતમ ફયલસુફ ખુશાલીથી હાથ ચોલતો પોતાની બેઠકપરથી કુદી પડયો; અને લોહરાસ્પના કાનપર પડી પોતાનો ઠરાવ અને એરાદો જણાવ્યો. બે પળમાં લોહરાસ્પની તેમજ બાકીના સઘલાઓની આંખ્યો ખુશીથી ચમકી રહી.

હવે તુરતજ તેઓ ઉઠયા, અને વીસ ચુનંદા, માણસોને છુપે વેષે શહેરમાં જઇ ખોદાદાદના તબેલા આગળ એકઠાં મલવાનો હુકમ કાહડી તેઓ પણ શહેરમાં જવાની તઇયારી કરવા પડયા.

હવે આ બાજુએ જ્યારે જંગી લોહરાસ્પ પોતાના જવાન સરદાર બેજનના છુટકારા મારે બનતી કોશીશો કરી રહયો હતો ત્યારે તેજ બેજન માટે શહેરમાં મોતની સઘલી તઇયારીઓ ચાલી રહી હતી.

જે દીને સહવારે બેજન પકડાયો હતો તેજ દીને નામદાર શાહે સાંજનાં ફરી ઇનસાફ માટે દરબાર ભરવાનો પોતાનો એરાદો જાહેર કર્યો હતો.

કુલ ગની કે ગદા અને સઘલા બાકી શહેરમાં રહેલા અમીર ઉમરાવોએ ત્રણ વાગતાના સુમારમાંજ દરબારમાં પોતપોતાની બેઠક મેલવી લીધી. આ જાણીતા જવાન લુટારાને નજરો નજર જોવાનેને ઇરાનની ગાદીને દીપાવનાર શાહનો ઇનસાફ સાંભલવા કુલ રઇયત કીડીની મુવાફિક દરબાર આગલ કકડીવકડી ગઇ હતી.

બરાબર ચારના સુમારે નામવર શાહે તખ્તપર પોતાની બેઠક લેતાંજ ઇનસાફનું કામ હાથ ધરવામાં આવ્યું, અને જવાન બેજનને

નાગી તલવારો સહીતના ચુનંદા લશકરી પાહરા વચ્ચે લોખંડી જંજીરોમાં ઝિરોઝબર કરેલો શાહની સનમુખ ઉભો કરવામાં આવ્યો.

તેનો ખુબસુરત દમામદાર મરદાંનગીભર્યો ચેહરો, પોહલી પેશાની અને કદાવર બાંધો જોઇ આખી દરબાર અને નામવર શાહ પોતે પણ બે ઘડી અજબ બની રહયા. દેખઇતુંજ આય કોઇ ખાનદાની બચ્ચું લાગતું હતું, અને આવો ખાનદાની દેખાતો જવાન લુટારાના અપરાધ હેઠલ ઇનસાફ માટે શાહની સનમુખ વગર દહેશતે સીધ્ધો ટટાર ઉભો હતો. તેને પોતા માટે એક આટલી દહેશત ન હતી. તે પોતાના ગોઠયાઓની હીંમત અને કુનેહ ઉપર પુરતો મુસ્તાક હતો.

હવે ઇનસાફનું કામ શરૂ કરતાં વજીર જમશીદ–બીન–ફરીદુને જબાન ખોલી.

"અય ખુબસુરત જવાન, તું પોતે ઇરાનની રઇયતમાં ત્રાસ વરતાવી રહેલા હેવાન્યત ખસલતના લુટારાઓની ટોળીનો સરદાર છે એટલી નામવર શાહની અને દરબારની ખાતરી છે; તેમજ તુંજ આગલ બે વખત નામદાર દાદખાહ શાહનાં કયદખાનાંમાંથી એક યા બીજી રીતે લુચ્ચાઇથી ફરાર થઇ ગયો હતો અને તે નાસી જનારો જવાન તુંજ છે એમ મારા કયદખાનાંનો દરોગો તથા બીજા અમલદારો સોગંદપર જણાવવા તઇયાર છે, તો પછી બોલ અય મગરૂરીમાં મસ્ત બની નામદાર શાહની રાંક રઇયતને સતાવનાર અને આખેરસ ઇનસાફની ચુંગાલમાં સપડાનાર જવાન બોલ, તને ભારીમાં ભારી યાને મોતની સજા કાં નહીં ફરમાવવામાં આવે? તારા પોતાના બચાવમાં તારે શું કેહવું છે?"

"મારે એટલુંજ કેહવું છે કે નામવર શાહ તથા તું પોતે દાનાવ

વજીર એક ઘણીજ મોટી અને ગંભીર ભુલ કરે છે." બેજનનો મકકમ સાહદ નીકલ્યો, "હું પોતે બીલકુલ નિર્દોષ છું. હું તો એક સોદાગરનો છોકરો છું અને——"

"બસ કર, અય દગલબાઝ, બેલગામ બદમાશ! બસ કર!" નામવર શાહનો ગુસ્સાથી ઉરપુર અવાજ નીકલ્યો. "શું તું એમ સમજેછ કે તું આય તારા ખુલાસાએ કરીને સઘળાની આંખોમાં ધુળ છાંતી છટકી જઇ શકશે? કદી નહીં!! અય મારા દાનાવ વજીર ને બાહદુર અમલદારો, આય વરસોથી મારી ગરીબ રઇયને હેરાન હેરાન કરી રહેલા અને ફોકટમાં દુ:ખી કરી રહેલા બદમાશ ગુલામને—આય કમીના કુ-તાને હું ફાંસીની સજા કરૂં છું, અને આવતી કાલે સહવારના બરાબર નવને અમલે હું પોતે ચઉગાનમાં હાજર થઇને એને શુળીપર લટકાવી દેવાનો વધુ હુકમ આપીશ ને ત્યાં સુધી અય મારા બહાદુર કોટવાલ રૂસ્તમ—બીન—શાપુર, હું આય બંધવાને એક વખખત ફરીથી તારા સ્વાધીન સોંપું છું. એને તું તારાં લશકરની વચમાં કેદ રાખજે, અને એને કંઇબી ને કોઇબી કારણસર, મારા પોતાના હાથ દસકત બી ગરચે હોય તો પણ, ન છોડવાની હું તુંને ફરમાશ કરૂં છું, અને આવતી કાલે સહવારે એ ફાંસીને માંચડે લટકવોજ જોઇયે, ને જો કોઇક સંજોગથી એ છટકયો તો તારે ફાંસીને લાકડે ચહડવુંજ પડશે!!"

થોડોક વાર અચકયા પછી નામવર શાહે જાણે કંઇ નવો વીચાર મનમાં આવ્યો હોય તેમ ગંભીર અવાજે કહયું:—

અય કયદી જવાન બેજન, જો કે તને મોતની સજા તદન વાજબી છે, તો પણ હું તને છેહલી ઘડીએબી એક ટક આપું છું. અગર જો તું તારી આખી ટોલીને અને તારા ગુફાને જાહેર કરેતો તને

જીવતદાન આપી મારી દરબારમાં સરફરાજ કરવાને મારો શાહી કોલ આપું છુ."

"એ તારા શાહી કોલની કે આખી દુન્યાના તમામ ખજાનાની હું એક આટલી પરવાર કરતો નથી!" બેજને પુર તુચ્છકારથી કહયું.

"ઠીક છે, અય નાફરમાન! હેવાન! ગરચે તું મારા કોલની પરવાહ નથી કરતો તો આવતી કાલે ફાંસીને લાકડે લટકવા દોરડાંની જરૂરજ પરવાહ કરશે!"

ગરીબ બાપડો હોંશ ઉલટનો ભર્યો બેજન! પોતાની વ્હાલી માશુક ગુલનારને દમાવંદની તલેટીથી જુલમગારોના હાથમાંથી છોડવવા પછી તે વધુ સુખ શોધે તે અગાઉ નામવર શાહની તરફની સજા પાંમી ફાંસીનો તકસીરવાર થઇ ચુકયો હતો. હાયરે નસીબ! શું બાહદુર મગર કમનસીબ બેજન આય આફતમાંથી છુટવા પામશે? ખુદા ખબર!

પ્રકરણ ૨૮ મું.

શાહના મેહલમાં એક ભેદી બનાવ.

મધ્યરાત્રીનો અમલ છે. તમામ ખલકત અંધકારનાં કાળાં કફનમાં ઢંકાયલી આરામમાં પડેલી છે. એવે સમયે ઇરાનના નામવર શાહના મેહલમાં, ખુદ તે નામદારની આરામગાહમાં, આપણે નીગાહ પહોંચાડશું.

તે બુલંદ દરજજેનો બખ્તાવર બાદશાહ પોતાનાં શાહી બીછા-ણાંપર મખમલી છતર તળે આરામ લેવા લેટેલો છે, મગર શું તેને જરાબી આરામ છે? શું તેની આંખમાં જરાબી નીંદ છે? નહીં, બીલ-કુલ નહીં. તેનો જીવ આજે બીલકુલ બેચેન, બેકરાર છે. એક મોટી સલતનતની ઉપર હકુમત ચલાવનારો આ બળવંતો બાદશાહ પોતાની રઇયતના કોઇ કમીનાંમાં કમીના કંગાલ ભીખારી કરતાંબી વધા-રે દુઃખી ને દર્દમંદ જીગરે પોતાનાં બીછાણાંપર આરામ મેળ-મેળવવાનાં ફોકટનાં ફાંફાંમાં એમથી તેમ અછાડ પછાડ કરે છે. તેના રાજમાંનો કોઇ કંગાલ ભીખારી, કોઇ ગરીબ મજુરબી તે રાતે સખ્ત જમીનપર પોતાની પહારી બીછાવી બેફિકર ઢોરના જેવી ઉંઘ કાઢતો પડેલો હશે, પણ હજારો સુખ ને એશ આરામમાં આળોટયાં મારતા આ તખ્તો તાજના માલેકને પોતાના મખમલી છતર પલંગની ઉપર એક ઘડીની નીંદરા ભોગવવાનો કરાર નથી!

તેનાં મનમાંથી હજારો વીચારો વીજળીને વેગે પસાર થાય છે, અને જેમ તે વધારે વીચાર કરતો જાય છે તેમ તેનાં મનનીઅશાંતી— તેનાં જીગરની આકુળ બ્યાકુળતા વધતી જાય છે.

બેજનને આવતી સહવારે ફાંસી દેવાનો હુકમ ફરમાવ્યા પછી તે-શાહનો જીવ ઘણો ઉદાસ થઇ ગયો છે. તેણે એક સાચો ઇનસાફ ક-રનારા શાહ તરીકે પોતાની વાજબી ફરજનો વીચાર કરી, પોતાની રઇયતને લુટારાઓના પીડાકારક દોરમાંથી છોડવવાને બેજનની ગરદન છટકાવી દેવાનો હુકમ બાહેર પાડયો છે ખરો, પણ અંદરખાનેથી તો તેને બેજ-નની ઘણી દયા લાગે છે, અને બેજનના જેવા એક ખુબસુરત, જોરે-મંદ જવાનનો પોતાની ભર જુવાનીમાં ફાંસીના માચડાપર નામોશીના કાળા કલંક સાથે છેડો આવશે તેના ખ્યાલથી તે દયાળુ દિલના શાહનું જીગર ઘણું દુઃખી થાય છે.

તે શાહ પોતાનાં મનમાં ઘણું ઇચ્છે છે કે બેજનને તેની માંગણી કબુલ કીધી હતે, અને લુટારાઓનો ગુફો શાહને દેખાડી તેના બદલામાં પોતાની ગરદન બચાવી લીધી હતે પણ બેજનને તો શાહની માંગણી તુચ્છકાર સાથે ના પાડેલી હોવાથી તે શાહને પોતાની ફરજ અતિ ઘણી ના મરજી સાથે બજાવવી પડી છે અને હવે કયારે સહવાર પડે તેની અધીરાઇથી રાહ જુએ છે; કારણ કે તેણે ઠરાવ કીધો છે કે સહવારે એક વાર ફરીથી જયારે બેજનને ફાંસીના માચડા આગળ લાવવામાં આવે ત્યારે તેની આગળ પોતાની માંગણી પાછી રજુ કરવી, અને જો તે જવાન ત્યારે બી નહીંજ કબુલ થાય તો પછી નાચારીએ પોતાનુ અસલ ફરમાન અમલમાં મુકવું.

એવી રીતે શાહ બેકરાર હાલતમાં બીછાણાંપર પડેલો છે. છેક પાછળી રાતે તેની આંખમાં જરા જરા ઉંઘ આવવા માંડે છે, અને નીંદરા દેવી તેની ઉપર રફ્તે રફ્તે ગળબો કરે છે, એવાંમાં તે એકાએક ઝબકી ઉઠે છે. તેનાં બીછાણાંની સામે અચણુચ ઉભો થયલો એક આકાર જોઇને તેની રગોમાંનું લોહી ધાસ્તીને મારે ગોયા ઠંડું પડી જાય છે—અને પોતાની ઉંઘમાંથી ચોંકી તે તસ તસ થતે દોળે તે આકારને ટીકી ટીકીને જોયા કરે છે.

સુફેદ દુધ જેવા ઝભામાં સજ થયલો ગોયા મીનોઇમાંથી આ ફાનીમાં ઉતરી આવ્યો હોય એવો તે આકાર હવે તેનાં બીછાણાંની લગોલગ આવી પહોંચેછ; અને તે બાદશાહ ગભરાતથી ફીકે પડી ગયલે ચહેરે કેટલીક ઘડીઓ સુધી તેને ટગર ટગર જોયા કીધા પછી છેવટે ધાસ્તીને મારે ચીસ પાડીને પુકારી ઉઠે છે. "યા ખુદા! એ કોણ? મારો બેહસ્ત રોશન વજીર બુઝર્ગ મીનોચેહર કે પેલી જહાનથી ઉતરી આવેલું તેનું રહ?"

"હા, હુંજ મીનોચેહર !" તે ફીરેસ્તાઇ આકાર હવે ગંભીર અવાજે જવાબ દે છે. "હુંજ તારો માજી વજીર મીનોચેહર, કે જે મીનોઇની મજાહ થોડાક વખતને ખાતર છોડીને આ ખલકમાં તારી પાસબાની કરવાને ખાતર આવ્યો છું. બેટા, તું મારેથી બીહ ના; સબબ પેલી જહાનમાંબી મારૂં રૂહ તારી તરફ કાળજી ભરેલી નીગાહ રાખ્યા કરે છે, અને આજે એક ઘણો જરૂરનો પેગામ તને પહોંચાડવાની મતલબથી મારૂં અત્રે આવવું થયું છે."

"અય મારા દાનાત્ર વજીર, તું મને શું કહેવા માંગેછ?" શાહ હવે ધાસ્તી છોડી દઇને જરાજરા હીમત પકડતાં સવાલ નાખે છે.

"બેટા," તે આકાર હવે બીછાણાંની ઘણીજ નજદીક આવી ગંભીર અવાજે બોલવાનું શરૂ કરે છે. "હું જોઇને ઘણોજ દુ:ખી થયો છું કે મેં એક વખતે તને જે અકકલમંદી ભરેલી સલાહના સુખનો કહી સંભળાવ્યા હતા તે મુજબ તેં અમલ કીધો નથી. તારી રઇયતની ફરયાદનો અવાજ સમજી વાજબી ઇન્સાફ કરવાને બદલે તારા આપમતલબી અમીરોની ખોટી સલાહથી દોરવાઇને તેં આડી રાહ એખ્તયાર કીધી છે, અને ઘણાઓને ગેરઇન્સાફ કીધો છે. તેટલા વાસ્તે ઓ શાહ, હું તને પેલી જહાનમાંથી ખાસ ચેતાવવા આવ્યો છું, કે હજી બી તું ચેત, હજીબી સાવચેત થઇને સારો માર્ગ પકડ, નહીતો આયંદે તારી પોતાની ખરાબી થશે, અને આપણાં આ પ્યારાં વતનની ખાનાખરાબી ને બરબાદી થશે !"

આ ગંભીર સુખનોથી તે શાહનાં જીગરપર ઘણી મજબુત અસર થઇ. તેની આંખમાં પાણી આવી ગયાં અને તે ધસાંધસ રડી પડતાં બોલ્યો:—"અફસોસ ! અગર જો મારી પોતાની બેદરકારી અને બેવકુફાઇથી આ બુરો મામલો બનવા પામ્યો હોય તો

તે ખાતર હું સદ હજાર વાર તોબા કરૂં છું, પશેમાન થાઉં છું, અને બેપરવાહીની રાહથી પાછો ફરી મારી રઇયતનું ભલું કરવાની નેક રાહ અખત્યાર કરવાનો કોલ આપું છું."

"આહ, ત્યારે તો હજીબી તારે માટે ઘણી સારી આશા છે," પેલો મીનોઇ આકાર કંઇક ખુશાલી ભરેલા અવાજે બોલ્યો. "બેટા, ફીકર ના કર. હજીબી સઉ સારૂંજ થશે. જો સાંભળ, થોડા વખતમાં તને એક ચોકસ જગ્યાએ લઇ જવાને માટે કેટલાક માણસો હયાં હાજર થશે. તેઓ તને જયાંબી લઇ જાય ત્યાં તું જરાબી અચકયા વગર બેધડક, બે ફિકર જવાને કબુલ થજે, અને તેઓ તને એક એવી જગ્યાએ લઇ જશે કે જયાં તારી આંખ બરાબર ઉઘડશે. ત્યારે તારી રઇયતની ઉપર કેવો જુલમ ગુજરે છે તે તને બરાબર ખબર પડશે, ત્યારે તારા કાવત્રાંબાજ અમીરોનાં કર્તુકોથી તું બરાબર વાકેફ થશે, અને ત્યારે તું તને જે વાજબી લાગે તે બરાબર સાચે સાચો ઇન્સાફ કરી બધી વાતનો ફયસલો કરજે, આયંદેહ સઉ સારૂંજ થશે. પણ યાદ રાખજે કે અગર જો તું મારી સલાહ મુજબ ચાલવાને જરાબી અચકયોછ, અગર જો તું દગાબાજોની ભોળવાવનારી જુબાનથી જરાબી ભોળવાયોછ, તો તારી ખરાબી થશે, અને ખુદાનો ખોફ તારાં સરપર તું ખેંચી લેશે!"

આવી ગંભીર ચેતવણી આપ્યા પછી તે મીનોઇ આકાર જેમ આવ્યો હતો તેમ ધીમે ધીમે તેની નજર આગળથી ગુમ–ગેબ થઇ ગયો. થોડોક વખત સુધી તો તે શાહ એમ સમજ્યો કે પોતે ખાબમાં પડેલો હશે અને આ બધો ખાલી સ્વપનો જોતો હશે; પણ એક લેહજામાં તેની ખાતરી થઇ કે પોતે જાગરૂત હાલતમાં હતો અને આ બધું ખરૂંજ બન્યું હતું. ત્યારે તે ધાસ્તીથી ધ્રુજવા પડયો, અને જાણે ઠંડીનું લખલખું ભરાઇ આવ્યું હોય તેમ તેના દાંત કચકચવા લાગા.

એવાંમાં કાળા જભ્ભામાં સજ થયલા ચાર ભેદભરેલા આકારો તેનાં બીછાણાંની આસપાસ એકાએક આવી ઉભા. તે ચારે જણાએ પોતાના મોઢાંપર કાળા બુરખા નાખેલા હતા તેથી તે શાહ પીછાણી શકયો નહીં કે તેઓ કોણ હતા. શું તેઓ આ દુન્યાના માણુસો હતા કે જમીનનાં ભીતરમાંથી ફુટી નીકળેલા કોઇ દોજખી દેવો હતા?

"તમે કોણ છો?" આખરે તે શાહે હીમત એકઠી કરીને પુછયું.

"અમે તારા વજીર મીનોચહેરનાં ફરમાનથી તને એક ચોકસ જગ્યાએ લઇ જવાને સારૂ અત્રે આવ્યા છીએ," તે આકારોમાંના એકે ધાડા, ઘોઘારી સાદે જવાબ દીધો. "બોલ, તું અમારી સાથે આવવાને તઇયાર છે?"

પહેલાંતો તે શાહ જરા અચકાયો, ગભરાયો; મગર વજીર મીનોચહેરની ગંભીર ચેતવણી યાદ આવતાં તે હીમતથી બોલ્યો; "અગર તમે માણુસની ઓલાદના હોવો કે દેવદરૂજની ઓલાદના, તમે મને જયાંબી લઇ જવા માંગતા હો ત્યાં આવવાને હું તઇયાર છું."

"ઠીક, ત્યારે તો તમને આંખે પાટા બંધાવવા પડશે."

તે શાહે આંખે પાટા બંધાવવાની મરજી દેખાડી. તુરતજ તેની આંખે મજબુત પાટા બાંધી લેવામાં આવ્યા. ત્યાર પછી કોઇ જલ્લદ દવાનો વાસ કેટલીક પળ સુધી તે ઓરડામાં ફેલાઇ વળ્યો, અને તે શાહ પોતાની શુધ-બુધ ખોહી દઇને મુરદાં જેવો થઇને જમીનપર બેફામ હાલતમાં તુટી પડયો.

પ્રકરણ ૨૯ મું.

"દગો! દગો!"

બીજે દીનની સહવાર પડી ચુકી હતી, ખુલ્લાં ચઉગાનમાં હજારો આદમીઓની અલગાર લાગી ચુકી હતી. "વચોવચમાં લશકરની એક મજબુત ટુકડી વચ્ચે જવાન બેજનને જંજીરમાં જકડેલો ઉભો કરી તેની બાજુમાંજ કોટવાલ રૂસ્તમ–બીન–શાપુર નાગી શમશીર સહીત ખડો હતો. સઘળું રંધાઇ ચુકયું હતું. બેજનનાં મોતની નોબત વાગી ચુકી હતી; ફકટ નામવર શાહનાં આવવાની ખોટી હતી. જો કે નામવર શાહે નવ વાગેની આમદ દરશાવી હતી, તો પણ તે નામવર પોતેબી" આય મજબુત લુટારાનો જલદીથી લટકો ફટકો કરી નાખવા આતુર હોવે તેણે એક પોહરેગીર પાસે સાત વાગામાં સઘલી તઇયારી રાખવાનું ફરમાન મોકલ્યું હતું; હાલમાં સાડા સાતનો સુમાર થયો હતો, અને જે વખત જાય તેમાં નામવર શાહની સવારી આવી પુગનાર હતી.

થોડા વખતમાંજ મોટા મોટા પોકારો થઇ રહયા અને તુરતજ નામવર શાહ છડી સવારીએ દશ બાર માણુસના રસાલા સહીત આવી પુગ્યો.

તુરતજ હવે નામવર શાહના હુકમથી બેજનને માચડાપર ચહડાવવામાં આવ્યો. અને નામવર શાહ તરફથી એકવાર ફરીને સેનાપતીએ બેજનને પોતાની આખી લુટારૂ ટોલી બતાવી છુટકારો મેળવવાને સમજાવ્યું.

બેજન પોતે પણ પોતાના ગોઠયાઓની અશકતી બાએ નાઉમે

થઇ ગયો હતો. તેણે હવે એક ઉતાવલી પ્રાર્થના કરી લીધી અને પુર ધીકકારથી સેનાપતીની માંગણી તુચ્છકારી કાહડી.

હવે નામવર શાહનો ગુસ્સો કાબુમાં રહયો નહીં. તેણે પુર ગુસ્સાથી પોતાની તલવાર ખેંચી કાહડી.

"નાખો—નાખો એ બદકારની ગરદનમાં રસી!!" તે બખાર્યો, યાદ રાખજે અય કમીના કુત્તા, કે હમણાં તું મુરદું થઇને ખાકમાં લોટશે—" તેણે હવે પોતાની શમશીર સર ઉપર ચોકસ રીતે આમ તેમ ધુમાવી, "ને જેમ તું મુરદું થશે તેમ આય શમશીર તારા ગોઠયાઓનું લોહી પીશે. બોલ, તારો શું જવાબ છે? કબુલ છે મારી માંગણી?"

"કબુલ છે મને, અય સરફરાઝ શાહ!" ખુદા જાણે શું કારણથી બેજન બકરાં માફક નરમ થઇ જઇ બોલ્યો, "અય નામવર શાહ, મને તારી માંગણી કબુલ છે. અગર મને એક ઘોડો બક્ષવામાં આવે તો હું ગુફામાં તને લઇ જવા તઇયાર છું.

"તો ઠીક છે, ઉતારો એને!!" નામવર શાહે હુકમ આપ્યો; અને તુરતજ બેજનને સડસડાત ફાંસીના માચડાપરથી નીચે ઉતારવામાં આવ્યો, ને તેને એક ઘોડાપર સવાર કરવામાં આવ્યો.

ત્યાર પછી રૂસ્તમ—બીન—શાપુર અને પોતાનાં રસાલાનાં બીજાં કેટલાંક માણસોને સાથે લઇ ઇરાનનો શાહ પોતાના કયદી બેજન સહીત લુટારાઓનાં રહેઠાંણુનો પત્તો મેલવવા માટે પવન વેગે ધસ્યો ગયો.

એ બનાવને અરધો કલાક વીટી ગયો હતો. લોકો પણ ચકચાર કરતાં હલુહલુ વીખરાતાં હતાં, તેટલાં નામવર શાહના મહેલ

તરફના રસ્તાપરથી ઘોડાનાં પગલાંનો અવાજ આવતો સંભળાયો, અને થોડાવારમાં વજીર જમશીદ–બીન–ફરીદુન મારતે ઘોડે હાંફતો હાંફતો ત્યાં આવી પહોંચ્યો.

"શું છે, અય જોરેસંદ દસ્તના નામવર જમશીદ," એક દરબારીએ તેનો ગભરાયલો ચહેરો જોતાં અજબ થઇને સવાલ પુછયો, "શા વાસ્તે તુ એટલો ગભરાયલો લાગેછ? શું કંઇ બુરૂં બનવા પામ્યુંછ?"

"યા ખુદા! એક ઘણોજ અજબ જેવો બનાવ બન્યોછ, જે કહેવાની મારી તમારી આગળ જીભજી ઉપડતી નથી!" વજીર જમશીદ ઘણીજ ઉશકેરાયલી અદાએ બોલ્યો. "તમે માનશો, આપણો નામવર શાહ આજ સહવારનો મહેલમાંથી કેઠે ગુમ થઇ ગયોછ!"

"હેં! એ તમે શું બોલોછ?" કેટલાક દરબારીઓ જેઓ અત્યારમાં જમશીદની આજુબાજુ ફરીવળ્યા હતા તેઓ હવે બધા સામટા અજાયબીથી પુકારી ઉઠયા. "એ તમે શું બોલોછ? નામવર શાહ તો થોડાજ વખતની વાતપર હયાં હાજર હતા, અને હમણાંજ કોટવાલ રૂસ્તમ–બીન–શાપુર તથા રસાલાના માણસો સાથે લુટારાના સરદાર બેજનને લઇને લુટારાઓના ગુફાનો પતો મેળવવા ગયા છે."

અને ત્યાર પછી તેઓએ બધી જે વાત બની હતી તેનો હેવાલ વજીર જમશીદને કહી સમજાવ્યો. તે હેવાલ સાંભળ્યા પછી વજીર જમશીદ અજાયબીથી પુકારી ઉઠયો. "અરે પણ એ બધું કેમ બની શકે? ખુદાના કસમ ખાઇને કહુંછ બીરાદરો, કે નામવર શાહ આજના સહવારના મહેલમાંથી બાહેર નીકળ્યાજ નથી; સબબ મેહલમાં તેઓનો કંઇ પતો નથી અને ત્યાંતો શાહનાં અચણુચ ગુમ થવાને સબબે બધે અકરાત–ગભરાત થઇ રહયોછ, અને તે ખબરથી તમને વાકેફ કરવાને વાસ્તેજ હું મારતે ઘોડે હયાં આવ્યો."

બધા દરબારીઓ વજીર જમશીદનું આ બોલવું સાંભળીને વીચારમાં પડી ગયા. શું તે વજીરનું કાતર્યું ધસી ગયું હતું હતું કે તે એવી તદન નહી બનવાજોગ ઘેલી ગાંડી વાત કરતો હતો. અગર જો નામવર શાહ સહવારનો મેહલમાંથી નીકલ્યોજ નહીં હોય તો પછી અર્ધા કલાકની વાતપર તે હયાં પોતે હાજર હતો તેનો ખુલાસો શું?

"ખચીત આતો અતિ અજાયબીની વાત છે?" તે દરબારીઓમાંનો એક બોલ્યો. "અય દાનાવ જમશીદ, અગરજો તું કહેછ તેમ શાહ સહવારનો ગુમ થઇ ગયોછ તો અર્ધા કલાકની વાતપર તેને અમે નજરેનજર જોયો તે વાત શું જુઠી છે? ખચીત, મને લાગેછ કે આજે તારી શુધ્ધી બરાબર ઠેકાણે નથી, નહીંતો આવી અકકલથી ઉંધી વાત તું અમોને નહી કહી સમજાવે."

વજીર જમશીદે તે દરબારીના ટીકાનો જવાબ દેવાની દરકાર નહીં કરતાં હવે વધારે ધીરજથી ખુલાસો કરવા માંડયો. તેના કહેવા મુજબ વાત એમ બની હતી કે હમેશના રાબેતા મુજંબ સહવારનાં પોહરમાં એક ખીદમતગાર શાહનાં અએવાનમાં ગયો હતો, પણ મોટી અજાયબી વચ્ચે શાહને ત્યાં જોયો નહી હતો. આ ઉપરથી તેણે બીજા ખીદમતગારોને ખબર કીધી હતી અને તુરતજ આખા મેહલનાં ખુણે ખુણાંમાં શાહની શોધ કરવામાં આવી હતી પણ તેનો કંઇ પતો મળ્યો નહીં હતો. ત્યારે ખીદમતગારે ગભરાતમાં વજીરને મેહેલે દોડી જઇ તેને ખબર પહોંચાડી હતી, અને બધેબધ તપાસ ચલાવ્યા પછી શાહનો કેહેબી પતો નહીંજ મળ્યાથી પોતાના ગોઠયાઓને તે વીગતથી વાકેફ કરવાને તે વજીર બનતી ઝડપે શહેરનાં ચઉધ્યાન તરફ ઘોડો દપટાંવીને ધસી આવ્યો હતો.

વજીર જમશીદનો આ અજબ જેવો ખુલાસો સમજી બધા દર-

બારીઓ એક મેકનું મોહું જોવા લાગા. આખરે તેઓમાંનો એક, જે બીજાઓ કરતાં વધારે દાનાવ ને સમજદાર હતો, તે બોલ્યો—

"મને લાગેછ કે આ બધી વાતમાં કંઇ જબરો ભેદ સમાયલો છે, અને આપણા નામદાર શાહ તરફ કંઇ જબરો દગો રમવામાં આવ્યોછ. પેલો લુટારો બેજન જે અચબુચ રીતે એકદમ નરમ બોકરાં જેવો થઇ જઇ શાહની માંગણીને તાબે થયો તેપરથી મને તો ઘણી નવાઇ લાગી; સબબ એક વખત તે લઆનતી કુતરાએ શાહની દયાળુ માંગ-ણી તુચ્છકાર સાથે ના પાડી, અને પછી બીજીજ ઘડીએ તરત પાછો ફરી ગયો ને શાહની માંગણી મંજુર કરી લુટારાઓનો ગુફો દેખાડવા એકદમ કબુલ થઇ ગયો. શું એ વાતમાં તમને કંઇ નવાઇ જેવું લાગતું નથી? મને તો એમાં કંઇ ઘણો ઉંડો ભરમ લાગેછ, ને આ- પણા નેક બખ્ત શાહની તરફ કંઇ દગો રમવામાં આવ્યો હોય, તેનો જાન કંઇ જોખમમાં આવી પડયો હોય, એવી મને ધાસ્તી લાગેછ!"

"દગો! દગો હા ખચીતજ કંઇ ઘણો ભયંકર, ઘણો જબુન દગો રમવામાં આવ્યોછ!" વજીર જમશીદ જુસ્સાથી પુકારી ઉઠયો. "ચાલો બિરાદરો, આપણે તુરતજ ઘોડાપર સ્વાર થઇ જે રસ્તે નામવર શાહને લઇ જવામાં આવ્યો તે રસ્તે ઝપાટાબંધ દોડયે, અને નામવર શાહને તથા કોટવાલ રૂસ્તમ—બીન—શાપુરને પકડી પાડયે! ચાલો, ચાલો. જલ્દી કરો!" હવે બધા દરબારીઓ અને શાહના રસાલાનાં બીજાં માણસો સીતાબીથી ઘોડાપર સવાર થયાં, અને આસરે પચાસ માણસોની બનેલી આ ટુકડીની સરદારી લઇને વજીર જમશીદ શાહનો પતો મેળવવા અને લુટારાને સજા કરવા તેઓની દુંબાલે દોડયો.

પ્રકરણ ૩૦ સું.

"છે અકકલવાનનો જગતમાં મોટો પ્રતાપ,
અઝીઝ, છુપે નહીં કદીબી અકકલનું આબ!"–R. R. D.

પ્રીય વાંચનાર, ઇરાનના શાહના મેહલની અંદર મધ્ય રાત્રીને સમયે બનેલા પેલા અજબ જેવા બનાવનો થોડો ઘણો ભેદ તું અત્યાર આગમચનો કલ્પી શકયો હશે. દાનાવ લોકોમાં એક કહેવત છે કે "તકદીરની આગળ તદબીર કંઇ કરી શકતી નથી," મગર વળી એક બીજીબી કહેવત છે કે "બુધ્ધી આગળ બળ પાણી ભરે છે." અકકલવંત માણસ પોતાની અકકલ ભરેલી તદબીરથી બાજે વખત પોતે જીવ સટોસટ મામલામાંથી છટકી જઇ બીજાને છટકાવી લે છે તેનો એક ખરેખરો દાંતમાં આંગળાં પકડાવનારો દાખલો આપણને બેજનના છુટકારામાંથી જોવાનો મળે છે.

પોતાના સરદારનો છુટકરો કરાવવાને માટે અને ખુદ ઇરાનના શાહને પોતાના ફાંસામાં ફસાવવાને માટે લુટારાઓએ અકકલ હેરાન થઇ જાય તેવી એક અજબ સીફત ભરેલી હીમત વાપરી હતી. બેજનની ટોળીવાલાઓએ એક અસાધારણ જોખમ ખેડયો હતો. આપણે આગળ જોઇ આવ્યા છીએ કે તેઓમાંની ટોળીમાંનો એક નામે રૂસ્તમ ફયલસુફ આબાદ ઇરાનના નામવર શાહની સુરત–શકલ ધરાવતો હતો. હવે, નામવર શાહનું પોતાનું સ્વરૂપ ધારણ કરી બેજનને બચાવવાનો વીચાર તેનાંજ ફળદરૂપ ભેજામાંથી પહેલો નીકળ્યો હતો, અને તેનીજ કુનેહ કારસાજી હેથલ, બુઝરોગ લોહરાસ્પ, વફાદાર ફરહાદ અને મીરાન અને બીજા વિશ્વાસુ માણસોની મદદ સાથે તેઓની યુકતી પાર પડી હતી.

તે લુટારાઓ શાહના મેહલનાં હરેક ખુણાંથી માહીતગાર હતા, અને એક છુપે રસ્તો રાતની વખતે બુઝરોગ લોહરાસ્પ, રૂસ્તમ ફયલસુફ ફરહાદ, મીરાન અને બીજો એક છુપીથી મહેલમાં દાખલ થયા, અને પછી મધરાતને અમલે જરાબી સંસારો નહીં જાય તેવી રીતે ખુદ શાહની આરામગાહમાં એક ખુણાંમાં ભરાઇ ગયા, કે જે વખતે તે શાહ પોતાનાં બીછાણાંપર અકડ વકડ કરતો પડેલો હતો.

ત્યાર પુછી બુઝરોગ લોહરાસ્પે પોતાનાં આંગપર એક સુફેદ ઝભો નાખ્યો, અને પોતે એક ભુત હોય તેવો દેખાવ કરવાની મતલબથી શાહનાં બીછાણાં આગળ ગયો. કેવી રીતે તે શાહ તેને પોતાના બહેસ્તનશીન વજીર મીનોચહેરનું પેલી જહાંનમાંથી ઉતરી આવેલું રૂહ સમજયો, અને કેવી રીતે લોહરાસ્પે તેની એવી ખોટી માન્યતાનો લાભ લઇ તેને પોતાના ગંભીર ચેતવણીના શબ્દોથી બીહવડાવી ધુજાવી માર્યો તે આપણે આગળ જોઇ ગયા છીએ. લોહરાસ્પે પોતાનો ભાગ ઘણો સીફતથી, ભજી બતાવ્યો અને શાહનાં મનપર ઘણી ગંભીર અસર કરી તેમાં નવાઇ નહીં. તે બુઢ્ઢો એક બહાદુર લડવઇયો હોવા ઉપરાંત જુદી જુદી જાતના વેશ ધારણ કરી પોતાની બાહોશી અને વાકય ચાતુરીથી ભલા ભલાઓની આંખોમાં એક લેહજામાં ધુળ છાંટી શકતો.

લોહરાસ્પ પોતાનું કામ બજાવી પાછો ખુણાંમાં છુપાઇ ગયો, કે રૂસ્તમ ફયલસુફ પોતાના સાથીઓ સાથે કાળા દેવ જેવા આકારમાં શાહનાં બીછાણાં પાસે જઇ ઉભો. જયારે તે શાહે આંખે પાટા બંધાવ્યા ત્યારે તરતજ રૂસ્તમે ખીસાંમાંથી કેફી દવાની સીસી કાઢી શાહને સુંઘાડી કે તુરતજ શાહ બેફામ થઇ જમીનપર પડયો. હવે બનતી ઝડપે રૂસ્તમે નામવર શાહનો દરબારી લેબાશ પોતે પેહરી લીધો,

અને પછી તે પાંચે જણા નામવર શાહને પોતાની વચ્ચે ઘણીજ સં-ભાલથી ઉંચકીને મેહલની બાહર નીકલ્યા. પછી શાહને એક ઘોડાપર નાખીને પવનવેગે તે લુટારાઓ પોતાના ગુફા તરફ દોડયા; પણ રૂસ્તમ ગળી–ગુંચીમાં ભરાતો છુપાતો ખોદાદાદના તબેલા તરફ ચાલ્યો, જ્યા! પંદર વીસ લુટારાઓ તેની વાર જોતાં એકઠા થયા હતા. આ બધા લુટારાઓએ બાદશાહી રસાલાનાં માણસોના જેવો લેબાશ પેહરયો હતો, કે જેવો લેબાસ અડી ભીડીએ કામ પડે તો વાપરવાને સારૂં તેઓનાં ગુફામાં પડી રહેતો હતો.

એવી રીતે તે બહાદુર લુટારાઓ ખુદ ઇરાનના શાહને પોતાન ફાંસામાં ફસાવવામાં ફતેહમંદ થયા.

ખોદાદાદના તબેલામાં અકેકા એવા સરસ ઘોડાઓ હતા કે ખુદ શાહી તબેલામાંબી તેવાં અસીલ ને ઉંચી તોખમનાં જનાવરો મળે નહીં. સહવારના ઝઝકલામાં રૂસ્તમ ફયલસુફ અને તેના સાથીઓ આ ફાંકડાં પ્રાણીઓને લગામમાંથી પકડી શાહના મેહલની બાજુમાંથી ની-કળતા એક એકાંત રસ્તામાં છુપાઇને ઉભા. જેવો સાડાસાતનો અમલ થયો કે તેઓ ઘોડા ઉપર સવાર થયા અને ગડબડ સડબડ વચ્ચે ભપ-કામાં નામવર શાહ (!) ની સવારી શહેરનાં ચોગાન તરફ ચાલી. તે વખતે ત્યાં હજારો માણસની ઠઠ એકઠી મળેલી હતી. દરબારના ઘણાક અમીરો અને હજુરયાઓ ત્યાં ઉભા હતા, તે છતાં રૂસ્તમનો ચેહરો નામદાર શાહને ઘણોજ મળતો હોવાને સબબે બધા તે મળતાંપણાંથી છકકડ ખાઇને છેતરાઇ ગયા.

ગમે એવી મોટી લાલચે પણ બેજન હરગીઝ પોતાના ગોઠયાઓ-નો ગુફો શાહને બતાવી તેના બદલામાં પોતાની ગરદન બચાવી લેવાને કબુલ થતે નહીં; પણ જયારે નામવર શાહે—રૂસતમ ફયલસુફે—પોતાની

તરવાર ચોકક્સ અર્થસુચક રીતે પોતાનાં માથાંપર આમતેમ ઘુમાવી, ત્યારે તે તરવાર ફેરવવાની રીતમાં બેજનને પોતાની ટોળીની છુપી નીશાણ પારખી કાઢી. તે તરત સમજી ગયો કે મારા ગોઠયાઓએ છેલ્લી ઘડીએ મોતના દાચાંમાંથી મારો જાન બચાવી લેવાની કંઇ યુકતી કીધી છે. તેથી તેણે શાહની માંગણી કબુલ કરી તરતજ નમી જવાનું ડોલ ઘાલ્યું, અને પોતાના સાથીઓ સાથે ઘોડાપર સવાર થઇ ઝપાટાબંધ નીકળી ગયો. આટલો જરૂરજોગો ખુલાસો કીધા પછી આપણે હવે વાર્તાનાં વળાં સાથે આગળ વધીશું.

શેહરની હદ છોડી ખુલ્લાં મેદાનમાં પડતાં સમેટજ નામવર શાહની (!) સરદારી તલે લુટારાઓએ પવન વેગે પોતાના ઘોડા છોડી મુકયા. ઘણાંજ લાંબે જવા બાદ તેઓ દમ ખાવા થોભયા; અને હવે બનાવટી શાહના હુકમથી બેજનને બંધમાંથી છોડી તલવાર બક્ષવામાં આવી. થોડાજ વખતમાં ગુફા તરફથી બીજા સઘલા લુટારાઓ એક ખાલી ઘોડાં સહીત આવતા દેખાયા. હવે સઘલા લુટારાઓ કે જેઓની સંખ્યા લગભગ ૮૦ ની થવા જતી હતી તેઓ એકઠા મલ્યા.

કોટવાલ રૂસ્તમ—બીન—શાપુર તો આય ઉપરા સાપરી બનતા બનાવોથી બેબાખરો બની ગયો. તે કંઇબી વધુ વીચાર કરે તેટલાં બેજનને છોડનારા બંધમાં પોતે ગિરફતાર થઇ પડયો.

એવામાં દુરથી પવનના એક વંટોળયાની માફક ઇરાનનો વજીર પોતાનાં પચાસ માણસો સાથે યાહોમ ધસી આવતો તેઓને જણાયો. હવે લુટારાઓ અને વજીરનાં માણસો વચ્ચે એક જબરૂં જંગ મચી રહયું. તલવારો હવામાં ચમકી રહી, ભાલાઓ ઉછળી રહયા, અને ઘોડાની નાલોથી જમીન ખોડાઇને એટલી ગીરદ ઉંચે ઉડી કે બધા

લડવઇયાઓ ધુળનાં એક વાદળાંમાં ગેયા વીંટળાઇ ગયા. વજીર જમશીદના માણસો ઘણાં બહાદુરીથી લડયાં, અને ઘણાક લુટારાઓ જમીનદોસ્ત થઇને ખાકમાં લોટયા, મગર જમશીદનાં માણસોની સંખ્યા ઓછી હેવાથી છેવટે લુટારાઓ ફાવ્યા. આમન સામનની જબરી ઝપાઝપી પછી આખરે તેઓની ફતેહ થઇ, અને વજીર જમશીદ તથા શાહી રસાલાનાં ચાલીસ માણસોને કેદ પકડી તે લુટારાઓ પોતાના ગુફા તરફ ચાલ્યા.

પ્રકરણ ૩૧ મું.

હક—ઇન્સાફ.

હવે આપણે લુટારાઓના ગુફા તરફ નજર કરશું કે જ્યાં એક અજબ જેવો દેખાવ થઇ રહેલો માલમ પડે છે.

તે ગુફામાં એક ઉંચાં આસનપર નામવર શાહને બેઠક આપી કયદી અમીર ઉમરાવો તથા રસાલાનાં માણસોને ગુફાની બીજી બાજુએ ઉભા રાખી, બેજન, લોહરાસ્પ, રૂસ્તમ ફયલસુફ, ફરહાદ, મીરાન, અને બીજા થોડાક લુટારાઓ હાથબસ્ત કરી નામવર શાહની હજુરમાં ખડા છે.

સઘલા એક પછી એક પોતાપર ગુજરેલી બેદાદી ને સેતમની ફર્યાદ ઉઠાવ્યા જાય છે; અને નામવર શાહ અજાયબીથી—ગુસ્સાથી—ચડ ઉતર રંગો સહીત પોતાની આ એક વખતની વફાદાર તથા હાલની બેદીલ રઇયતની ફર્યાદ સાંભળ્યો જાય છે.

અને હવે તે જોય છે કે પોતાના બેહસ્તરોશન વજીર મીનોચેહરનાં બોલવામાં કેટલું વજુદ હતું. હવે પોતાની રઇયતપર ગુજરતા જુલમ અને ગેરઇન્સાફ બાબે તેની ખાતરી થાય છે, અને હવે પોતાના અમીરોનાં કાવત્રાંનો હેવાલ સમજી તેનું લોહી ઉકળી આવે છે. હવે તે જોય છે કે પોતે લુચ્છાઓના ફરેબથી ભોળવાઇને કેવો ખોટે રસ્તે દોરવાયો છે, અને હવે તે ઠરાવ કરે છે કે આજથી બસ સાચા ઇન્સાફને રસ્તે ચાલી પોતાની રઇયતનાં ભલાંમાં પોતાનું ભલું સમજવું.

બેજનનો તથા લોહરાસ્પ અને બીજાઓનો અવ્વલથી આખર તલક હેવાલ સાંભળી નામવર શાહ તેઓપર ગુજરેલા સેતમ અને ગેરઇન્સાફની કેફીયત સમજી હયરત બની ગયો. તુરતજ તેના હુકમથી પહેલાંતો લોહરાસ્પના દગાબાજ પીત્રાઇઓ જામાસ્પ તથા અરદશીરને તેની સનમુખ હાજર કરવામાં આવ્યા. નામવર શાહે તે બંનેની મીલક્ત જપત કરી લોહરાસ્પને સ્વાધીન કરવાનો હુકમ કીધો, અને લોહરાસ્પને હમદમ શહેરની હાકમી પાછી સોંપી તે બંને લુચ્છાઓને દેશનીકાલની સજા ફરમાવી.

ત્યાર પછી અમીર તેહમુરસ્પ, અમીરો સામેસવાર અને હોરમજદયાર તથા બીજા જે અમીરોએ નામદાર શાહની સાંમે ફીતુર રચ્યું હતું તે બધાને શાહની રૂબરૂ ઉભા કરવામાં આવ્યા, અને શાહે તે બધાઓને ફાંસીની સજા ફરમાવી. તે બધા અમીરો શાહની બેઠક આગળ ગુથણપર પડી દયાની આજીજી કરવા લાગ્યા, ત્યારે શાહે તેઓપર મેહર કરી તેઓના જાન બખ્શયા, પણ તેઓની મીલ્કતનો અર્ધો ભાગ જપત કરવાનો હુકમ આપ્યો. એવી રીતે તે કાવત્રાંબાજ અમીરો પોતાનાં કસરેવજી કર્તુકોની વાજબી સજા પામ્યાં.

પછી નામવર શાહે અમીર તેહમતનને તથા સોદાગર નરીમાનને

પોતાની હાજરીમાં બોલાવી મંગાવ્યા, અને તે બંને જણાંઓએ પોતાનાં બચાંઓ તરફ જે ઘાતકી ચાલ ચલાવી હતી તે માટે સખત શબ્દોમાં ઠપકો આપ્યો. શાહના વચનોથી તેહમતન અને નરીમાન બંનેની ઉપર ઘણી સારી અસર થઇ. તેઓએ શાહને પગે પડી પોતાની ખરાબ ચાલને માટે માફી ચાહી, અને પછી શાહનો હુકમ થતાં ઘરડી રોદાબે અને પરીસુરત ગુલનારને ત્યાં બોલાવવામાં આવ્યાં. હવે તેહમતને ગુલનારનો હાથ લઇ અને નરીમાને બેજનનો હાથ લઇ તે બંને પ્યારાંઓના હાથ શાહની હાજરીમાં મેળવ્યા, અને એવી રીતે તેઓની શાદીની મંજુરયાત આપી.

આ બધું થઇ રહયા પછી તે બખ્તાવર બાદશાહ બેજનની તરફ નજર કરીને બોલ્યો,

"અય બહાદર જવાન, જો કે તેં મારી રઇયતને કંઇ ઓછું દુઃખ દીધું નથી, ત્રણ ત્રણ મરતબે મારા અમલદારોના પંજામાંથી છટકી કંઇ ઓછો ત્રાસ મચાવ્યો નથી, અને છેવટે મારા અમીર–ઉમરાવોને તથા મને પોતાને આ તારા ગુફામાં ડાગાથી સપડાવી કંઇ ઓછી બેઅદબી કીધી નથી, તે છતાં આ ઘડીએ મને તારી સાંમે ગુસ્સો લાગતો નથી, સબબ તારી હુસ્યારી, તારી હીમત અને તારી હીકમત જોઇને મારો બધો ગુસ્સો ઉડી જાય છે. તેટલા વાસ્તે જો તું મારી એક સરત કબુલ કરે તો હું તને કંઇબી સજા કરવાનો નથી. અગર જો આંય લુટારાનો ધંધો છોડી દે અને તારી ટોળીના માણસો સાથે મારા લશકરમાં સામેલ થાય તો હું તને મારો સેપાહસાલાર બનાવીને સરફરાજ કરૂં. બોલ, તું મારી નોકરીમાં જોડાવાને તઇયાર છે?"

ત્યારે બેજને પોતાનું સર નીચું નમાવીને જવાબ દીધો,

"અય તખ્તો તાજને દીપાવનારા અદલ–ઇનસાફી શાહ, નસીબ

સંજોગે હું શેહરમાંથી નાસી જઇ એક લુટારાના હાથમાં સપડાયો, કે જે લુટારો ઇરાની સરહદ ઉપર "ગબરૂ"ના નામે મશહુર છે, પણ હાલમાં તેની હસ્તી નિસ્તીમાં બદલાઇ ચુકી છે, તેના હાથમાં સપડાવા પછી હું પણ એક રાહઝન બન્યો અને આ રાહઝનીનો પેશો અખ્તયાર કરવાની મારી એકજ મતલબ હતી, અને તે એ કે મારી ગુલનારનો છુટકારો કરવો. તે મારી મતલબ પાર પડી છે એટલે હવે આ મારો ધંધો ચાલુ રાખવાની મને કશી જરૂર નથી. તું નામદારની ચાકરીમાં જોડાવાને હું બાખુશી તઇયાર છું, અને મારી ખાતરી છે કે મારા હાથ નીચેનો દરેક માણસબી તેમજ તઇયાર થશે.'

"તઇયાર! તઇયાર! સરોચશ્મથી તઇયાર!" સઘળા લુટારાએ' એકે અવાજે ગડગડાત કીધો, અને તે ગડગડાટના પડઘાઓથી તે ગુફાની દીવાલો ગાજી રહી.

હવે ત્યાં ખુશાલીનો શોર ને શરાબનો દોર મચી રહયો, અને તે ગુફામાં એક આખો દહાડો ખુશી ખુરમી ને રંગ રાગમાં પસાર કીધા પછી ઇરાનનો શાહ પોતાનાં સઘળાં માણસો, અમીર–ઉમરાવો વીગેરેને, લઇને પોતાના નવા સિપેહસાલર બેજન અને તેની હાથ નીચેના શુરા સીપાઇઓનાં સરઘસ સાથે, વાજતે ગાજતે શહેરમાં દાખલ થયો.

સેવટ.

વાંચનાર, હવે થોડુંજ કહેવાનું બાકી રહેલું છે. ઉપલી વાતને એક વરસ વીટી ગયું. સોદાગર નરીમાન મરણ પામ્યો અને મરતી વખતે પોતાના બેટા બેજનની માફી માંગતો ગયો. તેજ મુજબ અમીર તેહમતન પણ આ ફાની જહાનથી વાસો ઉઠાવી ચાલતો થયો.

આજે પાયતખ્તમાં રંગ–રાંગ ને ખુશી ખુરમી મચી રહી છે. એક

વખતનો લુટારો પણ હાલનો સિપાહ સાલાર બેજન આજે અમીર તેહમતની દુખતર ગુલનાર સાથે શાદીના ગાંઠથી જોડાઇ એક થનાર છે; તેમજ પરીન—ખુબસુરત, ભલી, નરમ હઇયાંની પરીન—કોટવાલ રૂસ્તમબીન-શાપુરની આંય નેક બેટીનાં આજે બેજનના વફાદાર સાથી રૂસ્તમ ફયલસુફ ઉર્ફે શાહે ઇરાન! સાથે લગન થવાનાં છે.

નામવર શાહની દરબારમાં પોતાની હુસ્યારી અને અકકલમંદીથી થોડાવારમાં ખજાનચીનો ઉંચો ઓહદો મેળવી ચુકેલો આંય આપણો માનીતો શાહ (!) પરીનનાં જીગરપર અસર કરી તેણીનાં હઇયાંનો જખમ કંઇક રૂજવવા પામ્યો છે.

અને એ રીતે આંય બે નવા ઉમરાવોની શાદી આબાદી ખુદ નામવર શાહના મહેલમાં આજે થનાર છે, જેની ખુશાલીમાં આખું શહેર હલીમલી રહયું છે.

અલબતાં પરીનની દાસી મહેરને ભુલવામાં આવી નથી. તેણીને પોતાની વફાદારીનું સારૂં ઇનામ મળ્યું છે. તેમજ ઘરડી રોદાબે—ગુલનારની માય—પોતાની જીંદગીની સાંજે પોતાની બેટીનું સુખ જોઇને પોતાની જીંદગીની આગળી જંજાલો અને જેહમતો ભુલી જઇ સુખી થઇ છે.

બેજનની ટોળીના સઘળા લુટારાઓ આજે નામવર શાહની નોકરીમાં ગોઠવાઇ ગયા છે; અને એ રીતે જુલ્મીઓના જુલ્માતથી કંટાળી રાહઝનીનો પેશો અખ્તયાર કરનારાઓ પોતાના બાદશાહની નોકરીમાં કમર કસીને તેની ખીદમતમાં ઓસ્તવાર ખડા થઇ ગયા છે.

એમજ છે. બદકારોના ગમે તેટલા સંભાલ ભર્યાં પ્રપંચોનું સાંચાકામ નેકીના એકજ ફટકાથી નાશ પામી સેવટે બદીની હાર અને નેકીની જીત થયા લગર રહેતી નથી.

સમાપ્ત.